અગ્નિ પ્રગટાવવા માટે પથ્થરમાંથી દીવાસળીનો વિકાસ થયો અને આ વિકાસમાંથી માનવોએ મેળવેલો સંતોષ–તેને સભ્યતા કહેવામાં આવે છે. માનવીએ પોતાની સ્થિતિ સુધારવા માટેના પ્રયાસમાં કલાકૌશલ્ય (ટેક્નિક) અને ભૌતિક સાધનો જેવી ઉપયોગી વસ્તુઓના કરેલા વિકાસનો 'સભ્યતા'માં સમાવેશ થાય છે.

### સભ્યતાનું કાર્યક્ષેત્ર

સભ્યતાના કાર્યક્ષેત્રનું બે વિભાગોમાં વિભાજન કરી શકાય : (1) યાંત્રિક સંગઠન (2) સામાજિક સંગઠન.

યાંત્રિક સંગઠનમાં ભૌતિક તથા ટેક્નિકલ સાધનોનો સમાવેશ કરવામાં આવે છે. દા.ત., વાહનવ્યવહારનાં સાધનો, ટેલિવિઝન, ગાડી, પંખો, રસ્તા, રેલવે વગેરેનો સમાવેશ થાય છે.

જ્યારે સામાજિક સંગઠન માણસનાં વર્તન, વ્યવહાર અને પ્રગતિનું નિયમન કરે છે. જેમાં જુદાં-જુદાં કુટુંબો, સમૂહો, વર્ગ-વ્યવસ્થા, જ્ઞાતિ, સામાજિક આંદોલનો વગેરે જેવી સામાજિક, આર્થિક સંસ્થાઓનો સમાવેશ થાય છે.

### સામાજિકીકરણ (Socialization)

સમાજની રચના કરવા માટે માનવસંબંધો અતિ આવશ્યક છે. આ સંબંધો માનવીના બાળપણથી શરૂ થાય છે અને માનવીના જીવનના અંત સુધી ચાલુ રહે છે. આ સંબંધોની વિકસતી પ્રક્રિયાને સામાજિકીકરણ કહેવામાં આવે છે. બીજા અર્થમાં વ્યક્તિની શીખવાની પ્રક્રિયાને સામાજિકીકરણની પ્રક્રિયા તરીકે ઓળખવામાં આવે છે.

### સામાજિકીકરણનો અર્થ

સામાજિકીકરણ એક પ્રક્રિયા છે. આ પ્રક્રિયા વ્યક્તિના સમગ્ર જીવનકાળ સુધી સતત ચાલતી રહે છે. સરળ શબ્દમાં કહીએ તો 'જૈવિક વ્યક્તિને સામાજિક વ્યક્તિ બનાવતી પ્રક્રિયાને 'સામાજિકીકરણ' તરીકે ઓળખવામાં આવે છે.' સામાજિકીકરણના પરિણામે વ્યક્તિ સમાજના એક સભ્ય તરીકે સામાજિક અપેક્ષાઓ મુજબ જીવન જીવતાં શીખે છે. સામાજિકીકરણ બાળકને સમાજનાં ધોરણો, મૂલ્યો, લાગણીઓ, ભૂમિકાઓ અને વર્તન પદ્ધતિ શીખવતી એક પ્રક્રિયા છે. સામાજિકીકરણ થતાં બાળક પોતાના સમાજના સાંસ્કૃતિક માળખામાં ગોઠવાય છે. સામાજિક અપેક્ષાઓ પૂર્ણ કરવા તે સમર્થ બને છે. આમ, સામાજિકીકરણ બાળકના સામાજિક અને સાંસ્કૃતિક જીવનનું ઘડતર કરતી પ્રક્રિયા છે.

સામાજિકીકરણ એક એવી આંતરક્રિયાની પ્રક્રિયા છે, જેના દ્વારા વ્યક્તિ ટેવો, કૌશલ્યો, માન્યતાઓ તથા વિવેકબુદ્ધિ શીખે છે, જે સામાજિક સમૂહો તથા સંપ્રદાયોમાં અસરકારક ભાગ લેવા માટે આવશ્યક ગણવામાં આવે છે. સામાજિકીકરણ વિના સમાજ તેની મેળે ચાલુ રહી શકે નહિ અથવા સંસ્કૃતિ અસ્તિત્વ ધરાવી શકે નહિ.

### સામાજિકીકરણની વ્યાખ્યા

સમાજશાસ્ત્રીઓએ સામાજિકીકરણની નીચે પ્રમાણે વ્યાખ્યાઓ આપી છે :

કિંગ્સ્લે ડેવિસ 'નવા જન્મેલા બાળકનું સામાજિક વ્યક્તિ તરીકે ઘડતર કરવાની પ્રક્રિયાને સામાજિકીકરણ કહેવાય.'

હોર્ટન અને હન્ટ 'સામાજિકીકરણ એક એવી આંતરક્રિયાની પ્રક્રિયા છે, જેના દ્વારા વ્યક્તિ પોતાના સમૂહનાં ધોરણો પોતાના જીવનમાં ઉતારે છે, જેનાં પરિણામે એક વિશિષ્ટ 'સ્વ' જન્મે છે.'

### સામાજિકીકરણના વાહકો (એજન્સીઓ)

વ્યક્તિના જીવનમાં બાળપણથી શરૂ કરી તેના અંત સુધી અનેક એજન્સીઓ તેનું સામાજિકીકરણ કરે છે. તેમાં કુટુંબ, મિત્રજૂથ અને શાળા મુખ્ય ભાગ ભજવે છે. આપણે આ એજન્સીઓની ભૂમિકાને સમજીએ.

**(1) કુટુંબ :** વિશ્વની તમામ સંસ્કૃતિઓમાં કુટુંબ એ સામાજિકીકરણનું પાયાનું અને અગત્યનું માધ્યમ છે. બાળક સૌપ્રથમ કુટુંબના જ સંપર્કમાં આવે છે. માતા-પિતા અને ભાઈ-બહેનના સંબંધો દ્વારા બાળક એક જૈવિક વ્યક્તિમાંથી સામાજિક વ્યક્તિ બને છે. મોટા ભાગની સંસ્કૃતિઓમાં કુટુંબમાં માતાની ભૂમિકા સામાજિકીકરણની પ્રક્રિયામાં મહત્ત્વનો

ભાગ ભજવે છે. માતા-પિતા; માતા કે પિતા (Single Parent)નો પ્રેમ, વાત્સલ્ય, હૂંફ વગેરે બાળકના મનમાં સામાજિક તથા માનસિક સલામતીની ભાવના ઉત્પન્ન કરે છે, જે વ્યક્તિત્વના વિકાસમાં અગત્યની છે. કુટુંબ બાળકને તેનાં વર્તન માટે માર્ગદર્શન, દોરવણી તેમજ નિશ્ચિત અને સ્પષ્ટ ધોરણો પૂરાં પાડે છે અને તે ધોરણોનો સમજાવટ કે દબાણથી અમલ કરાવે છે. બાળકને પોતાનાં ભાઈ-બહેનો સાથેના સમાનતાના સંબંધો કુટુંબમાંથી જ મળી રહે છે.


કુટુંબ

કુટુંબ બાળકને સમાજના પાયાનાં મૂલ્યો, ધોરણો અને વર્તન-વ્યવહારની રીતો શીખવે છે. કુટુંબ તેને સમાજના લોકાચાર, પરંપરા, રૂઢિ, રિવાજ વગેરેનું જ્ઞાન આપે છે. આમ, કુટુંબ બાળકને સાંસ્કૃતિક વારસાની સૌથી આવશ્યક અને મહત્ત્વની બધી જ બાબતો સામાજિકીકરણ દ્વારા શીખવે છે.

આધુનિક સમયમાં ઘરની બહાર કામ કરવા જતી માતા ઉપર બાળકનાં સર્વાંગી વિકાસની અનેકવિધ જવાબદારીઓ વધી જાય છે. કુટુંબની સંસ્કૃતિ અને આર્થિક સ્થિતિ સામાજિકીકરણની પ્રક્રિયામાં અસર કરે છે. દા.ત., રૂઢિચુસ્ત કુટુંબમાં ઉછરેલાં બાળકો તથા ઉદારમતવાદી કુટુંબમાં ઉછરેલાં બાળકોમાં તફાવત જોવા મળે છે.

**(2) મિત્રજૂથ :** બાળકના સામાજિકીકરણ માટે કુટુંબ ઉપરાંત બીજી એજન્સી તેનું મિત્રજૂથ છે. કુટુંબની બહાર પોતાના સમોવડિયા મિત્રો સાથે બાળક આંતરક્રિયામાં જોડાય છે. આવું મિત્રજૂથ પણ બાળકનું સામાજિકીકરણ કરે છે. આ મિત્રજૂથ નિકટવર્તી હોઈ બાળકના તેના મિત્રો સાથેના સંબંધો ગાઢ, વૈયક્તિક અને સહાનુભૂતિભર્યા હોય છે. તેમાંથી બાળક વાતચીત, શિસ્ત, વર્તન, નિયમો, ધોરણો વગેરે શીખે છે. આવું મિત્રજૂથ પડોશમાં પણ હોય છે અને શાળામાં પણ હોય છે. બાળકના તેના મિત્રો સાથેના સંબંધમાં 'લોકશાહી' અને 'સમાનતા'ભર્યા વાતાવરણનું મહત્ત્વ છે. આ સંબંધો સત્તા અને તાબેદારીના નથી; પરંતુ સમાનતાભર્યા હોય છે. ખેલકૂદ અને રમતો દરમિયાન કૌશલ્ય અને તેના નિયમોના પાલન દ્વારા વ્યાપક સમાજમાં કાયદા અને ધોરણોનું પાલન કેવી રીતે કરવું તેનો પણ બાળકને ખ્યાલ આવે છે. મિત્રજૂથના સભ્ય થવાથી બાળકોમાં પરસ્પર સહકારની ભાવના જન્મે છે. તેઓમાં એકબીજા માટે જતું કરવાની ખેલદિલી પણ વિકસે છે.


મિત્રજૂથ

બાળકનું મિત્રજૂથ જો સમાજનાં ધોરણો કે નિયમોનું પાલન કરતું હોય તો તે બાળકના સામાજિકીકરણમાં અસરકારક સાધન બને છે. બાળકોની એકબીજા ઉપર ઘણી અસર થતી હોય છે. મિત્રજૂથની સારી ટેવો, વિચારો, જાણકારી, આવડત, સારું વર્તન વગેરે શીખે છે. 'સોબત એવી અસર' સામાજિકીકરણને સચોટ રીતે વ્યક્ત કરે છે.

**(3) શાળા :** શાળા એ ઔપચારિક વ્યવસ્થા છે. તેમાં ચોક્કસ પાઠ્યક્રમ હોય છે. તેના સંદર્ભમાં વિદ્યાર્થીનું સામાજિકીકરણ થાય છે. શાળા બાળકને કેટલાક પાયાનાં કૌશલ્યો અને વિવિધ વિષયોનું પાયાનું જ્ઞાન આપે છે. શાળા સમાજની અર્થવ્યવસ્થા, રાજ્યવ્યવસ્થા, સમાજવ્યવસ્થા તેમજ અગત્યની સામાજિક સમસ્યાઓનો બાળકને પરિચય કરાવે છે.




શાળા

શાળાઓ ધંધાદારી તાલીમ આપી બાળકને વ્યવસાયી ભૂમિકાઓ અને સામાજિક ગતિશીલતા માટે તૈયાર કરે છે.

શાળા પાઠ્યેતર પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને જુદા-જુદા આચાર-વિચાર અને મૂલ્યોવાળી વ્યક્તિઓની મુલાકાત કરાવી વિવિધ અનુભવ આપે છે. શાળા બાળકમાં સિદ્ધિ-પ્રેરણા જાગ્રત કરે છે, જે આધુનિક સમાજના વિકાસ માટે ઘણી જરૂરી છે. આમ, એક ઔપચારિક માધ્યમ તરીકે શાળા નવી પેઢીના સામાજિકીકરણમાં અગત્યનો ભાગ ભજવે છે.

અધવચ્ચે શાળા છોડી દેનારાં બાળકો શાળા દ્વારા થતાં સામાજિકીકરણના લાભથી વંચિત રહે છે.

**(4) સમૂહ માધ્યમો (માસ-મીડિયા) :** 18મી સદીના અંતથી શરૂ કરી આજ સુધી વિશ્વમાં અખબારો, સામાયિકો જેવાં મુદ્રિત માધ્યમોનો અવિરત વિકાસ થતો રહ્યો છે. વર્તમાન સમયમાં ટેલિવિઝન, ઇન્ટરનેટ, મોબાઇલ ફોન જેવાં સાધનોએ માહિતી અને મનોરંજન પ્રાપ્ત કરવાની ત્વરિત અને અસરકારક સુવિધા ઉપલબ્ધ કરી આપી છે. અખબાર, ફિલ્મો, રેડિયો, ટેલિવિઝન, ઇન્ટરનેટ, મોબાઇલ ફોન જેવાં સમૂહ માધ્યમોને અંગ્રેજીમાં 'માસ-મીડિયા' તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતીમાં આપણે તેને 'પ્રત્યાયન'નાં માધ્યમો તરીકે પણ જાણીએ છીએ. આપણા સૌના સામાજિકીકરણ માટે માસ-મીડિયાની અસરકારક ભૂમિકા રહી છે. વિવિધ પ્રકારની માહિતી પીરસીને આ માધ્યમો અબાલવૃદ્ધ સૌનાં જ્ઞાનમાં વધારો કરે છે અને સાથે-સાથે આપણાં મંતવ્યો, માન્યતાઓ, વિચારો, આદર્શો વગેરે લોકો સમક્ષ રજૂ કરીને તેમનું સામાજિકીકરણ કરી શકે છે. મુદ્રિત માધ્યમો સાક્ષર વ્યક્તિઓને અસર કરે છે. જ્યારે દૃશ્ય-શ્રાવ્ય માધ્યમો સાક્ષર, નિરક્ષર અને દૂર-દૂર નિવાસ કરતાં લોકોને પણ અસર કરી શકે છે.




સમૂહ માધ્યમો

ટેલિવિઝનના કાર્યક્રમો મનોરંજન સાથે જ્ઞાન પણ આપે છે. ટેલિવિઝન દ્વારા રજૂ થયેલાં માહિતી, પ્રસંગો, વર્તન, વ્યવહારો વગેરે ઘણા લાંબા સમય સુધી યાદ રહે છે. બાળકો ટેલિવિઝનના કાર્યક્રમોથી વિશેષ પ્રભાવિત થાય છે. ટેલિવિઝન દ્વારા પ્રસારિત થતી જાહેરાતો વ્યક્તિઓને આધુનિક યુગમાં જુદી-જુદી વસ્તુઓ અને સેવાઓના ગ્રાહક બનાવે છે. વર્તમાન સમયમાં ઇન્ટરનેટ અને સોશિયલ મીડિયા પણ સામાજિકીકરણમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

માધ્યમો આપણને સમાજમાં રહેતા જુદા-જુદા સમૂહો, સંસ્કૃતિઓ, સમસ્યાઓ, પ્રક્રિયાઓ વગેરે અંગે માહિતી અને સમજ પૂરા પાડે છે. તે દ્વારા વ્યક્તિઓનું સામાજિકીકરણ થાય છે.

**(5) સામાજિકીકરણના અન્ય વાહકો :** કુટુંબ, મિત્રજૂથ, શાળા, સંચાર માધ્યમો જેવાં સામાજિકીકરણના મહત્ત્વના વાહકો ઉપરાંત કેટલાક અન્ય વાહકોથી આપણે પરિચિત થઈએ.

વ્યક્તિનું કાર્યસ્થળ સામાજિકીકરણ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. વ્યવસાય કે નોકરી માટે વ્યક્તિએ જુદાં-જુદાં સ્થળોએ જવાનું હોય છે. કારખાનું, ઑફિસ, બજાર વગેરે સ્થળો પણ સામાજિકીકરણની પ્રક્રિયામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આધુનિક ઔદ્યોગિક સમાજમાં શિક્ષણ અને વિજ્ઞાનના વિકાસને કારણે ખાસ કરીને શહેરોમાં પુરુષ અને સ્ત્રીઓમાં સામાજિકીકરણ ઝડપથી થાય છે.

માનવી સામાજિક પ્રાણી છે એ હકીકતને સમજવા માટે આ પ્રકરણમાં આપણે 'સંસ્કૃતિ અને સામાજિકીકરણ'ને સમજવાનો પ્રયત્ન કર્યો. જૈવિક વ્યક્તિનું સામાજિક વ્યક્તિ તરીકે રૂપાંતર કરતી સામાજિકીકરણની પ્રક્રિયા અને તેની મુખ્ય એજન્સીઓ જેવી કે કુટુંબ, પડોશજૂથ, શાળા, મિત્રજૂથ, સંચાર માધ્યમો વગેરેની માહિતી મેળવી. માનવીના સર્વાંગી સામાજિકીકરણમાં સમાજની વિવિધ સંસ્થાઓની ભૂમિકા અગ્રગણ્ય રહી છે. આ બધી સામાજિક સંસ્થાઓની માહિતી હવે પછીના એકમમાં મેળવીશું.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો :**

(1) સંસ્કૃતિની વ્યાખ્યા આપી, તેના પ્રકારો ઉદાહરણ સહિત સમજાવો.

(2) સામાજિકીકરણ એટલે શું ? સામાજિકીકરણની એજન્સી તરીકે 'કુટુંબ' અને 'મિત્રજૂથ'ની ભૂમિકા સમજાવો.

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો :**

(1) સભ્યતાનો અર્થ સ્પષ્ટ કરી, તેનું કાર્યક્ષેત્ર સમજાવો.

(2) સામાજિકીકરણના મહત્ત્વના વાહક (એજન્સી) તરીકે 'સમૂહ માધ્યમો'ની સમજૂતી આપો.

(3) સામાજિકીકરણના મહત્ત્વના વાહક (એજન્સી) તરીકે 'શાળા'ની સમજૂતી આપો.

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો :**

(1) સભ્યતાની વ્યાખ્યા આપો.

(2) ભૌતિક સંસ્કૃતિ એટલે શું ? તેમાં કઈ-કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

(3) પ્રત્યાયનનાં માધ્યમો જણાવો.

(4) સંસ્કૃતિનાં લક્ષણો જણાવો.

**4. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) સંસ્કૃતિ એટલે શું ?

(2) માનવશાસ્ત્રી મેલિનોવસ્કિએ સંસ્કૃતિની કઈ વ્યાખ્યા આપી છે ?

(3) ટાઇલરે આપેલી સંસ્કૃતિની વ્યાખ્યા જણાવો.

(4) સભ્યતા એટલે શું ?

(5) સામાજિકીકરણ કોને કહેવામાં આવે છે ?

(6) કિંગસ્લે ડેવિસે આપેલી સામાજિકીકરણની વ્યાખ્યા જણાવો.

(7) બાળકો અને મિત્રો વચ્ચેના સંબંધમાં કેવા વાતાવરણનું મહત્ત્વ છે ?

**5. નીચેના પ્રત્યેક પ્રશ્નમાં આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર આપો :**

(1) સમાજમાં ધોરણો અને મૂલ્યો મળીને શાની રચના થાય છે ?

(અ) કુટુંબ (બ) રાજ્ય (ક) વ્યક્તિ (ડ) સંસ્કૃતિ

(2) ભૌતિક સંસ્કૃતિમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

(અ) મકાનો (બ) ધર્મ (ક) સાહિત્ય (ડ) કલા

(3) અભૌતિક સંસ્કૃતિમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

(અ) ખોરાક (બ) ભાષા

(ક) વસ્ત્રો (ડ) વાહનવ્યવહારનાં સાધનો

(4) વિશ્વની તમામ સંસ્કૃતિઓમાં સામાજિકીકરણનું પાયાનું કામ કોણ કરે છે ?

(અ) કુટુંબ (બ) રાજ્ય (ક) વ્યક્તિ (ડ) સંસ્કૃતિ

(5) પ્રત્યાયનના માધ્યમ તરીકે કોને ઓળખવામાં આવે છે ?

(અ) ટેલિવિઝન (બ) કુટુંબ (ક) શાળા (ડ) મિત્રજૂથ

(6) માનવસંબંધોની વિકસતી પ્રક્રિયાને શું કહેવામાં આવે છે ?

(અ) સામાજિકીકરણ (બ) વાતાવરણ (ક) મૂલ્યો (ડ) સમાજ

**પ્રવૃત્તિ**

- શાળા બાળકનું સામાજિકીકરણ કેવી રીતે કરે છે તે સંદર્ભમાં વિદ્યાર્થીઓના વિચારો જાણવા ચર્ચાસભાનું આયોજન કરો.
- આધુનિક સમયમાં બાળક ઉપર ‘સંચાર માધ્યમની અસર’ નિબંધ-સ્પર્ધાનું આયોજન કરો.
- તમારા વિસ્તારમાં રહેતા લોકોમાં જોવા મળતી ભિન્ન-ભિન્ન સંસ્કૃતિઓની લાક્ષણિકતાઓની યાદી તૈયાર કરો તથા શક્ય હોય તો એ અંગેના ફોટોગ્રાફ્સ પણ એકત્રિત કરી તેનું નાનું પ્રદર્શન યોજો.

●

# 6 ભારતની મૂળભૂત સામાજિક સંસ્થાઓ

**પ્રસ્તાવના**

વિદ્યાર્થીમિત્રો, અગાઉના પ્રકરણમાં આપણે સમાજ, સમુદાય, મંડળ, જ્ઞાતિ, વર્ગ વગેરે વિશે અભ્યાસ કર્યો. આ પ્રકરણમાં આપણે સામાજિક સંસ્થા વિશે માહિતી મેળવીશું. સમાજમાં લગ્ન, કુટુંબ, જ્ઞાતિ જેવી વિવિધ સામાજિક સંસ્થાઓ છે. સમાજશાસ્ત્ર સામાજિક સંસ્થાઓનો અભ્યાસ કરે છે. કોઈ પણ વ્યક્તિનું જીવન અનિયંત્રિત રીતે નહિ પણ સંસ્થાકીય માળખામાં રહીને જિવાય છે. વ્યક્તિ સમાજના સભ્ય તરીકે જે કંઈ પ્રવૃત્તિ કરે છે, તે વિવિધ સંસ્થાઓ દ્વારા જ શક્ય બને છે. લગ્ન, કુટુંબ, જ્ઞાતિ જેવી સંસ્થાઓ માનવીને પ્રવૃત્તિ કરવાની રીત પૂરી પાડે છે. માનવીનું સામાજિકીકરણ પણ સંસ્થાઓ દ્વારા જ થાય છે. સામાજિક સંસ્થાઓ સમાજરચનાનો પાયો છે અને વ્યક્તિ અને સમાજની અનેકવિધ જરૂરિયાત સંતોષવાના પ્રયત્નમાંથી સંસ્થાઓનો ઉદ્ભવ થાય છે, તેથી તેનું સાતત્ય ટકી રહ્યું છે. જોકે સમય અનુસાર તેની રચના, કાર્ય અને સ્વરૂપમાં પરિવર્તન આવતું રહે છે.

**સામાજિક સંસ્થા (Social Institution)**

**સામાજિક સંસ્થાની વ્યાખ્યા :** સામાજિક સંસ્થા એક પ્રસ્થાપિત કાર્યપ્રણાલી છે, જે સમાજમાં લોકોની પરસ્પરની ભૂમિકાઓ અને વર્તન કરવાની રીત નક્કી કરી આપે છે. આવી વર્તન-રીતો લોકોની જરૂરિયાત સંતોષવામાં મદદરૂપ બને છે. તેથી જ મેકાઈવર અને પેજ સામાજિક સંસ્થાને - 'સમૂહ પ્રવૃત્તિની પ્રસ્થાપિત કાર્યપ્રણાલી' તરીકે ઓળખાવે છે. એ જ રીતે જહૉનસન સંસ્થાને 'અમુક વિશિષ્ટ પ્રકારના સામાજિક સંબંધોને લાગુ પડતી ધોરણાત્મક ઢબ' તરીકે ઓળખાવે છે.

આમ ઉપર્યુક્ત વ્યાખ્યાઓના આધારે કહી શકાય કે, સંસ્થા ચોક્કસ કાર્યપ્રણાલી છે અને તે કાર્યપ્રણાલીઓ લોકરીતિ, લોકનીતિ, સામાજિક ધોરણો દ્વારા પ્રસ્થાપિત થયેલ હોય છે. તેથી જ સર્વસ્વીકૃત હોય છે અને તેના દ્વારા લોકોની જરૂરિયાતનો સંતોષ શક્ય બને છે.

**સામાજિક સંસ્થાનાં લક્ષણો :** પ્રત્યેક સંસ્થાને તેની ખાસ વિશિષ્ટતાઓ છે. તેમ છતાં બધી જ સામાજિક સંસ્થાઓ અમુક સર્વસામાન્ય લાક્ષણિકતાઓ ધરાવે છે :

**(1) વલણ અને વર્તનની ઢબ :** સંસ્થા વ્યક્તિઓનાં વલણો અને વર્તનની ઢબ વ્યક્ત કરે છે. દા.ત., કુટુંબમાં પરસ્પર પ્રેમ, વફાદારી, માનની લાગણી અને જવાબદારીનું વલણ વ્યક્ત થાય છે. આ વલણ અનુસાર કુટુંબના સભ્યોનાં પારસ્પરિક વર્તનની ઢબ રચાય છે.

**(2) સાંસ્કૃતિક પ્રતીકો :** સંસ્થાને અમુક વિશિષ્ટ સાંસ્કૃતિક પ્રતીકો હોય છે, જે સંસ્થાની ઓળખ પૂરી પાડે છે. દા.ત., રાષ્ટ્રગીત અને રાષ્ટ્રધ્વજ એ રાજકીય સંસ્થાનું પ્રતીક છે.

**(3) સાધન-સગવડ :** સંસ્થા તેનાં કાર્યો કરવા માટે ખાસ સાધન-સગવડો ધરાવે છે. જેને સંસ્થાના ઉપયોગના પાયા પર રચાયેલ સાંસ્કૃતિક લક્ષણ તરીકે ઓળખાવી શકાય. દા.ત., કુટુંબ માટે ઘર, ધર્મ માટેનું મંદિર વગેરે.

**(4) વર્તનનાં ધોરણો :** સંસ્થા લોકરીતિઓ, લોકનીતિઓ અને કાયદાનો સંકુલ છે. વિશિષ્ટ પ્રકારના સામાજિક સંબંધોને લાગુ પડતાં વર્તન અને ભૂમિકાને માર્ગદર્શન આપતાં ધોરણોની વ્યવસ્થા છે. દા.ત., કુટુંબમાં પતિ-પત્ની અને સંતાનોના પારસ્પરિક સંબંધો અને ભૂમિકા નક્કી કરતાં ધોરણો જોવા મળે છે.

**(5) વિચારસરણી :** વિચારસરણી એ વિચારો, માન્યતાઓ અને ધોરણોનો સમૂહ છે. ધોરણો વ્યક્તિએ કઈ રીતે વર્તવું અને કઈ રીતે ન વર્તવું તે દર્શાવે છે. વિચારસરણી ધોરણોને પીઠબળ પૂરું પાડે છે. વિચારસરણી સંસ્થાની મૂળભૂત માન્યતાઓ અને વિચારો વ્યક્ત કરે છે. દા.ત., એકેશ્વરવાદ, અનેકેશ્વરવાદ એ ધર્મની વિચારસરણી છે.

## કુટુંબ સંસ્થા (Family Institution)

**કુટુંબનો અર્થ :** કુટુંબ એ સાર્વત્રિક સામાજિક સંસ્થા છે. જોકે અલગ અલગ સમયે અને અલગ અલગ સમાજોમાં કુટુંબનું સ્વરૂપ, રચના, કાર્યમાં તફાવત હોય છે. મેકાઈવરના મતે 'કુટુંબ એ સ્પષ્ટ અને લાંબા ગાળા સુધી ટકી રહે તેવા જાતીય સંબંધો ઉપર રચાયેલું જૂથ છે અને તેના દ્વારા જ બાળકોનું પ્રજનન અને ઉછેર શક્ય બને છે. કુટુંબની મુખ્ય બાબત એ છે કે આ જૂથ લગ્ન, લોહી અથવા દત્તકના સંબંધો દ્વારા અસ્તિત્વમાં આવે છે.' ઓગબર્નનના મતે 'કુટુંબ એ બાળકોવાળા કે બાળકો વગરનાં પતિ-પત્નીનું બનેલું અમુક અંશે લાંબા ગાળાનું જૂથ છે.' કિંગ્સલે ડેવિસ જણાવે છે કે 'કુટુંબ એક એવું સામાજિક જૂથ છે કે જેના સભ્યો પ્રજનન-પ્રક્રિયા દ્વારા એકબીજા સાથે જોડાયેલા છે.' આ પ્રકારના સંબંધોથી જોડાયેલા સભ્યોના અધિકારો અને ફરજો સમુદાયનાં સામાજિક ધોરણો દ્વારા નિશ્ચિત થયેલા હોય છે.

### કુટુંબનાં લક્ષણો

**(1) સ્ત્રી-પુરુષ વચ્ચેના જાતીય સંબંધો :** સ્ત્રી-પુરુષની જાતીય ઇચ્છાની પરિપૂર્તિ, વંશવૃદ્ધિ અને સહજીવનથી થતી સંતતિની સંભાળ અને ઉછેર એમ ત્રિવિધ હેતુ માટે કુટુંબ ઉદ્ભવ્યું છે.

**(2) લગ્નપ્રથા :** સ્ત્રી-પુરુષ વચ્ચેના જાતીય સંબંધોને સમાજ-સ્વીકૃત બનવા માટે લગ્નપ્રથા અનિવાર્ય માનવામાં આવે છે. તેથી લગ્નપ્રથા એ કુટુંબરચનાનું પ્રથમ સોપાન છે. અલગ-અલગ સમયે અને અલગ-અલગ સમાજોમાં, સાંસ્કૃતિક મૂલ્યો અનુસાર લગ્નનું સ્વરૂપ અલગ-અલગ હોઈ શકે છે; પરંતુ કુટુંબની જેમ લગ્નપ્રથા સાર્વત્રિક રીતે અસ્તિત્વ ધરાવે છે.

**(3) સહનિવાસ :** લગ્ન પછી પતિ-પત્ની એક જ ઘરમાં સાથે રહે છે. તેથી કુટુંબ એક સ્થળે સહવાસ કરતું જૂથ છે. મોટાભાગે પિતૃસ્થાની કુટુંબવ્યવસ્થા વધારે પ્રચલિત છે. જ્યાં પત્ની લગ્ન પછી પતિનાં ઘરે રહેવા જાય છે.


**(4) વંશાવલી :** દરેક કુટુંબને તેની વંશાવલીની યોજના હોય છે. જેનાથી કુટુંબના પૂર્વજો અને વંશજો વચ્ચેનો સંબંધ સમજી શકાય છે. જે સમાજમાં કુટુંબ માતૃસત્તાક છે, ત્યાં સંતાનોનાં વંશની ગણતરી માતાનાં નામથી થાય છે. પિતૃસત્તાક વ્યવસ્થાવાળી કુટુંબરચનામાં વંશની ગણતરી પિતાનાં નામથી થાય છે. સંતાનોને પિતાનાં નામથી ઓળખવામાં આવે છે. વર્તમાન સમયમાં માતા અને પિતા બંનેનાં નામ સંતાનનાં નામ પાછળ લગાડી શકાય છે.

**(5) આર્થિક સહભાગીપણું :** અર્થવ્યવસ્થામાં સહભાગીપણું એ કુટુંબની મહત્ત્વની બાબત છે. કુટુંબના સભ્યોની જરૂરિયાત સંતોષવા કુટુંબ કોઈ ને કોઈ પ્રકારની વ્યવસ્થા ગોઠવે છે. ખાસ કરીને પ્રજનન અને બાળઉછેરને લગતી આર્થિક જરૂરિયાતો સંતોષવાની જવાબદારી કુટુંબ ઉઠાવે છે. જો કુટુંબ આ જવાબદારી ન ઉઠાવે તો નવા જન્મતાં બાળકોનાં ભરણ-પોષણનો પ્રશ્ન વિકટ બને અને તેનો ઉછેર અશક્ય બની જાય. સભ્યોનાં જીવનને ટકાવી રાખવા સાથે સંકળાયેલી કેટલીક પાયાની આર્થિક જવાબદારી સંભાળવા દરેક કુટુંબ અમુક પ્રકારની આર્થિક પ્રવૃત્તિઓ કરે છે.

### કુટુંબના પ્રકારો

કુટુંબના વિવિધ પ્રકારો વંશ, સત્તા, સ્થાન તેમજ સહનિવાસના આધારે નીચે મુજબ દર્શાવી શકાય :

**કુટુંબના પ્રકારો**



**(1) માતૃવંશી કુટુંબ :** આ પ્રકારના કુટુંબમાં વંશગણના માતા તરફથી મળે છે. સંતાનનાં નામ પાછળ માતાનું નામ જોડાય છે. મિલકત અને સત્તાનો વારસો માતા તરફથી માત્ર સ્ત્રી-સંતાનને મળે છે. ધાર્મિક વિધિ-વિધાનો પણ સ્ત્રીઓ દ્વારા જ થાય છે.

**(2) પિતૃવંશી કુટુંબ :** આ પ્રકારનાં કુટુંબમાં વંશગણના પિતાના નામથી થાય છે. સંતાનોનાં નામ પાછળ પિતાનું નામ આપવામાં આવે છે. મિલકત તથા સત્તા પુરુષ બાળકને પિતા તરફથી મળે છે. ધાર્મિક વિધિ-વિધાનો પુરુષ સંતાન દ્વારા જ થાય છે.

**(3) માતૃસત્તાક કુટુંબ :** જે કુટુંબમાં માતાની સત્તા સર્વોપરી હોય છે અથવા તો માતાને જ કુટુંબનું મૂળ ગણવામાં આવે છે, તે માતૃસત્તાક કુટુંબ તરીકે ઓળખાય છે. જેમાં સ્ત્રીઓ સામાન્ય રીતે ઉચ્ચ સ્થાને હોય છે. સમાજજીવનનાં આર્થિક, ધાર્મિક, રાજકીય અને સામાજિક ક્ષેત્રે સ્ત્રીઓનું પ્રભુત્વ હોય છે. માતૃસત્તાક કુટુંબ મહદંશે માતૃવંશી અને માતૃસ્થાની હોય છે. આવા કુટુંબમાં સંતાનોની વંશગણના માતાનાં નામે થાય છે અને વારસો પણ સ્ત્રી-સંતાનને મળે છે. લગ્ન પછી યુવતી પોતાની માતાનાં ઘરે રહે છે. પતિને પત્નીનાં ઘરે રહેવા આવવું પડે છે. ભારતના આદિમજાતિ સમાજમાં ખાસી અને ગારો એ બંને આસામની માતૃસત્તાક કુટુંબવ્યવસ્થા ધરાવતી આદિમ જાતિઓ છે. તે જ રીતે દક્ષિણ ભારતમાં વસતા નાયરો પણ માતૃસત્તાક કુટુંબવ્યવસ્થા ધરાવે છે.

**(4) પિતૃસત્તાક કુટુંબ :** પિતૃસત્તાક કુટુંબમાં પુરુષોની સત્તા, સ્થાન અને દરજ્જો ઉચ્ચ હોય છે. પરિણામે આર્થિક, ધાર્મિક, રાજકીય અને સામાજિક ક્ષેત્રે પુરુષોનું પ્રભુત્વ હોય છે. પિતૃસત્તાક કુટુંબ મહદંશે પિતૃવંશી અને પિતૃસ્થાની હોય છે. તેથી વારસો પિતા તરફથી પુત્ર-સંતાનને મળે છે તેમજ કુટુંબમાં પુત્ર-સંતાનનું મહત્ત્વ સવિશેષ હોય છે અને જો પુત્ર-સંતાન ન હોય તેવા સંજોગોમાં નજીકના રક્તસંબંધી સંતાનને દત્તક લેવામાં આવે છે.

**(5) માતૃસ્થાનીય કુટુંબ :** આ પ્રકારનાં કુટુંબમાં સ્ત્રીઓ માતાની વારસદાર ગણાય છે અને લગ્ન બાદ પણ માતાની સાથે માતાના કુટુંબમાં જ રહે છે. લગ્ન બાદ તેના પતિને તેની પત્નીનાં કુટુંબમાં આવીને રહેવું પડે છે. કુટુંબમાં તમામ નિર્ણયોમાં સ્ત્રીને પ્રાધાન્ય આપવામાં આવે છે.

**(6) પિતૃસ્થાનીય કુટુંબ :** આ પ્રકારનાં કુટુંબમાં પુરુષ સંતાનો પિતાનાં વારસદાર બને છે. લગ્ન બાદ સ્ત્રી પોતાના પતિનાં કુટુંબની સાથે રહે છે. કુટુંબનાં તમામ કાર્યોમાં પુરુષ-સંતાનનું જ મહત્ત્વ છે.


**(7) સંયુક્ત કુટુંબ :** સંયુક્ત કુટુંબમાં બે કે તેથી વધુ પેઢીના સભ્યો એક સાથે વસવાટ કરે છે. તેઓ એક જ નિવાસસ્થાને વસવાટ કરે છે. એક જ રસોડે સાથે ભોજન લે છે. કુટુંબની મિલકત સહિયારી ગણવામાં આવે છે. પરિવારનું સંચાલન કુટુંબના વડા તરીકે પિતા કે માતા દ્વારા થતું હોય છે. સંયુક્ત કુટુંબમાં કુટુંબના વડાની વિશાળ સત્તા છે. તેના નિર્ણયનો અન્ય સભ્યો દ્વારા સ્વીકાર કરવામાં આવતો હોય છે. આવા કુટુંબમાં વૃદ્ધ, વિધવા, અપંગ, અશક્ત સભ્યોને સામાજિક સલામતી પ્રાપ્ત થાય છે.



**સંયુક્ત કુટુંબ**

**(8) વિભક્ત કુટુંબ :** વિભક્ત કુટુંબ તેના કદની દૃષ્ટિએ નાનું હોય છે. તેમાં પતિ-પત્ની અને તેના અપરણિત સંતાનોનો જ સમાવેશ થાય છે. વિભક્ત કુટુંબમાં સત્તા મુખ્ય જવાબદાર વ્યક્તિ હસ્તક હોય છે. નિર્ણયો સર્વ સહમતીથી લેવાય છે. વ્યક્તિગત નિર્ણયને પ્રાધાન્ય અપાય છે. તેથી પારિવારિક ક્ષેત્રે વધુ વિરોધ ઉદ્‌ભવતો નથી. વિભક્ત કુટુંબમાં

સ્ત્રીઓ અને બાળકોને સ્વાતંત્ર્ય મળતું હોવાથી વ્યક્તિગત વિકાસની વધુ તક મળે છે આ ઉપરાંત વર્તમાન સમયમાં એકલમાતા અને એકલપિતાવાળા કુટુંબ પણ જોવા મળે છે. 2011ની વસ્તી ગણતરી પ્રમાણે ભારતનાં કુલ કુટુંબોમાં સંયુક્ત કુટુંબોનું પ્રમાણે 19 % અને વિભક્ત કુટુંબોનું પ્રમાણ 81 % નોંધાયું છે. દક્ષિણ ભારતના તમામ 4 રાજ્યોમાં સંયુક્ત કુટુંબનું પ્રમાણ 10 % નોંધાયું છે.



**વિભક્ત કુટુંબ**

### કુટુંબનાં કાર્યો

કુટુંબ વ્યક્તિ અને સમાજ માટે વિવિધ કાર્યો કરે છે. વ્યક્તિ અને સમાજની મૂળભૂત જરૂરિયાતોનો સંતોષ પૂરો પાડે છે. કુટુંબ દ્વારા થતાં કાર્યો આગળ મુજબ છે :

**(1) કુટુંબનું જૈવિક કાર્ય :** જાતીય સંતોષ અને પ્રજનન વગેરે કાર્યોનો કુટુંબનાં જૈવિક કાર્યોમાં સમાવેશ કરી શકાય. સ્ત્રી-પુરુષની જાતીયવૃત્તિનો સંતોષ કુટુંબમાં જ સમાજમાન્ય અને સમાજસ્વીકૃત રીતે સંતોષાય છે. એ જ રીતે પ્રજોત્પાદનનું કાર્ય સમાજનાં સાતત્ય માટે અત્યંત મહત્ત્વનું છે. કુટુંબવ્યવસ્થા આ કાર્યને નિયંત્રિત કરી સ્થિરતા પૂરી પાડે છે.

**(2) કુટુંબનું મનોવૈજ્ઞાનિક કાર્ય :** વ્યક્તિની માત્ર ભૌતિક જરૂરિયાતો જ નહિ પરંતુ સલામતી અને સ્નેહની માનસિક જરૂરિયાતો પણ કુટુંબમાં જ પરિપૂર્ણ થાય છે. સ્નેહ, પ્રેમ, હૂંફ પૂરા પાડીને વ્યક્તિને માનસિક સંતોષ પૂરો પાડે છે. આ કાર્ય અન્ય કોઈ પણ જૂથ એટલા પ્રમાણમાં કરી શકતું નથી.

**(3) કુટુંબનું આર્થિક કાર્ય :** કૃષિ અર્થવ્યવસ્થાવાળી સમાજવ્યવસ્થામાં કુટુંબ ઉત્પાદનનું કેન્દ્ર બની રહે છે. કુટુંબનું ભરણપોષણ અને અર્થોપાર્જનમાં પુરુષો અને સ્ત્રીઓની સહભાગિતા જોવા મળે છે અને સંતાનોનો ઉછેર અને ગૃહ-સંચાલનનું કાર્ય સ્ત્રી કરે. જોકે આધુનિક ઔદ્યોગિક સમાજવ્યવસ્થામાં કુટુંબ હવે આર્થિક ઉત્પાદનનું કેન્દ્ર રહ્યું હોય તેવું મર્યાદિત ધોરણે જોવા મળે છે. કુટુંબના સભ્યોની ભૌતિક જરૂરિયાત પૂરી પાડવાનું કાર્ય કુટુંબ કરી રહ્યું છે.

**(4) કુટુંબનું સામાજિક કાર્ય :** કુટુંબમાં થતાં સામાજિક કાર્યોમાં વ્યક્તિને કૌટુંબિક સંબંધો દ્વારા પ્રાપ્ત થતો ચોક્કસ સામાજિક દરજ્જો પ્રાપ્ત થાય છે. દા.ત., કુટુંબમાં પુત્ર કે પુત્રી તરીકે, ભાઈ-બહેન તરીકે વગેરે. સમાજમાં કુટુંબની જે પ્રતિષ્ઠા હોય તે વ્યક્તિને આપોઆપ પ્રાપ્ત થાય છે. બીજું મહત્ત્વનું કાર્ય એ છે કે વ્યક્તિને સામાજિક જીવન જીવવાની તાલીમ પૂરી પાડે છે. સામાજિક પરંપરા અને વર્તનપદ્ધતિ બાળક કુટુંબ પાસેથી શીખે છે તેમજ કુટુંબ બાળકને સાંસ્કૃતિક વારસો પૂરો પાડે છે.

**(5) કુટુંબનાં સાંસ્કૃતિક કાર્યો :** માનવસમાજના સાંસ્કૃતિક વારસાનું પ્રદાન કુટુંબ દ્વારા થાય છે. સમાજની સાંસ્કૃતિક પરંપરાને ટકાવી રાખી પેઢી દર પેઢી સાંસ્કૃતિક વારસાનું હસ્તાંતર થાય છે. પ્રત્યેક કુટુંબ પોતાની વિશિષ્ટ જીવનશૈલી દ્વારા સંસ્કૃતિનાં જુદાં જુદાં તત્ત્વોને જાળવી રાખે છે અને પોતાનાં સંતાનોને શીખવે છે.

### કુટુંબમાં આવેલ પરિવર્તન

આધુનિક સમયમાં ઔદ્યોગિકીકરણ, શહેરીકરણ, શિક્ષણ અને સંચાર સાધનો જેવાં વિવિધ પરિબળોને પરિણામે કુટુંબસંસ્થામાં પરિવર્તન ઉદ્ભવી રહ્યું છે, જે નીચે મુજબ દર્શાવી શકાય :

**(1) કુટુંબનું કદ નાનું બનતું જાય છે :** વિવિધ પરિબળના કારણે પરંપરાગત સંયુક્ત કુટુંબના સ્થાને નાના કદનાં કુટુંબો અસ્તિત્વમાં આવી રહ્યા છે.

**(2) જવાબદારીનું ક્ષેત્ર ઘટતું જાય છે :** આધુનિક પેઢી માટે તેમનાં દૂરના રક્તસંબંધીઓ ઓછા મહત્ત્વનાં બનતા જાય છે. સંયુક્ત કુટુંબના સભ્યો પ્રત્યે પોતાની જવાબદારી અને ફરજ અદા કરવી મુશ્કેલ બનતી જાય છે.

**(3) પતિ-પત્ની વચ્ચેના સંબંધોમાં પરિવર્તન :** પરંપરાગત ભારતીય કુટુંબમાં પતિ-પત્ની વચ્ચેના સંબંધો સત્તા અને તાબેદારીના પાયા ઉપર રચાયેલા હતા. પતિની આજ્ઞા માનવી તે પત્ની માટે ફરજિયાત હતું; પરંતુ વર્તમાન સમયમાં આ સંબંધોમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. પતિ-પત્ની વચ્ચે સમાનતાના પાયા ઉપર નવા સ્વરૂપના સંબંધો વિકસી રહ્યા છે.

**(4) માતા-પિતા અને સંતાનો વચ્ચેના સંબંધો :** માતા-પિતા અને સંતાનો વચ્ચેના સબંધોની સામાન્ય ઢબ સત્તા અને તાબેદારીનાં મૂલ્યો પર રચાયેલી હતી. પિતાનો નિર્ણય અંતિમ ગણાતો હતો. હવે પિતાની સત્તા નબળી પડતી જાય છે.

સંતાનો પિતાના નિર્ણયની સામે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતા થયા છે. સંતાનો પિતાને આધીન રહે તેવી અપેક્ષા હવે રખાતી નથી. સંતાનો પ્રત્યે માતા-પિતાનું વલણ બદલાઈ રહ્યું છે.

**લગ્ન-સંસ્થા (Marriage Institution)**

વિદ્યાર્થીમિત્રો, અગાઉના મુદ્દામાં કુટુંબ-સંસ્થા વિશે ચર્ચા કરી; પરંતુ લગ્ન-સંસ્થા કુટુંબ-સંસ્થા સાથે સંકળાયેલી મહત્ત્વની સંસ્થા છે. તેથી હવે આપણે લગ્ન-સંસ્થા વિશે ચર્ચા કરીશું.

લગ્ન, કુટુંબ સંસ્થાનું પ્રથમ પગથિયું છે. વિભિન્ન સમાજોનાં સામાજિક આદર્શો અને મૂલ્યોમાં વિવિધતા હોવાથી લગ્નનાં હેતુઓ અને સ્વરૂપોમાં પણ તફાવત જોવા મળે છે.

**લગ્નનો અર્થ**


લગ્ન, સ્ત્રી-પુરુષ વચ્ચેનો એક વિશિષ્ટ પ્રકારનો સંબંધ છે. જેમાં જાતીય સંબંધો સમાજમાન્ય અને કાયદેસર રીતે માન્ય થયેલ હોય છે. જોહન્સન જણાવે છે કે, ‘લગ્નનું આવશ્યક તત્ત્વ એ છે કે તેમાં સ્ત્રી અને પુરુષ એક સ્થાયી સંબંધમાં પ્રવેશીને પોતાનું સામાજિક સ્થાન ગુમાવ્યા વગર બાળકો ઉત્પન્ન કરવાની સામાજિક અનુમતી મેળવે છે.’ વેસ્ટર માર્ક જણાવે છે કે, ‘લગ્ન એક કે વધારે પુરુષોનો એક કે વધારે સ્ત્રીઓ સાથેનો સંબંધ છે. જેનો સમાજના રિવાજો કે કાયદાઓ દ્વારા સ્વીકાર થયો હોય છે. આ પ્રકારના સંબંધોમાં લગ્ન કરનારી વ્યક્તિઓ અને થનાર બાળકોનાં પારસ્પરિક હકો અને ફરજોનો સમાવેશ થાય છે.’ લગ્નના સંબંધો સાથે કેટલીક ફરજો અને હકો સંકળાયેલા છે.

**લગ્નના ઉદ્દેશ્યો (હેતુ)**

દરેક ધર્મમાં લગ્નનો ઉદ્દેશ ધર્મ (ધાર્મિક ફરજોનું પાલન) પ્રજા, (સંતતિપ્રાપ્તિ) રતિ (જાતીયસંતોષ) તથા ગૃહ-નિવાસનો રહેલો છે. સમાજની વિવિધ જરૂરિયાતો સંતોષવા સમાજમાન્ય રીતો અને કાયદાઓનું પાલન કરવામાં આવે છે.

**લગ્નના પ્રકારો**

સાથીની સંખ્યાને આધારે એટલે કે પતિ કે પત્નીની સંખ્યાને આધારે લગ્નના નીચે મુજબ બે પ્રકારો છે. જેને આકૃતિમાં નીચે મુજબ દર્શાવી શકાય :




**(1) એકસાથી લગ્ન :** એક પુરુષ કે એક સ્ત્રી કોઈ એક સમયે સમાજમાન્ય રીતે માત્ર એક જ સ્ત્રી કે પુરુષ સાથે લગ્ન સંબંધે જોડાયેલ હોય છે, ત્યારે તેને એકસાથી લગ્ન તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રકારનો લગ્નસંબંધ વિશ્વના મોટા ભાગના સમાજોમાં સર્વસ્વીકૃત છે.

**(2) બહુસાથી લગ્ન :** લગ્નસંબંધથી જોડાનાર સ્ત્રી-પુરુષની કોઈ એક પક્ષે સમાજમાન્ય રીતે સંખ્યા એક કરતા વધારે હોય ત્યારે તેને બહુસાથી લગ્ન કહેવાય.

**(1) બહુપત્ની લગ્ન :** જ્યારે કોઈ એક પુરુષ એક કરતાં વધારે સ્ત્રીઓ સાથે લગ્નસંબંધથી જોડાય છે, ત્યારે તેને બહુપત્નીત્વ લગ્ન કહેવાય. બહુપત્ની લગ્નના બે પેટા પ્રકાર છે :

**(A) ભગિની બહુપત્નીત્વ :** જ્યારે કોઈ એક પુરુષ સાથે લગ્નસંબંધથી જોડાનાર સ્ત્રીઓ પરસ્પર સગી બહેનો હોય છે, ત્યારે તેને ભગિની બહુપત્નીત્વ કહેવામાં આવે છે.

**(B) અભગિની બહુપત્નીત્વ :** જ્યારે કોઈ એક પુરુષની સાથે લગ્નસંબંધથી જોડાનાર સ્ત્રીઓ પરસ્પર સગી બહેનો હોતી નથી, ત્યારે તેને અભગિની બહુપત્નીત્વ તરીકે ઓળખવામાં આવે છે.

**(2) બહુપતિત્વ લગ્ન :** બહુપતિત્વ એ બહુસાથી લગ્નનો એક પ્રકાર છે. જેમાં એક સ્ત્રી એક કરતાં અધિક પુરુષો સાથે લગ્નસંબંધથી જોડાય છે. બહુપતિત્વના બે પેટા પ્રકાર છે :

**(A) ભ્રાતૃકીય બહુપતિત્વ :** જે લગ્નસંબંધમાં સ્ત્રી સાથે જોડાનાર પુરુષો પરસ્પર સગા ભાઈઓ હોય ત્યારે તેને ભ્રાતૃક બહુપતિત્વ કહેવાય.

**(B) અભ્રાતૃકીય બહુપતિત્વ :** કોઈ સ્ત્રી સાથે લગ્ન કરનાર પુરુષો જ્યારે પરસ્પર સગા ભાઈનો સંબંધ ધરાવતા ન હોય તેને અભ્રાતૃક બહુપતિત્વ કહેવામાં આવે છે.

### લગ્નસાથી પસંદગીનાં ક્ષેત્રો (ધોરણો)

પ્રત્યેક સમાજમાં જીવનસાથીની પસંદગી અંગે વ્યક્તિને આપવામાં આવતી સ્વતંત્રતા મર્યાદિત હોય છે. કોણ કોની સાથે લગ્ન કરી શકે અને કોણ કોની સાથે લગ્ન ન કરી શકે તે બાબત દરેક સમાજમાં જુદાં જુદાં ધોરણો હોય છે. તેના દ્વારા જ જીવનસાથી પસંદગીનાં ક્ષેત્રો નિર્ધારિત થતા હોય છે. રીત-રિવાજો, જાતિ-નિયમો અને ધોરણો દ્વારા સમાજ લગ્નસાથીની પસંદગીનું ક્ષેત્ર નિયંત્રિત કરે છે, જે નીચે મુજબ દર્શાવી શકાય :

**(1) અંતર્લગ્ન :** જેમાં સમૂહના રિવાજ પ્રમાણે વ્યક્તિને પોતાનાં સમૂહ-જૂથમાંથી જ લગ્નસાથીની પસંદગી કરવી પડે છે. જે સમૂહના સભ્યો વચ્ચે પરસ્પર લગ્નસંબંધ બાંધી શકાય તે સમૂહને અંતર્લગ્નીય સમૂહ કહેવામાં આવે છે. જ્ઞાતિ અંતર્લગ્નીય સમૂહ છે. હિન્દુ સમાજની પરંપરા મુજબ લગ્નસાથીની પસંદગી પોતાની જ્ઞાતિ કે પેટાજ્ઞાતિમાંથી જ થઈ શકે. ભારતના અન્ય ધાર્મિક સમુદાયોમાં પણ આવી જ પરંપરા પ્રવર્તે છે.

**(2) બહિર્લગ્ન :** બહિર્લગ્નનો નિયમ મૂળભૂત રીતે નિકટવર્તી સગાં-સંબંધીઓ વચ્ચે લગ્નસંબંધ બાંધવાની મનાઈ ફરમાવે છે. દા.ત., વ્યક્તિના નિકટના સમૂહો ભાઈ-બહેન અને અન્ય રક્તસંબંધોમાં આવતા સંબંધીઓ સાથે લગ્ન થઈ શકે નહિ. આ સંદર્ભમાં જુદા જુદા નિયમો પ્રવર્તે છે.

**(3) સમલોમ, અનુલોમ અને પ્રતિલોમ લગ્ન :** પોતાના સમકક્ષ અથવા પોતાના જ જૂથ કે જ્ઞાતિમાંથી જીવનસાથીની પસંદગી થાય ત્યારે તેને સમલોમ લગ્ન કહેવાય. ઉચ્ચ જ્ઞાતિ કે વર્ણનો પુરુષ પોતાનાથી ઊતરતા ગણાતા જ્ઞાતિ-વર્ણમાંથી જીવનસાથીની પસંદગી કરે ત્યારે તે અનુલોમ લગ્ન છે. જ્યારે ઉચ્ચ જ્ઞાતિ કે વર્ણની સ્ત્રી પોતાનાથી નીચી ગણાતી જ્ઞાતિ કે વર્ણના પુરુષને જીવનસાથી તરીકે પસંદ કરે ત્યારે તે પ્રતિલોમ લગ્ન છે.

### લગ્નસાથીની પસંદગીમાં અગ્રતાસૂચક ધોરણો

**(1) કુલીનશાહી :** માતા-પિતાએ પોતાની પુત્રીનાં લગ્ન તેના કુળ કરતા સામાજિક પ્રતિષ્ઠાની દૃષ્ટિએ ઉચ્ચ ગણાતા કુળના પુરુષ સાથે કરવા જોઈએ એવું મૂલ્ય કેટલાક સમૂહોમાં પ્રવર્તે છે. આવાં લગ્નને કુલીનશાહી લગ્ન તરીકે ઓળખવામાં આવે. કેટલીક જ્ઞાતિઓમાં કુલીનશાહી લગ્નપ્રથા આજે પણ જોવા મળે છે.

**(2) દિયરવટુ, જેઠવટુ અને સાળીવટુ :** દિયરવટુ, જેઠવટુ અને સાળીવટુની રીતે જીવનસાથી મેળવાય છે. સ્ત્રીનો પતિ મૃત્યુ પામે પછી પતિના નાના ભાઈ સાથે લગ્ન કરે ત્યારે તે દિયરવટુ છે અને પતિના મોટાભાઈ સાથે બીજા લગ્ન કરે ત્યારે તે જેઠવટુ છે. એ જ રીતે પત્નીનું અવસાન થયા પછી પોતાની મૃત પત્નીની બહેન સાથે લગ્ન કરી શકે છે, તે સાળીવટું છે.

**(3) પિતરાઈ લગ્ન :** કેટલાક સમૂહોમાં પિતૃપક્ષે ફોઈનાં સંતાનો અને માતૃપક્ષે મામા કે માસીનાં સંતાનો સાથે લગ્નસંબંધો બાંધી શકાય છે. જેને પિતરાઈ લગ્ન તરીકે ઓળખવામાં આવે છે.

**લગ્ન-સંસ્થામાં આવેલાં પરિવર્તનો :** ઔદ્યોગીકરણ, શહેરીકરણ, કાનૂનીકરણ, બિનસાંપ્રદાયિકતા, વ્યક્તિવાદ, સ્વાતંત્ર્ય અને સમાનતા, સ્ત્રીશિક્ષણ અને સ્ત્રીઓનો વ્યવસાયમાં પ્રવેશ, વિજ્ઞાન ટેક્નોલૉજી અને સંચાર માધ્યમોનો વિકાસ જેવાં વિવિધ પરિબળોને પરિણામે લગ્ન-સંસ્થામાં પરિવર્તનો ઉદ્‌ભવ્યાં છે, જે નીચે મુજબ દર્શાવી શકાય :

**(1) લગ્નનું ધાર્મિક પાસું નબળુ પડ્યું છે :** લગ્નમાં ધાર્મિક વિધિની ઔપચારિકતા જોવા મળે છે. લગ્ન એ પવિત્ર સંસ્કાર અને પવિત્ર બંધન ગણવાનો આદર્શ નબળો પડ્યો છે. કન્યાદાન એ લગ્નવિધિનું આવશ્યક અંગ છે. માતા-પિતા તરફથી કન્યાને ચીજવસ્તુઓ ભેટ અપાય છે; પરંતુ તેમાં ભૌતિકતા, સામાજિક પ્રતિષ્ઠા, દહેજ જેવી બાબતો મહત્ત્વની બનતી જાય છે. કન્યાદાનમાં જે ધાર્મિક તત્ત્વો હતાં તેની જગ્યાએ સામાજિક-ભૌતિક તત્ત્વો વિશેષ જોવા મળે છે.

**(2) હિન્દુ લગ્નમાં વિકસતું કરારનું સ્વરૂપ :** પરંપરાગત હિંદુ લગ્નને એક સંસ્કાર તરીકે સ્વીકાર કરવામાં આવે છે. વ્યક્તિવાદી વલણને કારણે લગ્ન સાથે સંકળાયેલાં પરંપરાગત મૂલ્યોમાં પરિવર્તન આવ્યું છે. 1954નાં સ્પેશિયલ મેરેજ ઍક્ટ હેઠળ થયેલા લગ્નમાં પારસ્પરિક સંમતિથી છૂટાછેડા મેળવી શકાય છે. સ્ત્રી-પુરુષ બંનેને છૂટાછેડાના અધિકાર મળ્યાં છે.

**(3) લગ્નવય ઊંચી આવતી જાય છે :** કાયદાકીય રીતે છોકરાની લગ્નવય 21 વર્ષ અને છોકરીની લગ્નવય 18 વર્ષ નક્કી થઈ છે. એ સિવાય શિક્ષણ, લગ્ન સંબંધિત બદલાયેલ ખ્યાલો, સ્ત્રી-શિક્ષણમાં વૃદ્ધિ વગેરે પરિબળોને પરિણામે લગ્નવય ઊંચી આવી છે. પહેલાંની તુલનામાં બાળલગ્ન પ્રથામાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

**(4) લગ્નસાથીની પસંદગીનાં ધોરણોમાં પરિવર્તન :** પરંપરાગત રીતે જીવનસાથીની પસંદગી માતા-પિતા કે વડીલો દ્વારા કરવામાં આવતી હતી. લગ્નને બે કુટુંબનાં જોડાણ તરીકે સ્વીકારવામાં આવતું હતું. વર્તમાન સમયમાં આ બાબતમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. હવે યુવક-યુવતીની ઇચ્છા-પસંદગીને મહત્ત્વ અપાય છે. જીવનસાથીની પસંદગીમાં વ્યક્તિગત લાયકાતને વિશેષ પ્રાધાન્ય અપાય છે.

**(5) આંતરજ્ઞાતીય લગ્ન શક્ય બન્યા છે :** વિવિધ કાનૂની પ્રયત્નો અને સુધારણા-પ્રવૃત્તિને પરિણામે વિભિન્ન જ્ઞાતિઓ વચ્ચેના લગ્નસંબંધોની તરફેણમાં અનુકૂળ વાતાવરણ સર્જાયું છે. 1954ના સ્પેશિયલ મેરેજ ઍક્ટથી આંતરજ્ઞાતીય લગ્નને સંપૂર્ણ રીતે સમર્થન પ્રાપ્ત થયું છે.

**(6) બહુપતિ-પત્ની લગ્ન ગેરકાયદેસર બન્યા છે :** વિવિધ કાયદાઓને કારણે હિન્દુઓમાં બહુપતિ તેમજ બહુપત્ની લગ્ન ગેરકાયદેસર બન્યા છે. 1955ના હિન્દુ લગ્નના કાયદાથી હિન્દુ સમાજમાં ઉપર્યુક્ત પ્રથાનો કાયદાકીય સંપૂર્ણ અંત આવ્યો છે.

**(7) સ્વ-પસંદગીનાં લગ્નનું પ્રાધાન્ય વધ્યું :** લગ્નક્ષેત્રે સંમતિની બાબતમાં પરિવર્તન આવ્યું છે. વિવિધ પરિબળોની અસરને પરિણામે સ્વ-પસંદગીનાં લગ્ન થવા લાગ્યા છે. આવાં લગ્નો પ્રત્યે હવે ઉદારતા અને સહિષ્ણુતાભર્યું વર્તન દાખવવામાં આવે છે, તેને સ્વીકૃતિ મળતી જાય છે.

**(8) છૂટાછેડાને કાનૂની માન્યતા :** કાયદા દ્વારા સ્ત્રી-પુરુષને છૂટાછેડાનો સમાન અધિકાર પ્રાપ્ત થયો છે. દુઃખી દાંપત્યજીવનનો અંત લાવવા હવે સ્ત્રી-પુરુષો છૂટાછેડાનો માર્ગ અપનાવે છે. 1955ના હિન્દુ લગ્ન-કાયદામાં છૂટાછેડાની જોગવાઈ કરવામાં આવી છે.

### જ્ઞાતિ-સંસ્થા (Caste Institution)

જ્ઞાતિ-સંસ્થા ભારતીય સમાજની એક વિશિષ્ટ લાક્ષણિકતા છે. આજે પણ એક મહત્ત્વના સામાજિક બળ તરીકે ભારતીય સમાજજીવનનાં વિવિધ ક્ષેત્રોમાં ઓછા-વત્તા પ્રમાણમાં જ્ઞાતિનો પ્રભાવ જોવા મળે છે. હિંદુઓનાં સામાજિક જીવનના લગભગ પ્રત્યેક ક્ષેત્રમાં જ્ઞાતિ-સંસ્થાના તાણાવાણા ગૂંથાયેલા છે, જેની વ્યાપક અસરો હિન્દુ સમાજના ખોરાક, પોશાક, લગ્ન, રીતરિવાજો કુટુંબજીવન, વ્યવસાય વગેરે અનેક ક્ષેત્રો ઉપર જોવા મળે છે.

### જ્ઞાતિનો અર્થ

એમ. એન. શ્રીનિવાસ જણાવે છે કે, 'જ્ઞાતિ એક વંશપરંપરાગત અંતર્લગ્નની પ્રથા ધરાવતું અને સામાન્ય રીતે એક જ સ્થળે વસતું જૂથ છે.' જુદી જુદી જ્ઞાતિઓ વચ્ચેના સંબંધોનું નિયમન શુદ્ધિ અને અશુદ્ધિના ખ્યાલો વડે થાય છે અને સામાન્ય રીતે એક સાથે બેસીને ભોજન કરવાનો વ્યવહાર સૌથી વિશેષ જ્ઞાતિની અંદર જ હોય છે. ઘુર્યે જણાવે છે કે હિન્દુ સમાજ એવાં વિભિન્ન જૂથોમાં વિભાજિત થયેલો છે, જે જૂથોના સામાજિક પ્રતિષ્ઠાનાં સ્તરો અને પારસ્પરિક વ્યવહારોનું ક્ષેત્ર ભિન્ન ભિન્ન છે.

### જ્ઞાતિનાં લક્ષણો

ઘુર્યેએ ભારતની પરંપરાગત જ્ઞાતિનું સ્વરૂપ સમજાવવા માટે જ્ઞાતિનાં મૂળભૂત લક્ષણો દર્શાવ્યાં છે :

**(1) હિન્દુ સમાજનું જુદા જુદા ખંડોમાં વિભાજન :** વિવિધ જ્ઞાતિઓ ભારતમાં હિંદુ સમાજને જુદા જુદા વિભાગોમાં વિભાજિત કરે છે. પ્રાચીનકાળથી હિન્દુ સમાજ એક અખંડ સમુદાય રહ્યો નથી. હિન્દુ સમાજની પ્રત્યેક જ્ઞાતિ એક અલગ અને સ્વતંત્ર સામાજિક એકમ તરીકે અસ્તિત્વ ધરાવે છે. જેમાં દરેક વ્યક્તિને જે-તે જ્ઞાતિનું સભ્યપદ જન્મથી મળે છે. દરેક જ્ઞાતિને પોતાની આગવી અને સ્વતંત્ર જ્ઞાતિ પંચાયત હોય છે. પ્રત્યેક જ્ઞાતિની પોતાની આગવી સંસ્કૃતિ હોય છે. આ બાબતોથી સ્પષ્ટ થાય છે કે દરેક જ્ઞાતિ એક સ્વતંત્ર સામાજિક એકમ તરીકે અસ્તિત્વ ધરાવે છે.

**(2) કોટિક્રમ :** ધુર્યે જણાવે છે કે ભારતમાં બધી જ્ઞાતિઓની ઉચ્ચ-નિમ્નતા અંગેની એક ચોક્કસ યોજના જોવા મળે છે. કોટિક્રમની વ્યવસ્થામાં ધાર્મિક દૃષ્ટિએ બ્રાહ્મણો સૌથી ઊંચા ગણાય છે; પરંતુ અન્ય જુદી જુદી જ્ઞાતિઓનું ચોક્કસ સામાજિક સ્થાન નક્કી કરવું મુશ્કેલ છે. ખાસ કરીને વચ્ચેની જ્ઞાતિઓના દરજ્જા વિશેની સ્પષ્ટતાનો અભાવ એ ભારતીય જ્ઞાતિ-વ્યવસ્થાનું નોંધપાત્ર લક્ષણ છે.

**(3) ખાનપાન અને સામાજિક વ્યવહાર અંગેના પ્રતિબંધો :** ખાનપાન અને બીજા સામાજિક વ્યવહારો કઈ જ્ઞાતિ સાથે રાખી શકાય અને કઈ જ્ઞાતિ સાથે ન રાખી શકાય તે અંગેનાં ઘણાં ઝીણવટભર્યાં સામાજિક ધોરણો દરેક જ્ઞાતિમાં હોય છે. ખાનપાનના સંબંધો અને સામાજિક વ્યવહારોની બાબતમાં ભારતના જુદા જુદા પ્રદેશોમાં જુદી જુદી જ્ઞાતિઓના રિવાજોમાં ઘણા તફાવતો જોવા મળે છે.

**(4) વિભિન્ન જ્ઞાતિઓની નાગરિક તથા ધાર્મિક અસમર્થતાઓ અને વિશેષાધિકારો :** ભારતની વિવિધ જ્ઞાતિઓમાં પ્રવર્તતા ચડિયાતાપણાં અને ઊતરતાપણાંના ખ્યાલોએ નિમ્ન અને ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓમાં નાગરિક અને ધાર્મિક અધિકારો વિશે એક પ્રકારની અસમાનતા સર્જી છે. નિમ્ન ગણાતી જ્ઞાતિઓ અનેક પ્રકારના નાગરિક અને ધાર્મિક અધિકારોથી વંચિત હતાં, જ્યારે ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓ આ બાબતોમાં અનેક વિશેષાધિકારો ધરાવે છે. વસવાટ, ગામના કૂવાનો ઉપયોગ, જાહેર રસ્તાઓનો ઉપયોગ, શાળા-પ્રવેશ, મંદિરોમાં પ્રવેશ વગેરે અનેક બાબતોમાં અસમર્થતાઓ અને વિશેષાધિકારો અસ્તિત્વમાં હતા.

**(5) વ્યવસાયની પસંદગી પર અંકુશો :** જ્ઞાતિઓના વ્યવસાયો વંશપરંપરાગત હતા. પ્રત્યેક જ્ઞાતિએ પોતાનો નક્કી થયેલો વ્યવસાય કરવો તે તેની ફરજ ગણાતી. પિતાનો વ્યવસાય પુત્ર સંભાળે તેવી પરંપરા હતી.

**(6) લગ્ન પરના પ્રતિબંધો :** અંતર્લગ્નની પ્રથા જ્ઞાતિ સમાજનું નોંધપાત્ર પાસું છે. દરેક વ્યક્તિએ પોતાની જ્ઞાતિ કે પોતાની પેટા જ્ઞાતિમાં લગ્નસંબંધો બાંધવા ફરજિયાત હતા. આ નિયમનો ભંગ કરનાર વ્યક્તિને જ્ઞાતિમાંથી કાઢી મૂકવા સુધીની સજા કરવામાં આવતી હતી.

### પરંપરાગત જ્ઞાતિ-સંસ્થામાં આવેલાં પરિવર્તનો

ભારતમાં જ્ઞાતિ-સંસ્થા મધ્યયુગના અંત સુધી અત્યંત જડ સ્વરૂપે પ્રવર્તતી હતી; પરંતુ ભારતમાં બ્રિટિશ રાજ્યનો પ્રારંભ થતા જ્ઞાતિ-સંસ્થામાં નોંધપાત્ર પરિવર્તનો આવવા લાગ્યાં. બ્રિટિશરોની અંગ્રેજી શિક્ષણપદ્ધતિ, સામાજિક કાનૂનીકરણ, ઉદ્યોગીકરણ અને શહેરીકરણ, લોકશાહી અને ઉદારમતવાદી વિચારસરણી વગેરેના પ્રભાવના કારણે જ્ઞાતિ-સંસ્થામાં

આધુનિક પરિવર્તનની પ્રક્રિયા શરૂ થઈ. ભારત સ્વતંત્ર બન્યું ત્યાર બાદ જ્ઞાતિ-પરિવર્તનની પ્રક્રિયા વધુ ઝડપી બની છે. સ્વતંત્ર ભારતમાં જ્ઞાતિ-સંસ્થાનાં પરંપરાગત લક્ષણોમાં નીચે મુજબનાં પરિવર્તનો આવ્યા છે :

**(1) ખંડવિભાજનમાં આવેલું પરિવર્તન :** પરંપરાગત જ્ઞાતિ-વ્યવસ્થામાં વ્યક્તિ જે જ્ઞાતિમાં જન્મે એ દરજ્જો આપોઆપ એને મળતો અને એમાં વ્યક્તિ પાસે કોઈ વિકલ્પ કે પસંદગી નહતી. આજે પણ વ્યક્તિને જન્મથી દરજ્જો તો મળે છે. પરંતુ જ્ઞાતિનાં અર્પિત દરજ્જા સામે શિક્ષણ, નવા વ્યવસાય અને આવક, સત્તા જેવાં પરિબળોથી વ્યક્તિનો પ્રાપ્ત દરજ્જો મહત્ત્વનો બન્યો છે. તેથી જન્મગત દરજ્જાનું મહત્ત્વ ઘટ્યું છે જે આ લક્ષણનું પરિવર્તન છે.

જ્ઞાતિમાં ખંડવિભાજન માટે સૌથી વધુ અસરકારક દરેક જ્ઞાતિની આગવી સંસ્કૃતિ હતી. દરેક જ્ઞાતિનું અલગ જીવન હતુ અને એની અલગ દુનિયા હોય તેવું જણાતું કારણ કે દરેક જ્ઞાતિની જીવનશૈલી ભાષા, પહેરવેશ અને વર્તન-ધોરણો જ્ઞાતિ સંસ્કૃતિ મુજબ રહેતાં તેથી ખંડવિભાજન વધુ તીવ્ર લાગતું. પરંતુ આજે શિક્ષણ, સંસ્કૃતિકીકરણ, પશ્ચિમીકરણ આધુનિકીકરણ અને વૈશ્વીકરણ જેવાં પરિબળોને લીધે જ્ઞાતિની આગવી સંસ્કૃતિ ભુંસાવા લાગી. બધાનાં પહેરવેશ, ભાષા, ખોરાક, વ્યવસાય સમાન થવા લાગ્યા છે. તેથી જ્ઞાતિનું પરંપરાગત ખંડવિભાજન ભૂંસાઈ જતાં હવે તેઓ આધુનિક જીવન જીવવા લાગ્યા છે. તે જ રીતે ખંડવિભાજનને અસરકારક બનાવવામાં જ્ઞાતિ પંચાયત મહત્ત્વની ભૂમિકા ભજવતી. દરેક જ્ઞાતિની આગવી પંચાયત હતી જે સભ્યોનાં વર્તન પર નિયંત્રણ રાખીને જ્ઞાતિના પોતાના સમૂહને સલામત રાખતી. પરંતુ વિવિધ પરિબળો અને જ્ઞાતિ અસમર્થતા નિવારણ કાનૂન અને બીજા કાયદાઓએ જ્ઞાતિ પંચાયતની સત્તાઓ નબળી પડી આથી જ્ઞાતિના સભ્યો આધુનિક જીવનશૈલી જીવવા લાગ્યા. જ્ઞાતિમાં નિયંત્રણો સામે બગાવત કરતા થયા.

આમ, જન્મગત વારસાગત દરજ્જાને બદલે પ્રાપ્ત દરજ્જાનું વધેલું મહત્ત્વ, જ્ઞાતિ-સંસ્કૃતિનું પતન અને જ્ઞાતિ પંચ નબળા થવાથી ખંડોમાં વિભાજન ભૂંસાતું જાય છે.

**(2) સામાજિક કોટિક્રમમાં પરિવર્તન :** પરંપરાગત વ્યવસ્થામાં જ્ઞાતિનાં વિવિધ સમૂહોનું સ્થાન અસમાન હોવાથી એમાં સામાજિક અસમાનતા જોવા મળતી. આ અસમાન દરજ્જાવાળા જ્ઞાતિસમૂહો ચઢતા-ઊતરતા ક્રમમાં ગોઠવાયા હતાં. જેને સામાજિક કોટિક્રમ કહે છે. જ્ઞાતિવ્યવસ્થાને પોતાનો સામાજિક કોટિક્રમ હતો પરંતુ સમગ્ર ભારતમાં ધાર્મિક દૃષ્ટિએ કેટલીક જ્ઞાતિઓનો દરજ્જો ઊંચો હતો તેમજ કેટલીક જ્ઞાતિઓનો દરજ્જો નીચો હતો. મધ્યમ જ્ઞાતિઓનો દરજ્જો જમીનમાલિકી, સત્તા અને સમાજના વિવિધ માપદંડના આધારે સ્થાનિક કક્ષાએ નક્કી થતો.

વર્તમાન સમયમાં શિક્ષણ, ઔદ્યોગિકીકરણ, શહેરી આધુનિક મૂલ્યો, સાંસ્કૃતિકરણ, કાનૂનીકરણ જેવાં પરિબળોને લીધે જ્ઞાતિના આ લક્ષણમાં ખૂબ મોટો બદલાવ આવ્યો છે. મોટી સંખ્યા અને કૌશલ્ય-મિલકત-આવક ધરાવતા લોકોનું કોટિક્રમમાં સ્થાન આગળ આવ્યું છે. દા.ત., બ્રાહ્મણ, વાણિયા વગેરે જ્ઞાતિઓનો કોટિક્રમ નબળો પડ્યો છે.

**(3) ખાનપાન-સંપર્ક પરના પ્રતિબંધોમાં પરિવર્તન :** કોણે શું ખાવું, કોની સાથે ભોજન લેવું, કોના હાથનું ભોજન લેવું, કોની સાથે બેસવું, કોના ઘરનું પાણી પી શકાય, તેમજ કાચું ભોજન-પાકું ભોજનના ખ્યાલો દ્વારા પરંપરાગત જ્ઞાતિ વ્યવસ્થામાં ખાન-પાન પર અને સંપર્ક પરના પ્રતિબંધો ખૂબ જ મજબૂત હતા. પ્રવર્તમાન સમયમાં શિક્ષણ, ઔદ્યોગિકીકરણ, શહેરીકરણ, સાંસ્કૃતિકીકરણ, આધુનિકીકરણ, પશ્ચિમીકરણ, કાનૂનીકરણ, વૈશ્વીકરણ, સંચાર સાધનોને લીધે આવા પ્રકારના પ્રતિબંધો નબળા પડ્યા છે. શહેરમાં નિર્મૂળ થવા લાગ્યા છે. પરંતુ ગામડાંમાં હજી થોડાક અંશે જોવા મળે છે. આજે તો જંકફૂડ, ફાસ્ટફૂડના જમાનામાં આવા ખ્યાલો ટકી શકે તેમ પણ નથી.

**(4) નાગરિક અને ધાર્મિક અસમર્થતા અને વિશેષ અધિકારોમાં પરિવર્તન :** ભારતની જ્ઞાતિઓમાં સામાજિક કોટિક્રમને લીધે નિમ્ન અને ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓમાં નાગરિક અને ધાર્મિક અધિકારો વિશે અસમાનતા છે. પરંપરાગત જ્ઞાતિ વ્યવસ્થામાં નિમ્ન જ્ઞાતિઓ અનેક પ્રકારના નાગરિક-ધાર્મિક અધિકારોથી વંચિત રહી હતી અને કેટલીક ઉચ્ચ ગણાતી જ્ઞાતિ પાસે વિશેષ અધિકાર હતા, ઉચ્ચ જ્ઞાતિઓ જાહેર જીવનમાં નાગરિક અને ધાર્મિક બાબતમાં સત્તા અને અધિકાર ભોગવતા. વર્તમાન સમયમાં શિક્ષણ, બંધારણ, આધુનિકીકરણ, ઔદ્યોગિકીકરણ, શહેરીકરણ, કાનૂનીકરણ જેમાં અસ્પૃશ્યતા

નિવારણ, એટ્રોસિટી ઍક્ટ જેવાં પરિબળોને લીધે આવા વિશેષ અધિકાર નાબૂદ થયા તેમજ નિમ્ન જ્ઞાતિની અસમર્થતા નાબૂદ થઈ. આજે ગેરબંધારણીય વર્તન કરવામાં આવે તો સજાને પાત્ર બને છે. વૈશ્વિક, લોકશાહી સમાનતાવાદી મૂલ્યોને લીધે પણ આવી અસમર્થતા નાબૂદ થઈ રહી છે.

**(5) વ્યવસાયની પસંદગી પરના અંકુશોમાં પરિવર્તન :** પરંપરાગત જ્ઞાતિવ્યવસ્થામાં વંશપરંપરાગત વ્યવસાયો ચાલ્યા આવતા હતા. તે મુજબ દરેક જ્ઞાતિએ નક્કી કરેલા વ્યવસાય જ જ્ઞાતિના સભ્યે કરવાનો રહેતો. અન્ય જ્ઞાતિના સભ્યને તેમાં પ્રવેશ નહતો. તેમજ પોતાની જ્ઞાતિના સભ્યને પણ અન્ય વ્યવસાય કરવા પર પ્રતિબંધ હતો. જોકે વ્યાપાર, ખેતી, ખેત-મજૂરી અને લશ્કરની નોકરી જેવા વ્યવસાય કોઈ પણ જ્ઞાતિ કરી શકતી. આજે ઔદ્યોગિકીકરણ, શિક્ષણ, શહેરીકરણ, યંત્ર, વૈજ્ઞાનિક ક્રાંતિને લીધે અનેક નવા વ્યવસાયો ઊભા થયા. જેમાં કૌશલ્ય, જ્ઞાન મહત્ત્વના બન્યા. પરિણામે પરંપરાગત-વારસાગત વ્યવસાયોનું આકર્ષણ ઓછું થયું. એટલું જ નહિ પરંપરાગત-વારસાગત વ્યવસાય પર જીવનનિર્વાહ કરવું અઘરું બન્યું. વ્યવસાયના મહાજન-સંગઠનનું નિયંત્રણ નબળું પડ્યું. આથી વ્યવસાય-પસંદગી પરના અંકુશો નાબૂદ થઈ ગયા અને આજે જ્ઞાતિ અને વ્યવસાય વચ્ચેનો સંબંધ નબળો પડ્યો છે.

**(6) લગ્ન પરના પ્રતિબંધોમાં પરિવર્તન :** પરંપરાગત જ્ઞાતિવ્યવસ્થામાં એક પેટા જ્ઞાતિની વ્યક્તિનું બીજા પેટાજ્ઞાતિની વ્યક્તિ સાથેનું લગ્ન પ્રતિબિંધિત હતું. દરેક પેટા જ્ઞાતિમાં લગ્નસંબંધનું ક્ષેત્ર પોતાના જૂથ પૂરતું મર્યાદિત હતું. અંર્તલગ્નનો નિયમ મજબૂત હતો. જો આ નિયમનો ભંગ થાય તો જ્ઞાતિમાંથી કાઢી મૂકવા સુધી સજા થતી. આધુનિક સમયમાં 1954 સ્પેશિયલ મેરેજ એક્ટ, 1955 હિંદુ મેરેજ ઍક્ટ, જ્ઞાતિ અસમર્થતા નિવારણ કાનૂન તેમજ શિક્ષણ, ઔદ્યોગિકીકરણ, શહેરીકરણ અને આધુનિક લોકશાહીનાં મૂલ્યો સ્વીકારવાના લીધે જ્ઞાતિ અંર્તલગ્ન પ્રથા નબળી પડી છે. હવે એકડા, ગામનો ગોળ તેમજ પેટાજ્ઞાતિમાં બંધન નાબૂદ થયા છે. પરંતુ પોતાની જ્ઞાતિમાં લગ્ન કરવાનું વલણ ચાલુ રહ્યું છે. તેમ છતાં ઉપર્યુક્ત પરિબળોને લીધે આંતરજ્ઞાતિય, આંતરધર્મિય લગ્નનું પ્રમાણ વધતું જાય છે. આમ, લગ્ન પરના પ્રતિબંધો નબળા પડવા લાગ્યા છે.

### સામાજિક વર્ગ (Social Class)

વિદ્યાર્થીમિત્રો, આપણે આપણી સામાન્ય વાતચીતમાં બાળવર્ગ, યુવાવર્ગ, સ્ત્રીવર્ગ જેવા શબ્દોમાં 'વર્ગ' શબ્દનો ઉપયોગ કરીએ છીએ. સમાજશાસ્ત્રીય પરિભાષામાં તે બધા વર્ગો સમાજના રચનાકીય એકમો છે. સંખ્યાત્મક પંક્તિઓ નથી. વર્ગનો સંબંધ દરજ્જા સાથે છે. સમાજની વ્યક્તિઓ જુદી જુદી પ્રવૃત્તિઓ અને વ્યવસાયો કરતી હોવાને લીધે સમાજમાં જુદા જુદા દરજ્જાઓ ઉદ્ભવે છે. આવા જુદા જુદા વ્યાવસાયિક દરજ્જાઓનું એકબીજાની તુલનામાં મૂલ્યાંકન થતું હોય છે. તેમાંથી વર્ગો ઉદ્ભવે છે.

**વર્ગનો અર્થ :** દરેક સામાજિક વર્ગ દરજ્જાઓનું બનેલું જૂથ છે. જે લગભગ સમાન પ્રતિષ્ઠા ધરાવે છે અને એક વર્ગ બીજા વર્ગ કરતા દરજ્જાની બાબતમાં ઊંચો કે નીચો ગણાતો હોય છે. મેકાઈવર અને પેજ જણાવે છે કે, 'સામાજિક વર્ગ સમાજનો એવો એક ભાગ છે જે સમાજના બીજા ભાગોથી દરજ્જાના સંદર્ભમાં જુદો પડે છે.' સોરોકીન જણાવે છે કે ''સામાજિક વર્ગ સમાજમાં લોકોનો એવો સમૂહ છે જેના સભ્યો વ્યાવસાયિક, આર્થિક અને રાજકીય દરજ્જાની બાબતમાં સમાન સ્થાન ધરાવે છે.'' તેથી સામાજિક વર્ગને સમાન સામાજિક દરજ્જો ધરાવતા લોકોના સમૂહ તરીકે ઓળખાવી શકાય. વર્ગનો સંબંધ જીવનશૈલી સાથે છે.

### સામાજિક વર્ગનાં લક્ષણો

**(1) વર્ગ-સભાનતા :** દરેક વર્ગના સભ્યો પોતે અમુક વર્ગનો દરજ્જો ધરાવે છે, તેવી સભાનતા ધરાવે છે અને તે વર્ગનું મહત્ત્વનું આત્મલક્ષી લક્ષણ છે. આવી વર્ગ-સભાનતા અમુક વિશિષ્ટ સંજોગોમાં વ્યક્ત થતી હોય છે.

**(2) ઊંચ-નીચનો સ્વીકાર :** સામાજિક વર્ગનું મહત્ત્વનું લક્ષણ એ છે કે, દરેક વર્ગના સભ્યો એવો સ્વીકાર કરતા હોય છે કે પોતે અમુક વર્ગથી ઊંચા છે અને અમુક વર્ગથી નીચા છે.

**(3) સમાન સામાજિક દરજ્જો :** દરેક વર્ગ સમાન દરજ્જો ધરાવતું જૂથ છે. એટલે કે કોઈ પણ એક વર્ગના બધા સભ્યો આવક, સંપત્તિ કે મિલકત, વ્યવસાય, શિક્ષણ, રાજકીય દરજ્જો લગભગ સમાન હોય છે. એક જ સામાજિક વર્ગના સભ્યો એકબીજાને સામાજિક રીતે સમકક્ષ તરીકે જુએ છે. તેમનાં પારસ્પરિક વર્તનો અને સંબંધોમાં દરજ્જાની સમાનતા વ્યક્ત થાય છે.

**(4) અંતર્લગ્ન :** દરેક વર્ગ ઓછેવત્તે અંશે અંતર્વિવાહી જૂથ છે. દરેક વર્ગના સભ્યો સામાન્ય રીતે પોતાના વર્ગમાંથી જીવનસાથીની પસંદગી કરવાનું વલણ ધરાવતા હોય છે.

**(5) વર્ગનું એકમ કુટુંબ :** વર્ગ એ કુટુંબનો બનેલો સ્તર છે. વર્ગ કોટિક્રમના સંદર્ભમાં કુટુંબ એકમ છે. કુટુંબના બધા સભ્યો સમાન વર્ગદરજ્જો ધરાવે છે. વ્યક્તિને જન્મથી વર્ગદરજ્જો મળે છે.

**(6) સમાન જીવનશૈલી :** દરેક સામાજિક વર્ગની એક જીવનશૈલી છે. એક વર્ગની જીવનશૈલી બીજા વર્ગથી જુદી પડે છે. એક જ વર્ગના સભ્યો સમાન મૂલ્યો, વલણ અને જીવનપદ્ધતિ ધરાવતા હોય છે. જીવનશૈલી વ્યાપક ખ્યાલ છે, જેમાં મકાન, વ્યવસાય, જીવનકાર્ય, મનોરંજનનાં સાધનો જેવી અનેકવિધ બાબતોનો સમાવેશ થાય છે. કોઈ પણ એક વર્ગના સભ્યો આ બધી બાબતોમાં સમાનતા ધરાવતા હોય છે.

**(7) સ્વયંજનિત :** સામાજિક વર્ગ સ્વયંજનિત જૂથ છે. સમૂહજીવન, શ્રમવિભાજન કે જન્મગત તફાવતો, સામાજિક વાતાવરણના તફાવતો વગેરે સમાજની સામાન્ય લાક્ષણિકતાઓને લીધે કોઈ ને કોઈ સ્વરૂપના વર્ગો આપોઆપ ઉદ્ભવે છે. તેથી જ વર્ગવિહીન સમાજ શક્ય નથી.

વિદ્યાર્થીમિત્રો, માનવ સમાજવ્યવસ્થા સદીઓથી અસ્તિત્વ ધરાવે છે. તેનું સાતત્ય જળવાઈ રહેવામાં માનવે વિકસાવેલ સામાજિક સંસ્થાની મહત્ત્વની ભૂમિકા છે. આ પ્રકરણમાં આપણે લગ્ન, કુટુંબ, જ્ઞાતિ જેવી સમાજની મૂળભૂત સામાજિક સંસ્થાઓને સમજવાનો પ્રયત્ન કર્યો છે. લગ્ન, લગ્નના પ્રકારો, હેતુઓ, કુટુંબનું સ્વરૂપ, પ્રકારો, તેમાં આવેલ પરિવર્તનો, જ્ઞાતિ, જ્ઞાતિનાં લક્ષણો, જ્ઞાતિમાં આવેલ પરિવર્તનો, વર્ગ, વર્ગનાં લક્ષણો વગેરેની ચર્ચાને આધારે તે અંગેની સમજણ પ્રાપ્ત થઈ હશે. સમાજશાસ્ત્રમાં વિવિધ સંસ્થાઓના અભ્યાસ માટે ચોક્કસ પ્રકારની પદ્ધતિ અને પ્રયુક્તિઓ વિકસી છે, સમાજશાસ્ત્રીય સંશોધન પદ્ધતિ વિશે હવે પછીના એકમમાં માહિતી મેળવીશું.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો :**

(1) સામાજિક સંસ્થાનો અર્થ આપી સામાજિક સંસ્થાનાં લક્ષણો જણાવો.

(2) કુટુંબનો અર્થ આપી કુટુંબના પ્રકાર સમજાવો.

(3) લગ્ન-સંસ્થા એટલે શું ? લગ્નના ઉદ્દેશો (હેતુઓ) સમજાવો.

(4) જ્ઞાતિનાં લક્ષણોની ચર્ચા કરો.

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો :**

(1) કુટુંબનાં લક્ષણો.

(2) લગ્નનાં કાર્યો.

(3) જ્ઞાતિ-સંસ્થામાં પરિવર્તન.

(4) કુટુંબ-સંસ્થામાં પરિવર્તન.

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો :**

(1) જ્ઞાતિની વ્યાખ્યા જણાવો.

(2) સામાજિક વર્ગ એટલે શું ?

(3) ભ્રાતૃકીય લગ્ન એટલે શું ?

**4. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) વિભક્ત કુટુંબ એટલે શું ?

(2) માતૃસત્તાક કુટુંબમાં વંશની ગણતરી કોનાં નામથી થાય છે ?

(3) એકસાથી લગ્નપ્રથા એટલે શું ?

(4) સમલોમ લગ્ન એટલે શું ?

**5. નીચેના પ્રત્યેક પ્રશ્નમાં આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર આપો :**

(1) સામાજિક સંસ્થા એ કેવા પ્રકારની કાર્યપ્રણાલી છે ?

(અ) પ્રસ્થાપિત (બ) વિસ્થાપિત (ક) ચોક્કસ (ડ) એક પણ નહિ.

(2) માતૃસત્તાક કુટુંબમાં મિલકતનો વારસો કોને મળે છે ?

(અ) પુત્રી (બ) પુત્ર (ક) પુત્ર-પુત્રી બંને (ડ) કોઈ પણને નહિ.

(3) વિભક્ત કુટુંબમાં કુટુંબના નિર્ણયો કેવી રીતે લેવાય છે ?

(અ) એકપક્ષીય રીતે (બ) સર્વસંમતિથી (ક) કુટુંબના વડા દ્વારા (ડ) માતા દ્વારા

(4) સ્પેશિયલ મેરેજ ઍક્ટ કઈ સાલમાં ઘડાયો ?

(અ) 1954 (બ) 1956 (ક) 1958 (ડ) 1961

**પ્રવૃત્તિ**

- તમારા કુટુંબનું કુટુંબવૃક્ષ બનાવો.
- જુદા-જુદા ધર્મની લગ્નપ્રથા અંગે માહિતી એકત્ર કરો.
- આંતરજ્ઞાતીય લગ્ન સ્વીકાર્ય કે અસ્વીકાર્ય ? તે અંગે ચર્ચાસભા યોજો.
- ભારતીય સમાજમાં જ્ઞાતિસંસ્થા નાબૂદ થઈ રહી છે ? - ચર્ચો.
- વર્તમાન સમયમાં જ્ઞાતિનાં લક્ષણોમાં તમારી દૃષ્ટિએ કેવા પરિવર્તન થયા છે - તેની નોંધ લખો.

●

# 7 સમાજશાસ્ત્રીય સંશોધન-પદ્ધતિઓ

**પ્રસ્તાવના**

સમાજશાસ્ત્રનો ઉદ્ભવ અને એક સામાજિક વિજ્ઞાન તરીકે તેનો વિકાસ તથા અન્ય વિષય સાથેનો તેનો સંબંધ અને તેના વિશાળ વિષયવસ્તુનો પરિચય આપણે આગળના એકમોમાં મેળવ્યો.

આપણા પરિવર્તનશીલ સમાજમાં વિજ્ઞાનના વિકાસના ઇતિહાસને તપાસીએ તો પહેલાં માત્ર તત્ત્વજ્ઞાનમાં ભૌતિક અને સામાજિક જગતનું જ્ઞાન સંગૃહીત હતું; પરંતુ સમયના પ્રવાહ સાથે માનવીએ વિકસાવેલી પોતાની વિશિષ્ટ સંસ્કૃતિ અને નવી શોધોના પરિણામે ભૌતિક અને સામાજિક જગતનો અભ્યાસ કરતી જુદી જુદી શાખાઓ અસ્તિત્વમાં આવી અને સ્વાયત્ત રીતે વિકસવા લાગી. આ શાખાઓમાં વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુથી અભ્યાસ કરવાની દૃષ્ટિનું જોડાણ થતા અનેક ભૌતિક અને સામાજિક વિજ્ઞાનોનો વિકાસ શક્ય બન્યો.

એક સામાજિક વિજ્ઞાન તરીકે સમાજશાસ્ત્રનો ઉદ્દેશ સમાજમાં ઉદ્ભવતી અને સમાજ સાથે સંકળાયેલી ઘટનાઓને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી તપાસી, એ અંગે વિસ્તૃત માહિતી મેળવવાનો છે કે જેથી આ ઘટનાઓને વૈજ્ઞાનિક રીતે સમજી શકાય અને તે સંબંધી સિદ્ધાંતો સ્થાપિત કરી શકાય. સમાજની ઘટનાઓ વિશે ઊંડાણપૂર્વકનું સંશોધન એ સમાજશાસ્ત્રનું મુખ્ય હાર્દ છે, ત્યારે સમાજશાસ્ત્રની સંશોધન પદ્ધતિઓની માહિતી મેળવવી ખૂબ જરૂરી બને છે. આ એકમમાં આપણે સંશોધન-પ્રક્રિયા અને સમાજશાસ્ત્રની સંશોધન-પદ્ધતિઓ વિશે ટૂંકી માહિતી મેળવીશું.

## સામાજિક સંશોધનની વ્યાખ્યા

રેડમન અને મોરીના મતે 'નવું જ્ઞાન મેળવવાનો પદ્ધતિસરનો પ્રયાસ એટલે સંશોધન.'

ટૂંકમાં સામાજિક સંશોધન એટલે સમાજજીવનની ઘટનાઓનું વૈજ્ઞાનિક પદ્ધતિથી વિશ્લેષણ કરી તે વિશ્લેષણના આધારે સમાજજીવનને સ્પર્શતા સિદ્ધાંતો કે નિયમો સાથે ખ્યાલો રચી શકાય તે માટેની વૈજ્ઞાનિક પ્રવૃત્તિ કે પ્રક્રિયા. એક અર્થમાં જ્ઞાન મેળવવા માટે પદ્ધતિસરનો પ્રયાસ એટલે સંશોધન.

## સામાજિક સંશોધનના હેતુઓ

પૉલિન યંગના મતે સામાજિક સંશોધનનાં મુખ્યત્વે ત્રણ ધ્યેયો કે હેતુઓ છે : (1) હકીકતોની શોધ અને ચકાસણી કરવી. (2) હકીકતો વચ્ચેનો સંબંધ શોધવો. (3) વૈજ્ઞાનિક સિદ્ધાંત સ્થાપવો.

આ ત્રણેય હેતુઓને આપણે નીચે મુજબ સમજી શકીએ :

**(1) હકીકતોની શોધ અને ચકાસણી :** સામાજિક સંશોધનનો મુખ્ય હેતુ નવી સામાજિક હકીકતોને શોધવી અને જૂની હકીકતોને ચકાસી તેનું પરીક્ષણ કરવું તે છે. સંશોધનમાં જ્યારે નિરીક્ષણ કરવામાં આવે છે ત્યારે એવું માનીને નિરીક્ષણ કરવામાં આવે છે કે કોઈ પણ હકીકત એકબીજા સાથે જોડાયેલ હોય છે. આ હકીકતો એકબીજાથી અલગ હોતી નથી. જો એક સામાજિક હકીકત અન્ય સામાજિક હકીકત સાથે સંબંધિત હોય તો જ તે અર્થપૂર્ણ બને છે. આમ, આપણે કહી શકીએ કે સામાજિક સંશોધનમાં હકીકતો પાછળ છુપાયેલા રહસ્યને શોધવાનો પ્રયાસ થાય છે.

**(2) હકીકતો વચ્ચેનો સંબંધ શોધવો :** સામાજિક સંશોધનનો બીજો મહત્ત્વનો હેતુ છે - હકીકતો વચ્ચેના સંબંધને શોધવો. સામાજિક સંશોધનમાં એકત્ર કરેલ હકીકતોની તાર્કિક અને ક્રમબદ્ધ ગોઠવણી સાથે તેનું પૃથક્કરણ કરી, હકીકતો વચ્ચેના સંબંધનું વિશ્લેષણ કરી, તે હકીકતનો ગૂઢાર્થ જાણી, હકીકતો વચ્ચેના સંબંધના પ્રકારના સ્વરૂપને (સહસંબંધ કે કાર્યકારણનો) તપાસવાનો છે.

**(3) વૈજ્ઞાનિક સિદ્ધાંત સ્થાપવો :** સામાજિક સંશોધનનો ત્રીજો અને અંતિમ હેતુ સંશોધન-પ્રક્રિયાના અંતે સમાજજીવનને લગતો ચોક્કસ સિદ્ધાંત પ્રસ્થાપિત કરવાનો છે. આ સાથે માનવવર્તનના અભ્યાસમાં મદદરૂપ થઈ શકે તેવાં વૈજ્ઞાનિક સાધનો અને ખ્યાલોના વિકાસ સાથે અન્ય સિદ્ધાંતોનો વિકાસ કરવો તે છે.

**સામાજિક સંશોધનનાં મુખ્ય સોપાનો**

સામાજિક સંશોધન એ એક વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. તેનાં મુખ્ય સોપાનો નીચે મુજબ છે :

(1) સંશોધન વિષયની પસંદગી (2) સંશોધન-આયોજન (3) ઉપકલ્પનાનું નિર્માણ (4) માહિતી એકત્રીકરણની પ્રયુક્તિની પસંદગી (5) માહિતીનું એકત્રીકરણ (6) માહિતીનું વર્ગીકરણ અને પૃથક્કરણ (7) સંશોધનનાં તારણો અને સામાન્યીકરણ (સંશોધન અહેવાલ).

ઉપર્યુક્ત સોપાનોની વિસ્તૃત સમજ આપણે નીચે મુજબ મેળવી શકીએ :

**(1) વિષયપસંદગી :** સંશોધકે (સંશોધન કરનાર) જુદાં જુદાં સંશોધન ક્ષેત્રો વિશે સર્વાંગી દૃષ્ટિએ વિચારણા કરી તે સંશોધન પૈકી કોઈ એક વિષયની પસંદગી ચોક્સાઈપૂર્ણ રીતે કરવી એ વૈજ્ઞાનિક સંશોધનનું પ્રથમ સોપાન છે. કોઈ પણ સંશોધન કાર્યના પ્રારંભ માટે વિષયની પસંદગી કરવી એ અતિઆવશ્યક બાબત છે, કેમકે વિષયપસંદગી વગર સંશોધન શક્ય બનતું નથી. દા.ત. ગુજરાતમાં સ્ત્રી-પુરુષ જાતિ પ્રમાણની સમસ્યા.

**(2) સંશોધન-આયોજન :** સંશોધકે વૈજ્ઞાનિક પદ્ધતિથી સંશોધન કરવું હોય તો તેને માટે આગવું આયોજન કરવું જરૂરી બની જાય છે. આયોજન એ સંશોધકને સંશોધનની દિશા નક્કી કરી આપતું તાર્કિક અને આયોજિત સાધન છે. જોકે સામાજિક ઘટનાઓની જટિલતાને કારણે ચોક્કસ અને ચુસ્ત આયોજન ભાગ્યે જ શક્ય બને છે, કેમકે સંશોધનકાર્ય જેમ જેમ આગળ વધે છે તેમ તેમ નિયત આયોજનમાં કેટલાક ફેરફારો કરવાની આવશ્યકતા પણ ઊભી થાય છે. આથી, એમ કહી શકાય કે સંશોધન પૂર્વે કરવામાં આવતું આયોજન એ માત્ર કામચલાઉ અને સંશોધકને માત્ર દિશાનિર્દેશ કરવાનું કાર્ય કરે છે. આથી સંશોધનનું આયોજન કરતી વખતે સંશોધકે કેટલાક મહત્ત્વના નિર્ણયો લેવાના હોય છે. સંશોધકે ક્યારથી સંશોધનકાર્યનો આરંભ કરવો, સંશોધન ક્ષેત્રની સીમા નક્કી કરવી, માહિતી એકત્ર કરવા માટે કઈ પદ્ધતિ અપનાવવી જેવી બાબતોના નિર્ણયો સંશોધન-આયોજનમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**(3) ઉપકલ્પનાનું નિર્માણ :** ઉપકલ્પનાનું નિર્માણ એ સંશોધન-પ્રક્રિયાની પાયાની અત્યંત મહત્ત્વની બાબત છે. જોકે બધા જ વિદ્વાનો ઉપકલ્પનાના નિર્માણને સંશોધનના સ્વતંત્ર સોપાન તરીકે લેખતા નથી. ઉપકલ્પના એ વાસ્તવિક ઘટનાનાં તથ્યો કે હકીકતો વચ્ચેના સહસંબંધ અંગેનું માત્ર કામચલાઉ ધારેલું વિધાન છે કે જેની ચકાસણી કરવાની બાકી હોય છે. ઉપકલ્પનાના નિર્માણ માટે ભૂતકાળમાં આ જ પ્રકારની ઘટનાના નિર્માણ સાથે જોડાયેલ અને કારણભૂત મનાતાં પરિબળોને સંશોધક અલગ તારવે અને તેમની વચ્ચેના સહસંબંધ માટે પ્રશ્નરૂપ વિધાન કરે છે. આ પ્રશ્નરૂપ વિધાન એટલે ઉપકલ્પના. આ ઉપકલ્પનાને સંશોધન-પ્રક્રિયા દરમિયાન તપાસવામાં આવતી હોય છે. દા.ત., સ્ત્રી-ભ્રૂણહત્યાનો દર વધે તેમ સ્ત્રીઓની સંખ્યામાં ઘટાડો થાય.

**(4) માહિતી એકત્રીકરણની પ્રયુક્તિની પસંદગી :** સંશોધનનું આ અતિ મહત્ત્વનું સોપાન છે. આ પ્રયુક્તિઓ દ્વારા જ સંશોધકે પોતાના સંશોધન-પ્રશ્ન વિશેની માહિતી એકત્ર કરવાની હોય છે અને એકત્ર કરેલ માહિતીના આધારે જ ઉપકલ્પનાની ચકાસણી કરવાની હોય છે. ઉપકલ્પનાની ચકાસણી માટે ચોક્કસ, આધારભૂત અને વિશ્વસનીય માહિતી પ્રાપ્ત થાય એ ખૂબ જરૂરી છે. તેને માટે સંશોધકે પોતાના અભ્યાસક્ષેત્ર, માહિતીના સ્ત્રોત, માહિતીનું સ્વરૂપ અને કદને ધ્યાનમાં રાખીને નિરીક્ષણ, મુલાકાત, પ્રશ્નાવલિ, અનુસૂચિ જેવી માહિતી એકત્રીકરણની પ્રયુક્તિમાંથી કાળજીપૂર્વક રીતે જરૂરિયાત મુજબની પ્રયુક્તિ પસંદ કરવાની હોય છે. દા.ત., ગુજરાતમાં સ્ત્રી-પુરુષ જાતિ પ્રમાણ અંગેના સંશોધન માટે માહિતી એકત્રીકરણ માટે કઈ પ્રયુક્તિઓ પસંદ કરવી તે નક્કી કરવું પડે.

**(5) માહિતીનું એકત્રીકરણ :** સંશોધકે નિર્માણ કરેલી સંશોધન માટેની ઉપકલ્પનાની ચકાસણી માટે અભ્યાસ હેઠળની ઘટના વિશે માહિતી એકત્ર કરવી જરૂરી બને છે. જ્યાં સુધી ઉપકલ્પનાની ચકાસણી કરવામાં ન આવે ત્યાં સુધી વિજ્ઞાન તેની યથાર્થતાને સ્વીકારતું નથી. ચોક્કસ માહિતીના આધારે સંશોધકે ઉપકલ્પનાની યથાર્થતા સિદ્ધ કરવાની હોય છે. તેનો આધાર સંશોધકે પસંદ કરેલ માહિતી એકત્રીકરણની પ્રયુક્તિનો ઉપયોગ કરી, તટસ્થ રહીને માહિતી પ્રાપ્ત કરવા પર હોય છે. સંશોધકનો પૂર્વગ્રહ સંશોધનમાં હાનિકર્તા નીવડે છે.

**(6) માહિતીનું વર્ગીકરણ અને પૃથક્કરણ :** સંશોધકે વૈજ્ઞાનિક પ્રયુક્તિથી એકત્ર કરેલ માહિતીને અર્થપૂર્ણ બનાવવી હોય તો સંશોધક દ્વારા જે માહિતી મેળવવામાં આવે તેને તાર્કિક સંબંધને આધારે પરસ્પર જોડવામાં આવે. આ માટે આવશ્યક છે - મેળવેલ માહિતીનું વર્ગીકરણ અને પૃથક્કરણ. માહિતીનું વર્ગીકરણ અને પૃથક્કરણ માહિતીના સંબંધને જાણવા માટે પણ એટલું જ જરૂરી છે. કોઈપણ છૂટીછવાઈ માહિતીના આધારે કોઈ વૈજ્ઞાનિક સિદ્ધાંત કે તારણ નિષ્પન્ન કરી શકાય નહિ. આથી જ સંશોધકે માહિતીમાં સમાનતા કે વિભિન્નતાના આધારે વર્ગીકરણ કરવું જરૂરી બને છે. દા.ત., ઉપર્યુક્ત સંશોધન મુદ્દામાં જાતિ (sex) ધર્મ, વૈવાહિક દરજ્જો, જ્ઞાતિ વગેરે જેવી બાબતોનું વર્ગીકરણ કરી શકાય.

**(7) સંશોધનનાં તારણો અને સામાન્યીકરણ (અહેવાલ લેખન) :** સંશોધન પ્રક્રિયાનું આ અંતિમ સોપાન છે. સંશોધક મેળવેલ માહિતીના વર્ગીકરણને આધારે જુદી જુદી હકીકતો વચ્ચેના સંબંધની સ્પષ્ટતા મેળવે છે અને તેના પરથી હકીકતો વિશે ચોકસાઈપૂર્વક વિધાનો રજૂ કરે છે. આવાં વિધાનો એટલે તારણો. આવાં તારણોની જેમાં રજૂઆત કરવામાં આવે તેને સંશોધન અહેવાલ કહેવામાં આવે છે.

સંશોધક કોઈપણ ઘટના વિશે સંશોધન કરીને જે તારણો રજૂ કરે એ તારણો એકમાત્ર ઘટનાને જ લાગુ પડતા હોય તેવું હોતું નથી; પરંતુ આ ઘટના અને તેને સમાન અન્ય તમામ ઘટનાઓને પણ એટલા જ લાગુ પડતા હોય છે. આમ, એક ઘટનાનો અભ્યાસ કરીને તારવવામાં આવેલાં તારણો તે જ વર્ગની અન્ય ઘટનાઓને જ્યારે લાગુ પાડવામાં આવે એ પ્રક્રિયાને સામાન્યીકરણ કહેવામાં આવે છે. આ સામાન્યીકરણમાંથી જ સિદ્ધાંતો અસ્તિત્વમાં આવતા હોય છે.

### સમાજશાસ્ત્રની સંશોધન પદ્ધતિઓ

**(1) સર્વેક્ષણ પદ્ધતિ :** સમાજશાસ્ત્રમાં માહિતી એકત્રીકરણની પદ્ધતિ તરીકે અતિ પ્રચલિત અને વ્યાપક ઉપયોગમાં લેવામાં આવતી પદ્ધતિ એટલે સર્વેક્ષણ. માત્ર સામાજિક સંશોધનોમાં જ નહિ; પરંતુ સરકારી અને બિનસરકારી જેવાં અનેક ક્ષેત્રોમાં અનેકવિધ હેતુઓ માટે સર્વેક્ષણનો ઉપયોગ થાય છે. તમે પણ ક્યારેક આવા સર્વેક્ષણમાં જોડાયા હશો. સામાન્ય રીતે લોકોનાં વલણો, વર્તનો, માન્યતાઓ, અભિપ્રાયો, અપેક્ષાઓ વગેરેના અભ્યાસમાં આ પદ્ધતિનો ઉપયોગ થાય છે. ટૂંકમાં માહિતી એકત્રીકરણની અતિ લોકપ્રિય પદ્ધતિ એટલે સર્વેક્ષણ પદ્ધતિ. સર્વેક્ષણનો પ્રારંભ સૈદ્ધાંતિક કે વ્યવહારલક્ષી સંશોધન પ્રશ્નથી થાય છે અને તેનાં માપન તથા માહિતીના વિશ્લેષણ સાથે તે પૂર્ણ થાય છે.

સર્વેક્ષણ પદ્ધતિમાં માહિતી એકત્રીકરણ માટે બે પ્રયુક્તિનો ઉપયોગ થાય છે : (1) મુલાકાત પ્રયુક્તિ (2) પ્રશ્નાવલિ પ્રયુક્તિ.

મોટા ભાગનાં સંશોધન-પ્રશ્નો માટે સમષ્ટિમાંથી કે સમષ્ટિના ભાગમાંથી પ્રશ્નાવલિ કે મુલાકાત અનુસૂચિનો ઉપયોગ કરી માહિતી એકત્ર કરવાની જરૂરિયાત ઊભી થાય છે. માહિતી એકત્ર કરતા આવા અભ્યાસોને સામાન્ય રીતે સર્વેક્ષણ કહેવામાં આવે છે.

ટૂંકમાં સમાજજીવનને લગતી માહિતી એકત્ર કરી તેનું વર્ણન કરવાની વૈજ્ઞાનિક પદ્ધતિ એટલે સર્વેક્ષણ.

**સર્વેક્ષણના વિભાગ**

| સમષ્ટિ સર્વેક્ષણ (સેન્સસ સર્વેક્ષણ) | નિદર્શ સર્વેક્ષણ (સેમ્પલ સર્વેક્ષણ) |
|---|---|
| અભ્યાસ-પ્રશ્નને લગતી માહિતી સમગ્ર વસ્તી કે સમષ્ટિમાંથી એકત્ર કરવામાં આવે તે | જે અભ્યાસો વસ્તી કે સમષ્ટિના પ્રતિનિધિત્વ ધરાવતા ભાગ (નમૂના)ને લગતા હોય તે |

**સામાજિક સર્વેક્ષણના હેતુઓ :** (1) વર્ણનાત્મક હેતુ (2) સૈદ્ધાંતિક હેતુ.

**(1) વર્ણનાત્મક હેતુ :** વર્ણનાત્મક હેતુથી હાથ ધરાયેલાં સર્વેક્ષણ ઉપયોગિતાના પાયા પર રચાયેલા હોય છે. આવા સર્વેક્ષણનું ધ્યેય સમાજજીવનના કોઈ ને કોઈ પાસાને સ્પર્શતી માહિતી એકત્ર કરી તેનાં વર્ણનનું હોય છે. આવા સર્વેક્ષણને વર્ણનાત્મક સર્વેક્ષણ કહેવામાં આવે છે. આ સર્વેક્ષણમાં માહિતીના વર્ણન પાછળનું મુખ્ય ધ્યેય સમાજ-કલ્યાણ માટે રચનાત્મક કાર્યક્રમ રજૂ કરવા કે તેના આધારે પગલાં ભરવાનો હોય છે.

**(2) સૈદ્ધાંતિક હેતુ :** સૈદ્ધાંતિક હેતુથી હાથ ધરવામાં આવતા સર્વેક્ષણનો હેતુ હકીકતોની સમજૂતી કે સ્પષ્ટીકરણનો હોય છે. આવા સર્વેક્ષણમાં સામાજિક સિદ્ધાંતો દ્વારા સૂચિત થતી ઉપકલ્પનાને ચકાસવામાં આવતી હોય છે અને ઘટનાઓ ઉપર જુદાં જુદાં પરિબળોની અસરને તપાસવામાં આવે છે. આવા સર્વેક્ષણને વિશ્લેષણાત્મક સર્વેક્ષણ પણ કહેવામાં આવે છે.

સામાજિક સર્વેક્ષણમાં વૈજ્ઞાનિક સંશોધનનાં સોપાનો મુજબ સમાજજીવનને લગતી માહિતી એકત્ર કરવામાં આવે છે.

**મુલાકાત પ્રયુક્તિ**

સામાજિક સંશોધનમાં માહિતી એકત્ર કરવાની એક પ્રયુક્તિ એટલે–મુલાકાત પ્રયુક્તિ. સામાજિક સંશોધનમાં સંશોધક સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખી જેનો અભ્યાસ કરવા માંગતા હોય તેવી વ્યક્તિઓને પ્રત્યક્ષ મળી, પ્રશ્નો પૂછીને માહિતી એકત્ર કરવાનો પ્રયાસ કરે છે. એટલે કે સંશોધક દ્વારા ઉત્તરદાતાને રૂબરૂ મળી, વાતચીત કરી, પ્રશ્નો પૂછી, માહિતી એકત્ર કરવાની પ્રયુક્તિ એટલે મુલાકાત પ્રયુક્તિ.



**મુલાકાત**

મુલાકાતમાં બે પક્ષ હોય છે. એક મુલાકાત લેનાર (સંશોધક) અને બીજો મુલાકાત આપનાર (માહિતીદાતા કે ઉત્તરદાતા). મુલાકાતમાં સંશોધક પોતાના સંશોધન-પ્રશ્ન કે સમસ્યાના સંદર્ભે ઉત્તરદાતાને વ્યક્તિગત રીતે રૂબરૂ મળે છે. તેને પ્રશ્નો પૂછીને પોતાના અભ્યાસ અનુસંધાને માહિતી એકત્ર કરે છે. આ અર્થમાં મુલાકાત એટલે સંશોધક અને માહિતીદાતા વચ્ચેની મોઢામોઢની શાબ્દિક આપ-લેની પ્રક્રિયા. આમ, મુલાકાતને બે વ્યક્તિ વચ્ચેની આંતરક્રિયા પણ ગણાવી શકાય.

મુલાકાતમાં સંશોધક બે રીતના ઉપયોગથી માહિતી મેળવે છે. તેમાં એક મુલાકાત અનુસૂચિ અને બીજી મુલાકાત માર્ગદર્શિકા.

**(1) મુલાકાત અનુસૂચિ :** સંશોધન પ્રશ્નના અનુસંધાનમાં પ્રશ્નોની બનેલી વિગતવાર યાદી એટલે મુલાકાત અનુસૂચિ. મુલાકાત અનુસૂચિ એ સંશોધન-સમસ્યાના સંદર્ભે પહેલેથી ઘડાયેલા ક્રમબદ્ધ પ્રશ્નોનું બનેલું પત્રક છે.

સંશોધક ઉત્તરદાતાની મુલાકાત લે ત્યારે ઉત્તરદાતાને રૂબરૂ ક્રમબદ્ધ પ્રશ્નો પૂછે છે અને ઉત્તરદાતા જે ઉત્તર આપે તેને માહિતીપત્રકમાં નોંધે છે.

**(2) મુલાકાત માર્ગદર્શિકા :** ડેનિસ અને સ્ટીફનના મતે 'મુલાકાત માર્ગદર્શિકા એ જોઈતી માહિતીના પ્રકારની રૂપરેખા સૂચવતી માર્ગદર્શિકા છે. તે નિશ્ચિત પ્રશ્નોની બનેલી નથી; પરંતુ કઈ કઈ વિગતોને લગતી માહિતીની જરૂર છે તે વિગતો દર્શાવતી યાદી છે. જે યાદી ધ્યાનમાં રાખી મુલાકાત લેનાર માહિતીદાતાને પ્રશ્નો પૂછે છે અને જોઈતી માહિતી એકત્ર કરે છે.'

**પ્રશ્નાવલિ પ્રયુક્તિ**

સામાજિક સંશોધનમાં માહિતી એકત્ર કરવાની બીજી પ્રયુક્તિ એ પ્રશ્નાવલિ પ્રયુક્તિ છે. સંશોધન-પ્રશ્નના અનુસંધાને સંશોધકે રચેલા પ્રશ્નોની યાદી એટલે પ્રશ્નાવલિ. વિદ્યાર્થીજીવનમાં તમે પણ શાળા કે છાત્રાલયમાં પ્રવેશ મેળવવા પ્રવેશપત્રમાં આપેલા પ્રશ્નોની વિગતો જાતે ભરી હશે. એ પ્રવેશપત્ર વિશે વિચારશો તો તમે સમજી શકશો કે પ્રશ્નાવલિ વાસ્તવમાં પ્રશ્નોની એક યાદી કે પત્રક છે, જેના જવાબો જે-તે વ્યક્તિએ જાતે ભરવાના હોય છે.

ગુડ અને હટ્ટના મતે 'પત્રકના ઉપયોગ દ્વારા પ્રશ્નોના ઉત્તરો મેળવવાની એક પ્રયુક્તિ એટલે પ્રશ્નાવલિ.'

આ પત્રકના પ્રશ્નોના ઉત્તરો ઉત્તરદાતા જાતે લખે છે.

સંશોધક પ્રશ્નાવલિનો ઉપયોગ બે રીતે કરી શકે છે : (1) રૂબરૂ કે હાથોહાથ પહોંચાડીને (2) ટપાલ કે ઈ-મેઇલ દ્વારા મોકલીને.

જો સંશોધન સાથે સંકળાયેલ ઉત્તરદાતાઓ કોઈ ચોક્કસ સ્થળે હોય તો સંશોધક તેને રૂબરૂ મળી પ્રશ્નાવલિ આપી શકે છે; ઉપરાંત એક નિશ્ચિત સ્થળે ઉત્તરદાતાઓને એકત્ર કરી, પ્રશ્નાવલિ ભરાવવામાં આવે છે. જો ઉત્તરદાતાઓ સંશોધકથી કોઈ દૂરના સ્થળે સ્થાયી હોય ત્યારે સંશોધક ટપાલ કે ઈ-મેઇલ દ્વારા તેને પ્રશ્નાવલિ મોકલાવે છે. આ પ્રશ્નાવલિ પ્રયુક્તિના કેટલાક લાભ અને ગેરલાભ નીચે મુજબ છે :

**પ્રશ્નાવલિના લાભો**

(1) વિશાળ સંખ્યામાં વ્યક્તિઓ કે વિશાળ વિસ્તારમાં ફેલાયેલ વ્યક્તિઓ પાસેથી આ પ્રયુક્તિથી સરળતાથી માહિતી મેળવી શકાય છે.

(2) ટપાલ કે ઈ-મેઇલ દ્વારા પ્રશ્નાવલિ મોકલવાની સુવિધાને કારણે સંશોધકના સમય અને નાણાં બંનેની બચત થાય છે.

(3) પ્રશ્નાવલિના ઉત્તર આપવાના સમયે ઉત્તરદાતા સમક્ષ સંશોધક પ્રત્યક્ષ હાજર ન હોવાથી ઉત્તરદાતા કોઈ પણ જાતના દબાણ કે સંકોચ વિના મુક્ત મને ઉત્તરો આપી પોતાના અભિપ્રાય આપી શકે છે.

**પ્રશ્નાવલિના ગેરલાભ**

(1) પ્રશ્નાવલિનો ઉપયોગ માત્ર શિક્ષિત વર્ગના ઉત્તરદાતાઓ જ કરી શકે છે.

(2) ટપાલ અને ઈ-મેઇલ દ્વારા મોકલવામાં આવતી પ્રશ્નાવલિ ક્યારેક ઉત્તરાદાતાઓ પાસેથી પરત આવતી નથી, તો ક્યારેક એવું પણ બને છે કે જે પ્રશ્નાવલિ પરત આવે ત્યારે તે અધૂરી વિગતો કે માહિતી સાથેની હોય છે.

(3) ઘણી વાર ઉત્તરદાતાઓ સમયસર પ્રશ્નાવલિ પરત મોકલાવતા નથી.

(4) બધા જ ઉત્તરદાતાઓને કેન્દ્રમાં રાખીને પ્રશ્નોની રચના કરવી એ સંશોધક માટે કઠિન હોય છે.

**પ્રશ્નાવલિના પ્રકારો**

પ્રશ્નાવલિમાં સમાવિષ્ટ પ્રશ્નોના સ્વરૂપને ધ્યાનમાં રાખીને તપાસીએ તો પ્રશ્નાવલિના મુખ્ય પ્રકારો નીચે પ્રમાણે દર્શાવી શકાય : (1) પ્રતિબંધિત પ્રશ્નાવલિ કે વૈકલ્પિક જવાબી પ્રશ્નાવલિ (2) અપ્રતિબંધિત પ્રશ્નાવલિ કે મુક્તજવાબી પ્રશ્નાવલિ (3) પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રશ્નોવાળી પ્રશ્નાવલિ અને (4) ચિત્રાત્મક પ્રશ્નાવલિ

**(1) પ્રતિબંધિત પ્રશ્નાવલિ કે વૈકલ્પિક જવાબી પ્રશ્નાવલિ :** પ્રશ્નાવલિના આ પ્રકારમાં પ્રશ્નોના ઉત્તરો નક્કી કરેલા હોય છે. જેમકે, 'હા', 'ના' કે 'ખબર નથી' અથવા તો પુછાયેલા પ્રશ્નોના ઉત્તરો વિકલ્પના સ્વરૂપમાં આપવામાં આવેલા હોય કે પછી પ્રશ્નાવલિમાં આપેલ પ્રશ્નો સાથે ઉત્તરદાતાએ સંમતિ કે અસંમતિ દર્શાવવાની હોય એવા પ્રશ્નોને પ્રશ્નાવલિના આ પ્રકારમાં સમાવવામાં આવે છે. આ પ્રશ્નાવલિમાં પુછાયેલા પ્રશ્નોને પ્રતિબંધિત પ્રશ્નો અને પ્રશ્નાવલિને પ્રતિબંધિત પ્રશ્નાવલિ તરીકે ઓળખવામાં આવે છે.

**(2) અપ્રતિબંધિત પ્રશ્નાવલિ કે મુક્તજવાબી પ્રશ્નાવલિ :** જે પ્રશ્નાવલિમાં પ્રશ્નોના જવાબો ઉત્તરદાતાએ પોતાના શબ્દોમાં કોઈ પણ પ્રકારના પ્રતિબંધ વગર મુક્ત રીતે આપવાના હોય તેવી પ્રશ્નાવલિને અપ્રતિબંધિત કે મુક્તજવાબી પ્રશ્નાવલિ કહેવામાં આવે છે. દા.ત., દેશના વિકાસ માટે કેવાં પગલાંઓ ભરી શકાય ?

**(3) પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રશ્નોવાળી પ્રશ્નાવલિ :** જે પ્રશ્નાવલિમાં પ્રશ્નો પૂછવા પાછળનો સંશોધકનો હેતુ શું જાણવાનો છે તે ઉત્તરદાતા સ્પષ્ટ સમજી શકે તેમ હોય તેવા પ્રશ્નોને પ્રત્યક્ષ પ્રશ્નો કહેવાય. બીજા શબ્દોમાં કહીએ તો પ્રત્યક્ષ પ્રશ્નો સીધી રીતે જ સંશોધકના હેતુને વ્યક્ત કરતા હોય છે.

આ પ્રત્યક્ષ પ્રશ્નો સંશોધન-હેતુ સાથે સુસંગત અને સંશોધન-સમસ્યા સાથે સંકળાયેલા હોય છે. વળી, પ્રત્યક્ષ પ્રશ્નો પ્રતિબંધિત કે અપ્રતિબંધિત સ્વરૂપના પણ હોઈ શકે. આવા પ્રશ્નો ઉત્તરદાતાના વિચારો, વલણો, અભિપ્રાયો અને માન્યતાઓ વગેરે જાણવામાં ખૂબ ઉપયોગી બનતા હોય છે.

પરોક્ષ પ્રશ્નાવલિ પરોક્ષ પ્રશ્નોની બનેલી હોય છે. જે પ્રશ્નો પાછળ સંશોધક શું જાણવા ઇચ્છે છે તે ઉત્તરદાતા સ્પષ્ટ સમજી ન શકે તેવા પ્રશ્નોને પરોક્ષ પ્રશ્નો કહેવાય. આવા પ્રશ્નો સંશોધન-હેતુ સાથે સીધા સુસંગત કે સંબંધમાં હોતા નથી; પરંતુ ધારણા કે સિદ્ધાંતથી તે સંશોધન-હેતુ સાથે સંબંધિત હોય છે, જેમાં સંદિગ્ધ ચિત્રો દર્શાવીને ઉત્તરદાતાને પૂછવામાં આવે કે, 'આ ચિત્રો શું સૂચવે છે ?' કે 'આ ચિત્ર શાનું છે ?' આવી જ રીતે કોઈ અધૂરું વાક્ય આપીને તેને પૂર્ણ કરવાનું ઉત્તરદાતાને કહેવામાં આવે તો તેવા પ્રશ્નોને પરોક્ષ પ્રશ્નો કહી શકાય.

સંશોધનકાર્યમાં તમામ પ્રકારના પ્રશ્નો ઉપયોગી હોય છે. એ પ્રશ્નો પ્રતિબંધિત, અપ્રતિબંધિત કે પછી પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈપણ સ્વરૂપના હોઈ શકે. આથી કોઈ પણ પ્રશ્નાવલિ એક યા બીજી રીતે ઓછાવત્તે અંશે ઉપર્યુક્ત પ્રશ્નોના સંયોજનરૂપ હોય છે, જેને 'મિશ્ર પ્રશ્નાવલિ' તરીકે ઓળખવામાં આવે છે. જેનો નમૂનો પરિશિષ્ટમાં આપેલ છે.

**(4) ચિત્રાત્મક પ્રશ્નાવલિ :** નિરક્ષર ઉત્તરદાતા કે બાળકો પાસેથી માહિતી એકત્ર કરવા માટે વિવિધ ચિત્રોનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. આવી પ્રશ્નાવલિને 'ચિત્રાત્મક પ્રશ્નાવલિ' કહેવામાં આવે છે.

## નિરીક્ષણ પ્રયુક્તિ

માહિતી એકત્ર કરવાની વિવિધ પ્રયુક્તિ પૈકીની એક પ્રયુક્તિ એ નિરીક્ષણ પ્રયુક્તિ છે. જ્ઞાનેન્દ્રિયોની મદદથી પ્રત્યક્ષ અનુભવ કરીને માહિતી એકત્ર કરવામાં આવે તેને નિરીક્ષણ કહેવાય. નિરીક્ષણ વૈજ્ઞાનિક ત્યારે બને કે જ્યારે નિરીક્ષણ ચોકસાઈપૂર્ણ, આયોજિત અને સંશોધન-હેતુને પૂર્ણ કરવામાં મદદરૂપ થતું હોય. આમ, સંશોધનના હેતુ કે ઉદ્દેશોને લક્ષ્યમાં રાખીને જ્ઞાનેન્દ્રિયોની મદદથી માહિતી મેળવવાની પ્રક્રિયા એટલે નિરીક્ષણ.

પૉલિન યંગના મતે 'નિરીક્ષણ એ વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ વિશે માહિતી મેળવવાની પ્રક્રિયા છે.'

અર્થાત્ જે પરિસ્થિતિ કે ઘટનાનો અભ્યાસ કરવાનો હોય એ ઘટના બનતી હોય ત્યારે જ ઘટના સ્થળે એ ઘટનાને જ્ઞાનેન્દ્રિયો દ્વારા જોઈ તેને લગતી માહિતી મેળવવી તેને નિરીક્ષણ કહેવાય.

## નિરીક્ષણના પ્રકાર

નિરીક્ષણના મુખ્યત્વે બે પ્રકારો, જેને નીચે મુજબ દર્શાવી શકાય : (1) સહભાગી નિરીક્ષણ (2) અસભાગી નિરીક્ષણ.

**(1) સહભાગી નિરીક્ષણ :** નિરીક્ષણકર્તા પોતે પોતાના અભ્યાસ હેઠળના જૂથ જીવનમાં ભળી જઈ નિરીક્ષણ કરે તેને સહભાગી નિરીક્ષણ કહેવાય. સહભાગી નિરીક્ષણ શબ્દ સૌપ્રથમ લિંડમૅને 1924માં પોતાના પુસ્તક 'Social Discovery' માં પ્રયોજ્યો હતો. માનવશાસ્ત્રી મેલિનોવસ્કી સહભાગી નિરીક્ષણના પ્રણેતા છે.

સહભાગી નિરીક્ષણમાં નિરીક્ષણકર્તાએ પોતાનો ઉદ્દેશ કે ઓળખ છુપાવીને અભ્યાસક્ષેત્રના જૂથમાં ભળી જઈ તે જૂથના સભ્ય બની, તે જૂથની અન્ય વ્યક્તિઓની વાસ્તવિક ગતિવિધિનું નિરીક્ષણ કરવાનું હોય છે.

સહભાગી નિરીક્ષણ પ્રયુક્તિની મદદથી નિરીક્ષણકર્તા જૂથના સભ્ય તરીકે જૂથના અન્ય સભ્યોના સ્વાભાવિક વર્તનનું નિરીક્ષણ કરી, તેમના વિશે ઊંડાણપૂર્વકની માહિતી મેળવે છે. વળી, આ પ્રયુક્તિની મદદથી વિસ્તૃત માહિતી મેળવી શકાય છે અને તેની સત્યતાને પણ ચકાસી શકાય છે, જે સંશોધનને વિશ્વસનીય બનાવે છે. દા.ત., મેલિનોવસ્કીએ કરેલા ઑસ્ટ્રેલિયાના ટ્રોબ્રિઆન્ડ ટાપુઓના આદિવાસીઓનો અભ્યાસ.

સહભાગી નિરીક્ષણની આ ઉપયોગિતા હોવા છતાં તેની કેટલીક મર્યાદાઓ પણ છે. નિરીક્ષણજૂથના સભ્યોને નિરીક્ષણકર્તાના હેતુ કે ઓળખની જાણ થઈ જાય તો જૂથના સભ્યોનું વર્તન કૃત્રિમ બની જાય છે. વળી, એક સંશોધકે નિરીક્ષણ દ્વારા મેળવેલ માહિતીને અન્ય સંશોધક દ્વારા ચકાસવી મુશ્કેલ બને છે. તો ક્યારેક સંશોધકે જોઈતી માહિતી મેળવવા લાંબા સમય સુધી પ્રતીક્ષા પણ કરવી પડે છે, જેથી સમયનો વ્યય થાય છે. જો નિરીક્ષણકર્તા તટસ્થ રહી માહિતી એકત્ર ન કરી શકે તો આધારભૂત માહિતી મેળવી શકાતી નથી.

**(2) અસહભાગી નિરીક્ષણ :** જે સંશોધનમાં અભ્યાસ હેઠળના જૂથથી સંશોધક પોતાની જાતને અલિપ્ત રાખીને સંશોધન-પ્રશ્ન સંદર્ભે માહિતી મેળવવા નિરીક્ષણ કરે છે તેને અસહભાગી નિરીક્ષણ કહેવાય. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે સંશોધક અભ્યાસ હેઠળના જૂથમાં નિષ્ક્રિય રહી એક પ્રેક્ષકની જેમ નિરીક્ષણ કરે ત્યારે તેને અસહભાગી નિરીક્ષણ કહેવાય.

અસહભાગી નિરીક્ષણમાં સંશોધક એક બહારની વ્યક્તિ તરીકે નિરીક્ષણ કરે છે. કારખાનાં, હડતાલ, ધાર્મિક ઉત્સવો કે વિધિઓ, શાળામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચેના સંબંધો વગેરે જેવી અનેક પરિસ્થિતિના અભ્યાસમાં અસહભાગી નિરીક્ષણનો ઉપયોગ કરી શકાય.

ઉપર્યુક્ત પ્રકારો નિરીક્ષણકર્તાની ભૂમિકાને આધારે ઉદ્‌ભવેલા છે. સંશોધનમાં સંપૂર્ણ સહભાગી કે સંપૂર્ણ અસહભાગી નિરીક્ષણ કરવું મુશ્કેલ છે. આથી સંશોધનક્ષેત્રે સહભાગી અને અસહભાગી નિરીક્ષણના સંયોજનરૂપે અર્ધસહભાગી નિરીક્ષણ પ્રયુક્તિ વિકસી છે, જે ઉપર્યુક્ત બંને નિરીક્ષણમાં રહેલી ઊણપને દૂર કરે છે.

### વ્યક્તિતપાસ પદ્ધતિ

સામાન્ય રીતે ગુણાત્મક અભ્યાસોમાં વિશિષ્ટ પ્રકારના અભ્યાસોની આવશ્યક્તા રહે છે. વ્યક્તિતપાસ પદ્ધતિ આવી જ એક પદ્ધતિ છે જેના દ્વારા કોઈ વ્યક્તિ, સંસ્થા કે સમુદાયનો અભ્યાસ થાય છે.

સમાજશાસ્ત્રમાં હર્બર્ટ સ્પેન્સરે સૌપ્રથમ વ્યક્તિતપાસ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. સામાજિક સંશોધનમાં બે પ્રકારની માહિતી એકત્ર કરવામાં આવે છે : (1) સંખ્યાત્મક માહિતી અને (2) ગુણાત્મક માહિતી.

આ પૈકી ગુણાત્મક માહિતી એકત્ર કરવાની એક મહત્ત્વની પદ્ધતિ એ વ્યક્તિતપાસ પદ્ધતિ છે.

બિસેન્જ અને બિસેન્જના મતે 'વ્યક્તિતપાસ પદ્ધતિ ગુણાત્મક વિશ્લેષણનું સ્વરૂપ છે, જેમાં વ્યક્તિ, પરિસ્થિતિ કે સંસ્થાનું ધ્યાનપૂર્વકનું સંપૂર્ણ નિરીક્ષણ કરવામાં આવે છે.' સમાજશાસ્ત્રમાં સમાજજીવનની મહત્ત્વની ઘટનાઓનો ગહન અભ્યાસ કરવા માટે વ્યક્તિ તપાસ પદ્ધતિનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થાય છે. ટૂંકમાં, વ્યક્તિતપાસ પદ્ધતિ એટલે માત્ર કોઈ એક વ્યક્તિનો જ અભ્યાસ નહિ; પરંતુ સામાજિક એકમ તરીકે વ્યક્તિ, સંસ્થા કે સમુદાયનો અભ્યાસ.

### વ્યક્તિતપાસ પદ્ધતિની વિશેષતાઓ

(1) અભ્યાસનું કેન્દ્ર સામાજિક એકમ છે. (વ્યક્તિથી સમૂહ સુધી)

(2) સામાજિક એકમ પર અસર કરનારાં પરિબળો શોધી કાઢવામાં આવે છે અને સામાજિક એકમ અને સામાજિક વાતાવરણ વચ્ચેનો કાર્યકારણનો સંબંધ તપાસવામાં આવે છે.

(3) સામાજિક એકમમાં અભ્યાસને જરૂરી એવા હેતુઓને લક્ષમાં લઈને અભ્યાસ કરવામાં આવે છે.

(4) આ પદ્ધતિમાં કોઈ પણ એકમનો ઊંડાણપૂર્વક, ઝીણવટભર્યો અભ્યાસ થાય છે.

(5) આ પદ્ધતિને ગુણાત્મક અભ્યાસ પણ કહેવાય છે.

(6) આ પદ્ધતિમાં સંશોધનની ઘણી બધી પદ્ધતિ અને પ્રયુક્તિઓ જેવી કે - ઐતિહાસિક, ગ્રંથાલય, નિરીક્ષણ, મુલાકાત વગેરેનો સીધો ઉપયોગ થાય છે.

વ્યક્તિતપાસ પદ્ધતિના ઉપયોગથી બે પ્રકારના અભ્યાસ કરી શકાય : (1) વ્યક્તિ અધ્યયન અને (2) સમૂહ કે સમુદાયનું અધ્યયન.

આ પદ્ધતિમાં પ્રાથમિક માહિતી મુલાકાત અનુસૂચિ અને નિરીક્ષણ દ્વારા અને ગૌણ માહિતી ડાયરી, પત્રો, જીવન, ઇતિહાસ કે દૈનિક નોંધના માધ્યમથી એકત્ર કરવામાં આવે છે.

**વ્યક્તિતપાસ પદ્ધતિની ઉપયોગિતા**

(1) સામાજિક એકમોનો ઝીણવટભર્યો અભ્યાસ થઈ શકે છે.

(2) આ પદ્ધતિના ઉપયોગથી નવી ઉપકલ્પના કે સિદ્ધાંત રચી શકાય છે.

(3) આ પદ્ધતિથી મેળવેલ માહિતીમાંથી અન્ય પ્રકારનાં સંશોધનોને પ્રેરણા મળે છે.

(4) સંશોધકનું જ્ઞાન સમૃદ્ધ બને છે.

**વ્યક્તિતપાસ પદ્ધતિની મર્યાદા**

(1) આ પદ્ધતિમાં જુદા જુદા સમૂહોની તુલના શક્ય બનતી નથી.

(2) મોટા ભાગે મર્યાદિત સ્વરૂપના સંશોધનમાં તે વધુ ઉપયોગી નીવડે છે.

વ્યક્તિતપાસ પદ્ધતિની ઉપર્યુક્ત ઉપયોગિતા અને મર્યાદા હોવા છતાં અનેક નવાં સંશોધનક્ષેત્રોમાં તેનો ઉપયોગ થાય છે. સમાજશાસ્ત્ર ઉપરાંત વાણિજ્ય સંચાલન, આધુનિક ગુનાશાસ્ત્ર, ઇતિહાસ અને મનોવિજ્ઞાન જેવા વિષયોમાં પણ આ પદ્ધતિ ઉપયોગમાં લેવાય છે.

ગુણાત્મક સંશોધનમાં અને સંખ્યાત્મક પ્રકારના સંશોધનમાં સમાજશાસ્ત્રમાં સંશોધનની વિવિધ પદ્ધતિઓ અને પ્રયુક્તિઓનો ઉપયોગ થાય છે. જેની માહિતી આપણે આ એકમમાં મેળવી છે. સંશોધનનો વિષય બદલાતા પ્રયુક્તિ પણ બદલવી પડે છે. સમાજની ઘટનાઓને વૈજ્ઞાનિક રીતે તપાસવા આ બધી પ્રયુક્તિઓ અને પદ્ધતિ ઉપયોગી છે.

**સ્વાધ્યાય**

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો :**

(1) સામાજિક સંશોધનનાં સોપાનો ચર્ચો.

(2) સર્વેક્ષણ પદ્ધતિ વિશે વિગતવાર સમજ આપો.

(3) પ્રશ્નાવલિનો અર્થ આપી, તેના પ્રકારો સમજાવો.

(4) સહભાગી અને અસહભાગી નિરીક્ષણ સમજાવો.

(5) વ્યક્તિતપાસ પદ્ધતિ સમજાવો.

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો :**

(1) સંશોધનના હેતુઓ સ્પષ્ટ કરો.

(2) મુલાકાત પ્રયુક્તિ સમજાવો.

(3) પ્રશ્નાવલિના લાભ-ગેરલાભ જણાવો.

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો :**

(1) સામાજિક સંશોધનની વ્યાખ્યા આપો.

(2) સેન્સસ સર્વેક્ષણ કોને કહેવાય ?

(3) મુલાકાત માર્ગદર્શિકાની વ્યાખ્યા આપો.

(4) પ્રશ્નાવલિની વ્યાખ્યા આપો.

(5) નિરીક્ષણ એટલે શું ?

**4. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) સમાજશાસ્ત્ર કેવું વિજ્ઞાન ગણાય છે ?

(2) સંશોધનના હેતુઓ કોણે દર્શાવ્યા છે ?

(3) નિદર્શ (સેમ્પલ) એટલે શું ?

(4) સહભાગી નિરીક્ષણના પ્રણેતા કોણ છે ?

**5. નીચેના પ્રત્યેક પ્રશ્નમાં આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર આપો :**

(1) સામાજિક સંશોધનના હેતુ દર્શાવનાર વિદ્વાન કોણ છે ?

(અ) રેડમન અને મોરી (બ) હર્બર્ટ સ્પેન્સર (ક) પૉલિન યંગ (ડ) સ્ટીફન

(2) બાળકો અને નિરક્ષર વ્યક્તિ પાસેથી માહિતી મેળવવા કઈ પ્રયુક્તિ ઉપયોગી છે ?

(અ) મિશ્ર પ્રશ્નાવલિ (બ) ચિત્રાત્મક પ્રશ્નાવલિ

(ક) પ્રતિબંધિત પ્રશ્નાવલિ (ડ) મુક્ત જવાબી પ્રશ્નાવલિ

(3) સહભાગી નિરીક્ષણ શબ્દ સૌપ્રથમ કોણે પ્રયોજ્યો ?

(અ) મેલિનોવસ્કી (બ) પૉલિન યંગ (ક) ગુડ અને હટ્ટ (ડ) લિંડમૅન

**પ્રવૃત્તિ**

- તમારા વિસ્તારની કોઈ ઘટના વિશે સર્વેક્ષણ કરો.
- કોઈ એક અભ્યાસ-વિષય પસંદ કરી, તે સંદર્ભે પ્રશ્નાવલિની રચના કરો.
- તમારી આજુબાજુના વિસ્તારની સમસ્યા જાણી, મુલાકાત પ્રયુક્તિનો ઉપયોગ કરી, તે સંદર્ભે માહિતી એકત્ર કરો અને અહેવાલ તૈયાર કરો.

●

# 8 પર્યાવરણ અને સમાજ

**પ્રસ્તાવના**

વિદ્યાર્થીમિત્રો, આપ સૌએ પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ પર્યાવરણ વિશે જાણકારી મેળવી છે. અહીં આપણે પર્યાવરણને સામાજિક દૃષ્ટિકોણથી પણ જોઈશું. સમાજશાસ્ત્ર સામાજિક વિજ્ઞાન છે. સમાજજીવનનાં જુદાં જુદાં પાસાં સાથે સંકળાયેલું છે. આ બાબત વિશે આપણે અગાઉના એકમમાં જાણકારી મેળવી છે. માનવસમાજ, સમુદાય કે સંસ્થાઓ પોતાની સંસ્કૃતિમાં પર્યાવરણને આગવી રીતે સાંકળે છે. જેમકે, નાનપણથી જ આપ ભણતા આવ્યા છો કે સૂરજદાદા, ચાંદામામા, પૃથ્વીમાતા, દરિયાદેવ વગેરે.

માનવીના સામાજિક જીવન અને વ્યવસ્થામાં પર્યાવરણ અભિન્ન રીતે સંકળાયેલું છે. આપણાં વ્રત, તપ, ઉપવાસ, તહેવાર, સામાજિક-સાંસ્કૃતિક પ્રસંગોમાં અર્થપૂર્ણ રીતે પર્યાવરણની બાબતોને સાંકળીએ છીએ.

સામાન્ય રીતે માનવની આસપાસ રહેલી ભૌગોલિક પરિસ્થિતિને પર્યાવરણ કહેવામાં આવે છે, જેમાં સજીવ અને નિર્જીવ બંને તત્ત્વોનો સમાવેશ થાય છે. પર્યાવરણ અને માનવજીવનને પોતાના પ્રારંભકાળથી જ પારસ્પરિક ઘનિષ્ઠ સંબંધ રહેલો છે. આપણી શક્તિ અને વિકાસ, આપણી સંસ્થાઓ અને પ્રથાઓ, આપણું સામાજિક–સાંસ્કૃતિક જીવન વગેરે સંયુક્ત રીતે પર્યાવરણ સાથે સંબંધિત છે.

પ્રસ્તુત એકમમાં આપણે પર્યાવરણનો અર્થ સમજીને પર્યાવરણની માનવજીવન પરની અસરો, માનવજીવનની પર્યાવરણ પરની અસરોનો વિગતવાર અભ્યાસ કરીશું. પર્યાવરણમાં પ્રદૂષણ અને ગ્લોબલ વોર્મિંગની સમસ્યા વર્તમાન સમયમાં સામાજિક જીવનને કઈ રીતે અસર કરે છે તેની પણ માહિતી મેળવવી જરૂરી છે. આ એકમનો હેતુ એ છે કે આપણે પર્યાવરણને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી સમજીને એનો માનવીના સામાજિક જીવન સાથેનો સંબંધ સમજીએ તેમજ આ માટે થયેલી ચળવળ વિશેની જાણકારી પણ મેળવીએ.

માનવસમાજ માટે પ્રકૃતિ–વૃક્ષો, પર્વતો, નદીઓ વગેરેનું જ્ઞાન હોવું આવશ્યક છે. જેમ પ્રકૃતિ માનવસમાજની કાળજી રાખે છે એમ માનવસમાજે પણ એની કાળજી રાખવી જરૂરી છે. પર્યાવરણના સંદર્ભમાં આ મુદ્દો ખૂબ જ મહત્ત્વનો છે. વિદ્યાર્થીમિત્રો, પ્રથમ આપણે પર્યાવરણનો અર્થ સમજીએ.

**પર્યાવરણનો અર્થ**

પર્યાવરણ પરિ + આવરણ એ બે શબ્દોનો બનેલો છે. પરિ એટલે આસપાસનું અને આવરણ એટલે સ્તર, અર્થાત્ પૃથ્વીની આસપાસનું સ્તર, જેમાં હવા, જમીન, જંગલો, પહાડો, જળ, નદીઓ, તળાવો, દરિયા, વન્ય પ્રાણીઓ, પશુ, પક્ષીઓ, માનવી વગેરેનો સમાવેશ થાય છે. આ બધા જ ઘટકોનું સુગ્રથિત વ્યવસ્થાતંત્ર એ જ પર્યાવરણ. સામાજિક વ્યવસ્થાતંત્રની જાણકારી આપે અગાઉના એકમમાં મેળવી છે એ જ પ્રમાણે કુદરતના પ્રત્યેક ઘટક પારસ્પરિક રીતે સંકળાયેલા છે. એક ઘટકમાં ફેરફાર થાય તો સમગ્ર ઘટક-માળખામાં ફેરફાર થાય. આ બધા ઘટકોની જાળવણી કરવાની મુખ્ય જવાબદારી સૃષ્ટિના બુદ્ધિજીવી ઘટક માનવીની છે. માનવીની આસપાસ રહેલી સૃષ્ટિ એ માનવીનું પર્યાવરણ છે.

પર્યાવરણને મુખ્યત્વે બે વિભાગમાં વિભાજિત કરી શકાય :

**પર્યાવરણ**

જૈવિક (Biotic) | અજૈવિક (Abiotic)

**સજીવ તત્ત્વો**

જેમાં વનસ્પતિ (વૃક્ષો), પ્રાણીઓ (પશુ, પંખી, માનવી) તથા ફૂગ-કીટાણુઓનો સમાવેશ થાય છે. G-Generator-સર્જક : વનસ્પતિ જે ઑક્સિજન, પાન, ઘાસ, ફળ, અનાજ સર્જે છે, ઉત્પાદન કરે છે તેનાં પર પ્રાણીઓ ટકી રહે છે. O-Operator- સંચાલક : પ્રાણીઓનાં મળ, મૂત્ર, દેહનાં જુદાં જુદાં અંગો વગેરે પર ફૂગ-કીટાણુઓ ટકી રહે છે. D-Decomposer-સંહારક : ફૂગ-કીટાણુઓ કે જે જમીનમાં ખાતર–ફળદ્રુપતા સર્જે છે તેના પર વનસ્પતિ ટકી રહે છે. આ પ્રકારના પરસ્પરાવલંબનથી જ કુદરતી સમતુલા જળવાઈ રહે છે.

**નિર્જીવ તત્ત્વો**

જેમાં અગ્નિ, જળ, વાયુ, જમીન (પૃથ્વી), આકાશ એમ પાંચ તત્ત્વોનો સમાવેશ થાય છે. આ પંચમહાભૂતની સપ્રમાણતા જીવસૃષ્ટિ માટે અનિવાર્ય છે.

પર્યાવરણનાં પંચમહાભૂતરૂપ પાંચ નિર્જીવ તત્ત્વો–અગ્નિ, જળ, વાયુ, પૃથ્વી (જમીન) અને આકાશ–પર્યાવરણનાં જ સજીવ તત્ત્વો–વનસ્પતિ (વૃક્ષો), પ્રાણીઓ (પશુ, પંખી, માનવી) તેમજ ફૂગ-કીટાણુઓ સાથે પરસ્પરાવલંબન ધરાવે છે. આથી જો પંચ તત્ત્વો પૈકી એકાદ તત્ત્વમાં અવ્યવસ્થા ઉદ્ભવે તો તેની અસર જીવસૃષ્ટિ પર પડે છે. માટે જ સમાજના સાતત્ય માટે પર્યાવરણ સમતુલન ખૂબ અગત્ય ધરાવે છે. હિંદુ સંસ્કૃતિમાં પણ માનવશરીર પંચમહાભૂતનું બનેલું છે એવું કહેવામાં આવે છે.

ઉપર્યુક્ત ચર્ચાના આધારે પર્યાવરણને વ્યાખ્યાબદ્ધ કરીએ તો,

**સામાન્ય અર્થ :** માનવીની આસપાસ રહેલી ભૌગોલિક સ્થિતિ એટલે પર્યાવરણ.

**પર્યાવરણ સુરક્ષાધારા મુજબ**

જેમાં પાણી, હવા, જમીન, માનવી અને અન્ય જીવંત પ્રાણીઓ, વનસ્પતિઓ તેમજ અત્યંત સૂક્ષ્મ જીવસૃષ્ટિ અને મિલકત વચ્ચે અસ્તિત્વ ધરાવતા આંતરસંબંધોનો સમાવેશ થાય તે પર્યાવરણ.

પર્યાવરણવિદ્દોની રજૂઆતના આધારે કહી શકાય કે, 'પર્યાવરણ એટલે કોઈ પણ વસ્તુની ચારેબાજુની ચેતનાતંત્રની પરિસ્થિતિ કે જે એકબીજા સાથે સંકળાયેલી હોય અને માનવજીવનને પ્રભાવિત કરે.'

આમ, પર્યાવરણ એટલે કુદરતી પરિબળોનું આવરણ.

**પર્યાવરણના ઘટકો**

પર્યાવરણના મુખ્યત્વે ચાર ઘટકો છે, જે પારસ્પરિક રીતે ગાઢ રીતે ગૂંથાયેલા છે : (1) વાતાવરણ (2) મૃદાવરણ (3) જલાવરણ (4) જૈવિક આવરણ.

**(1) વાતાવરણ (Atmosphere) :** વાતાવરણ, પૃથ્વીની સપાટી ઉપર સુરક્ષા કવચ બનાવે છે. જેમાં હવા અને તેના ઘટકો, સૂર્યપ્રકાશ, તાપમાન અને ભેજનો સમાવેશ થાય છે. સૂર્ય દ્વારા વાતાવરણ એકસરખું ગરમ થતું નથી આથી પૃથ્વીના જુદા જુદા ભાગોની આબોહવામાં, ઉષ્ણતામાનમાં તેમજ વરસાદની માત્રામાં ફેરફારો થાય છે. વાતાવરણ એ જટિલ અને ગતિશીલ એમ વિવિધ ઘટકોનું બનેલું તંત્ર છે, જો તેમાં ભંગાણ થાય તો તે સમગ્ર જીવસૃષ્ટિને અસર કરે છે.

**(2) મૃદાવરણ/ભૂમિઆવરણ (Lithosphre) :** મૃદાવરણમાં જમીનની સપાટી તથા ભૂમિના આકાર-પ્રકારનો સમાવેશ થાય છે. પૃથ્વી પરના વિવિધ ખડકોના વિસર્જનમાંથી મૃદાવરણ સર્જાય છે. મૃદાવરણમાં મુખ્યત્વે કાર્બનિક અને અકાર્બનિક એવા બે ઘટકો હોય છે. ખડકો જ્યારે ભાંગી જાય છે ત્યારે માટી બને છે જેની ઉપર માનવ ખેતી કરે છે. ખેતીલાયક મૃદાવરણ (ભૂમિ/માટી)માં લગભગ 5 % કાર્બનિક દ્રવ્ય અને 95 % અકાર્બનિક દ્રવ્ય હોય છે. માટીમાંનાં ખનીજ તત્ત્વો વિભિન્ન ઉદ્યોગોમાં કાચા માલ તરીકે વપરાય છે. મૃદાના કણોની ગોઠવણી મુજબ જમીનના પ્રકાર બને છે. મૃદાવરણના ઉપરના સ્તરને હ્યુમસ કહે છે. ભૌગોલિક પરિસ્થિતિ અનુસાર મૃદાવરણમાં વાયુ અને જળ હોય છે.

**(3) જલાવરણ (Hydrosphere) :** જલાવરણ પૃથ્વીની સપાટીના ત્રણ ચતુર્થાંશ ભાગમાં ફેલાયેલું છે. જલાવરણમાં મહાસાગરો, ઉપસાગરો, નદી, તળાવ, ઝરણાં તેમજ ભૂગર્ભમાં રહેલા જલસમૂહનો સમાવેશ થાય છે. જલાવરણનો લગભગ 97 % ભાગ સાગરમાં છે, 2 % ભાગ બરફ સ્વરૂપે છે જે માનવના ઉપયોગમાં આવતા નથી. માત્ર 1 % જેટલો જ ભાગ નદી, સરોવર અને ભૂગર્ભમાં રહેલો છે જેના પર જીવસૃષ્ટિ ટકે છે. આથી સમુદ્રનાં પાણીને શુદ્ધ કરવા સઘન પ્રયત્નો થાય છે જેથી જીવસૃષ્ટિ ટકી રહે.

**(4) જૈવિક આવરણ (Biosphere) :** જૈવિક આવરણ પૃથ્વીનાં અન્ય પડોની સરખામણીમાં પાતળું પડ છે. જેમાં પ્રાકૃતિક રીતે જીવન શક્ય છે કારણ કે તેમાં હવા, પાણી, ખડકો, માટી અને સજીવ પ્રાણીઓ છે. સમુદ્રના સૌથી નીચા

તળથી વાતાવરણના સૌથી ઊંચા બિંદુ સુધી લગભગ 24 કિમીનું આ જૈવિક આવરણ છે. તે એક ગતિશીલ અને મોટું નિવસનતંત્ર છે, જેમાં બીજાં અનેક નાનાં નિવસનતંત્રો - જેવાં કે, દેશ, રાજ્ય, જિલ્લા અથવા તો કોઈ એક સ્વતંત્ર ખીણ, પર્વતમાળા, નદી કે સરોવર વગેરે, જે સહેલાઈથી દેખાય અને ઓળખાય તેવા હોય - નો સમાવેશ થાય છે. બીજી રીતે કહીએ તો, જૈવિક આવરણ કોઈ પણ ભૂદૃશ્ય કે જલદૃશ્યને તેના સ્તર મુજબ આગવી લાક્ષણિકતા પ્રદાન કરે છે.

ઉપર્યુક્ત ચારેય આવરણ ચક્રાકારરૂપે પારસ્પરિક રીતે ગાઢ રીતે સંબંધિત છે.

**પર્યાવરણના પ્રકારો**

વિદ્યાર્થીમિત્રો, આપણે ભૌગોલિક દૃષ્ટિથી પર્યાવરણની માહિતી મેળવી. સમાજશાસ્ત્રીય દૃષ્ટિથી એના પ્રકારો જોઈએ તો નીચે મુજબ દર્શાવી શકાય :

ભૌગોલિક પર્યાવરણ પ્રકૃતિદત્ત છે, જ્યારે સામાજિક પર્યાવરણ મનુષ્ય દ્વારા નિર્મિત અથવા રચાયેલું છે.

લેન્ડિસ - પર્યાવરણના ત્રણ પ્રકારો દર્શાવે છે :

**(1) પ્રાકૃતિક પર્યાવરણ** - જેમાં સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, જળ, વાયુ વગેરે પ્રાકૃતિક વસ્તુઓનો સમાવેશ થાય છે. જેના પર માનવની શક્તિ કે બુદ્ધિની અસર પડતી નથી.

**(2) સામાજિક પર્યાવરણ** - જે વ્યક્તિઓ દ્વારા જ રચાય છે. વ્યક્તિ જન્મથી મૃત્યુ સુધી તેની સાથે સંકળાયેલી રહે છે.

**(3) સાંસ્કૃતિક પર્યાવરણ** - જે રીતરિવાજો, પરંપરાઓથી રચાય છે. તે સામાજિકીકરણ દરમિયાન માનવને વર્તન-વ્યવહારનું જ્ઞાન આપે છે.

ઓગબર્ન અને નિમકોફ પર્યાવરણને પ્રાકૃતિક અને માનવસર્જિત એમ બે વિભાગમાં વહેંચે છે :

મેકાઈવર નામના સમાજશાસ્ત્રી પર્યાવરણને ત્રણ વિભાગમાં વહેંચે છે :

| ભૌતિક પર્યાવરણ | આર્થિક પર્યાવરણ | સામાજિક પર્યાવરણ |
|---|---|---|
| (પૃથ્વી, સૂર્ય, ચંદ્ર, સમુદ્ર વગેરે) | (મકાન, રસ્તા, મશીન વગેરે) | (સામાજિક રીત-રિવાજો) |

સામાજિક દૃષ્ટિબિંદુથી પર્યાવરણનું સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્ય હોય છે. તેની ક્રિયા-પ્રતિક્રિયા સાથે સંકળાયેલું છે. જેમકે, માટી કે વરસાદની ઉપયોગિતા જેટલી ખેડૂતને હોય તેટલી ઉદ્યોગપતિને નથી હોતી, એવી જ રીતે ગ્રામીણ પર્યાવરણ અને શહેરી પર્યાવરણનો માનવજીવન પર અલગ અલગ પ્રભાવ હોય છે.

**પર્યાવરણની માનવજીવન પર અસર**

પર્યાવરણનાં વિવિધ તત્ત્વો પારસ્પરિક રીતે સંકળાયેલા હોવાથી એકબીજા પર અસર કરે છે. વળી, તેઓ અલગ-અલગ કે સામૂહિક સ્વરૂપે માનવજીવન પર અસર કરે છે. મનુષ્યનાં સામાજિક, આર્થિક તેમજ સાંસ્કૃતિક જીવન પર પર્યાવરણનાં તત્ત્વોની સામૂહિક અસર તેમજ આંતરક્રિયાનું પરિણામ દૃષ્ટિગોચર થાય છે. વિદ્યાર્થીમિત્રો, અહીં આપણે માનવજીવન પર પર્યાવરણની અસર અને પર્યાવરણ પર માનવજીવનની અસર સમજીશું.

સૌપ્રથમ માનવજીવન પર પર્યાવરણની અસરો જોઈએ.

**માનવજીવન પર પર્યાવરણની અસર**

માનવજીવન અને પર્યાવરણનાં તત્ત્વો એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા છે :

**(1) સ્થાનિક સંબંધ :** કોઈ પણ સમાજના સામાજિક, આર્થિક, રાજકીય તેમજ સાંસ્કૃતિક વિકાસમાં સ્થાનિક સંબંધ ખૂબ મહત્ત્વનો હોય છે. આ સ્થાનિક સંબંધમાં મુખ્યત્વે સ્થિતિ (Location of Situation), કદ (Size) અને આકાર (Shape)ને જોવામાં આવે છે.

જે-તે રાષ્ટ્ર, દેશ કે સમાજ પૃથ્વીના કયા ભાગમાં છે તેને આધારે તેના વિકાસમાં પર્યાવરણીય સ્થિતિઓ મદદરૂપ બનતી હોય છે. દા.ત., પૃથ્વી પર જોવા મળતા રેખાંશ (જેનાથી સમય નક્કી થાય છે) અને અક્ષાંશ (જેનાથી જે-તે પ્રદેશના જલવાયુ, કુદરતી સંપત્તિ, પશુજીવન, માનવજીવન, સંસ્કૃતિ વગેરે નિર્ધારિત થાય છે.)

**(2) જમીન અને માનવજીવન :** માનવી જે પ્રદેશમાં રહે છે એની જમીનનું સ્વરૂપ એનાં સામાજિક જીવનને અસર કરે છે. ઊંચા પર્વતીય ક્ષેત્રમાં રહેનાર માનવી માટે મોટાં ઉદ્યોગ-ધંધા કે નગરો ઉપલબ્ધ બનતા નથી. તેથી તેના પ્રદૂષણ અને ગીચતાથી તેઓ મુક્ત રહી શકે છે. જે-તે પ્રદેશનું કુદરતી વાતાવરણ એના રોજિંદા ખોરાકને અસર કરે છે જેમકે ભારતમાં ઉત્તર અને દક્ષિણ વિસ્તારમાં લોકોનો દેખાવ, ખોરાક અને જીવનશૈલી એમનો જમીન સાથેનો સંબંધ દર્શાવે છે.

**(3) જળ અને માનવજીવન :** જળ એ જીવન છે. મનુષ્યને પીવા માટે શુદ્ધ પાણીની જરૂર છે તો દૈનિક કાર્ય, ખેતી, ઉદ્યોગ, પશુપાલન વગેરે માટે પણ પાણીની જરૂરિયાત રહે છે. જે પ્રદેશમાં સાગર, ઝરણાં, નદી, તળાવ, કૂવા કે સિંચાઈની વ્યવસ્થા હોય ત્યાં સુખાકારી માટે જળ મહત્ત્વનું બને છે. મહાસાગરની આસપાસ જુદી જુદી સંસ્કૃતિઓ જોવા મળે છે. જળને લીધે મત્સ્યઉદ્યોગ, વહાણવટુ તથા વિદેશી વેપાર થઈ શકે છે. આમ, માનવજીવન સાથે જળ અભિન્ન રીતે સંકળાયેલું છે. તે સમાજજીવન અને અર્થવ્યવસ્થાને અસર કરે છે.

**(4) માટી, ખનીજ અને માનવજીવન :** માનવજીવન અને માનવીની ક્રિયાઓ પર માટી અને ખનીજની ઘણી જ અસરો જોવા મળે છે. ખેતીના જુદા જુદા પાક જે-તે પ્રદેશની માટીના પ્રકાર પર અવલંબિત હોય છે. જેમકે કાળી જમીન, ગોરાળુ જમીન વગેરેમાં તેના પ્રકારને આધારે ખેત-ઉત્પાદન થાય છે. ફળદ્રુપ જમીન ખેતી માટે ખૂબ ઉપયોગી છે. ભારતમાં શણ, નાળિયેરી, સૂતર વગેરે ઉદ્યોગો જે-તે પ્રકારની માટી સાથે સંબંધિત છે. માનવી ખનીજોનો ઉપયોગ પોતાના ઉદ્ભવકાળથી જ કરતો આવ્યો છે. પાષાણયુગ, તામ્રયુગ, કાંસ્યયુગ, લોહયુગ વગેરે યુગો ખનીજ તત્ત્વો સાથે સંકળાયેલા રહ્યા છે. વર્તમાન સમયના ઔદ્યોગિક વિકાસમાં ખનીજ પદાર્થો ઉપયોગી બન્યા છે. જેમકે ચૂનાના પથ્થર, બૉક્સાઈટ, મૅંગેનીઝ વગેરે તો બીજી બાજુ જે-તે પ્રદેશમાં બહુમૂલ્ય ખનીજ પણ છે જેમકે સોનું, ચાંદી, હીરા અને પ્લેટિનમ વગેરે, જે પ્રદેશના વિકાસમાં મહત્ત્વનાં બને છે. આમ, માનવજીવન સાથે માટી અને ખનીજતત્ત્વો સંકળાયેલાં છે.

તદુપરાંત કુદરતી રીતે ઊભા થતાં વૃક્ષો અને છોડ માનવીની શ્વસન-પ્રક્રિયા પર અસર કરે છે. ભૌગોલિક દૃષ્ટિએ ઠંડા પ્રદેશ, ઉષ્ણ પ્રદેશ, સમશીતોષ્ણ પ્રદેશ કુદરતી સંપત્તિ પર અસર કરે છે. એવી જ રીતે માનવજીવનના ઉદ્ભવથી પશુઓની અસર જોવા મળે છે. પશુઓના અનેક રીતે ઉપયોગ થાય છે. જેમકે, માલવહનમાં, સવારીમાં, ખોરાકમાં, ચર્મઉદ્યોગમાં, ડેરીઉદ્યોગમાં, રક્ષણમાં વગેરે.

**પર્યાવરણ પર માનવજીવનની અસર**

માનવ-સંસ્કૃતિના વિકાસમાં કુદરતી તત્ત્વોનો ફાળો મહત્ત્વનો રહ્યો છે, તેવી જ રીતે પર્યાવરણના જૈવ વ્યાપમાં માનવી ઘણું મહત્ત્વનું સ્થાન ધરાવે છે. માનવજીવનના જન્મ, આરોગ્ય, મૃત્યુ વગેરેમાં પર્યાવરણ ખૂબ જ નિર્ણાયક બની રહે છે. માનવીએ પોતાની બુદ્ધિ અને ટેક્નોલૉજીથી પર્યાવરણ પર ઘણી અસર કરી છે. તેથી વૈશ્વિક કક્ષાએ પર્યાવરણમાં ઘણું પરિવર્તન આવ્યું છે અને તેની સામાજિક અસરો પણ થઈ છે.

પર્યાવરણીય પરિવર્તન માટે કુદરત અને માનવપ્રેરિત બંને પ્રક્રિયાઓ જવાબદાર છે. જેમકે ભૂકંપ, જ્વાળામુખી, ભૂ-સંચાલન વગેરે જેવી પ્રક્રિયાઓ કુદરત આધીન છે પણ વર્તમાન સમયમાં પર્યાવરણમાં આવેલ પરિવર્તન માનવ પ્રેરિત પ્રક્રિયાઓ સાથે વધુ સંકળાયેલું જોવા મળે છે. જેમકે, ઝડપી ટેક્નોલૉજીનો વિકાસ, ઉદ્યોગ, પરિવહન, બાંધકામ, વસ્તી-વૃદ્ધિ, શહેરીકરણ, મોજ-શોખ વગેરેને લીધે પર્યાવરણ પર દૂરોગામી અસરો થાય છે. આ અંગે પર્યાવરણવાદીઓ ઘણી ચર્ચા-વિચારણા કરે છે. માનવીની આવી પ્રક્રિયાઓને લીધે કુદરતી સ્રોતોની અછત ઊભી થાય છે. જેમકે પ્રદૂષણ, ઓઝોન સ્તરમાં ભંગાણ વગેરેની તત્કાલીન અને લાંબા ગાળાની અસરો થઈ છે.

પર્યાવરણનાં તત્ત્વોના આધારે સાધન-સંપન્ન બની માનવી પોતાનું સામાજિક સ્તર ઊંચું લાવવામાં સફળ રહ્યો છે. પંખા, ટી.વી., વૉશિંગ મશીન, એ.સી. વગેરે દ્વારા કુદરત પર કાબૂ મેળવ્યો પણ બીજી તરફ એનાથી ઘણી સમસ્યાઓ પણ સર્જાઈ છે. નીચેના મુદ્દાઓને આધારે આ બાબતને સમજવાનો પ્રયત્ન કરીએ :

**(1) જમીન પર પ્રભાવ :** માનવીય પ્રવૃત્તિને લીધે જમીન પર દબાણ વધી રહ્યું છે. વસ્તી વધતા માનવીએ પર્વતો તોડીને માર્ગો બનાવ્યા. પ્રાકૃતિક તત્ત્વોનો નાશ કરી પોતાની જરૂરિયાત મુજબનાં રહેઠાણો બનાવ્યાં. પરિણામે જમીન પરનું દબાણ વધ્યું. જમીનની ગુણવત્તા ઓછી થઈ.

**(2) નિવસનતંત્ર પર અસર :** જ્યારે મનુષ્ય જૈવમંડળનાં જીવ સંસાધનોનો નાશ કરે છે ત્યારે તેનાં સ્થાન પર અન્ય


સંસાધનોનું સ્થાનાંતરણ સરળતાથી થતું નથી. આધુનિક જીવનશૈલીથી દરિયામાં ઠલવાતો કચરો, પ્રદૂષિત પાણી, સબમરીન અને દરિયામાં ચાલતાં વિવિધ વાહનોને લીધે સૂક્ષ્મ જીવો નાશ પામે છે અને એની વૃદ્ધિ અટકે છે.

**(3) ઋતુચક્ર પર અસર :** ઝડપી બનેલી ઔદ્યોગિકીકરણ અને શહેરીકરણની પ્રક્રિયાએ પૃથ્વીના વાયુ મંડળને પ્રભાવિત કર્યું છે. આર્થિક પ્રવૃત્તિના વૈવિધ્યને લીધે પ્રદૂષણની સમસ્યા સર્જાઈ છે. હવામાં વધતા-જતા કાર્બન ડાયૉક્સાઇડ, કાર્બન મોનોક્સાઇડ વગેરે ગૅસને લીધે ફળ-ફૂલ તેમજ વનસ્પતિ પર અસર પડી છે. પ્રકૃતિના નિયમોમાં પરિવર્તન આવ્યું છે. ઋતુચક્ર બદલાતા ઉનાળામાં વરસાદ કે ભર શિયાળે ગરમી અનુભવાય છે.

**(4) વાયુમંડળ પર અસર :** માનવીય પ્રવૃત્તિને લીધે વાયુમંડળ પર અનેકવિધ અસર થઈ છે. જેમાં વાયુ પ્રદૂષણ, ઓઝોન સ્તરમાં ગાબડું, ગ્રીન હાઉસ ઈફેક્ટ જોવા મળે છે. વિશ્વ સ્તરે હિમ નદીઓ પીગળવા લાગી છે, ઘણાં દ્વીપ જળમાં સમાતા જાય છે. ઔદ્યોગિક ક્ષેત્રમાં રચાતા વાદળો પ્રાણઘાતક નીવડ્યાં છે. કેટલીક વાર ઍસિડ-વર્ષા થાય છે જે માનવના જીવન પર વિઘાતક અસર કરે છે.

**(5) જળાશયો પર અસર :** આધુનિક માનવીએ જળાશયોનો જુદી જુદી રીતે ઉપયોગ કરી તેના કુદરતી પ્રવાહને બદલ્યો છે. પોતાની જરૂરિયાત માટે કૃત્રિમ જળાશયોનું પણ નિર્માણ કર્યું છે. જળાશયોનો કુદરતી પ્રવાહ બદલાતા તેનાં ધોવાણ અને ખવાણને લીધે વલસાડના તિથલ જેવા અનેક દરિયાકિનારાનાં ગામો પાણીમાં સમાઈ જતા, એ બધાં ગામની અર્થવ્યવસ્થા અને પુનઃવસવાટના પ્રશ્નો ગંભીર બન્યા છે. સમય જતાં ગરીબી અને બેકારી વધે છે. આર્થિક અસમાનતા અનેક ગુનાઓ નોતરે છે. ના છૂટકે સ્થળાંતર કરવું પડે છે.

**(6) આરોગ્ય પર અસર :** આરોગ્યનો ખ્યાલ મુખ્યત્વે જૈવિક અને શારીરિક બાબતો સાથે સંકળાયેલો છે. પર્યાવરણના સંદર્ભમાં આરોગ્યને વિશેષ રીતે જોવામાં આવે છે. એક તરફ માનવીએ વૈજ્ઞાનિક શોધખોળ દ્વારા તબીબીક્ષેત્રે સિદ્ધિઓ હાંસલ કરી છે તો બીજી તરફ માનવી પર્યાવરણને હાનિ પહોંચાડીને પોતાના આરોગ્યને નુકસાન પહોંચાડે છે. શ્વસનતંત્ર, ચામડી તથા અનારોગ્યની સમસ્યાનો ભોગ બને છે. શહેરીજનો પ્રદૂષણ અને પર્યાવરણની અસમતુલાને લીધે શારીરિક અને માનસિક રોગનો ભોગ બને છે. જેને લીધે માનવીની કાર્યક્ષમતા અને એકાગ્રતા નબળી પડે છે.



**પર્યાવરણની આરોગ્ય પર અસર**

**(7) સામાજિક સંબંધો પર અસર :** પર્યાવરણીય પરિવર્તનોને લીધે કુદરતી આપત્તિઓ સર્જાય છે. જેમકે ત્સુનામી, ચક્રવાત, વાવાઝોડું, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ભૂકંપ વગેરે. આ કુદરતી આપત્તિઓમાં માનવહાનિ ઉપરાંત માનવજીવનનાં વિવિધ પાસાં પર દૂરોગામી અસર થાય છે. માનવના સ્વભાવ અને સંબંધોમાં પરિવર્તન આવે છે. શહેરમાં ગુનાખોરીનું પ્રમાણ વધે છે.

**(8) વનસ્પતિ પર અસર :** માનવી પોતાની જરૂરિયાત માટે વનસ્પતિનો વિનાશ કરવા લાગ્યો છે. ફળ-ફૂલ અને વનસ્પતિ પર આધારિત પશુ-પંખીઓ પર તેની વિઘાતક અસર થઈ છે. વધતી જતી વસ્તી, ઔદ્યોગિકીકરણ, શહેરીકરણ વગેરેને લીધે જમીન પરનાં વૃક્ષો કપાતાં પર્યાવરણીય પ્રશ્નો ઊભા થયા છે.

**(9) પશુજીવન પર અસર :** માનવી અને પશુનો સંબંધ આદિકાળથી ગાઢ રહ્યો છે. પશુઓની ઉપયોગિતા વિશે અગાઉ આપણે જોઈ ગયાં છીએ. આધુનિક માનવીએ પર્યાવરણને હાનિ પહોંચાડતાં કેટલાંક પશુ-પંખીઓ લુપ્ત થતાં જાય છે.

તદુપરાંત પર્યાવરણના સમતુલનને લીધે કેટલાંક આકસ્મિક પરિણામો પણ આવ્યાં છે જે ગુણાત્મક અને સંખ્યાત્મક દૃષ્ટિએ મહત્ત્વનાં બન્યાં છે. જેમકે, 2001માં ધરતીકંપ પછી ગુજરાતને કચ્છનું નવું, આધુનિક રૂપ મળ્યું, કંડલામાં આવેલ વાવાઝોડાથી દેશ-વિદેશ સાથેનો સંપર્ક વધ્યો. આકસ્મિક કુદરતી હોનારતોથી બચવા માનવીએ શોધખોળ કરી, પ્રિન્ટ અને ઇલેક્ટ્રૉનિક માધ્યમો દ્વારા જાગૃતિ વધારી. આમ, માનવજીવન અને પર્યાવરણ એક સિક્કાની બે બાજુ સમાન છે એમ કહી શકાય.

સમાજવિજ્ઞાનમાં 1972 પહેલાં પર્યાવરણનું સમાજશાસ્ત્ર ન હતું. 1972માં બેલ્જિયમમાં પહેલી 'પૃથ્વી પરિષદ' ભરાઈ. આ પરિષદના અંતે એક કમિશન નિમાયું. એ કમિશન રચવા પાછળનો હેતુ કુદરતનાં સંસાધનોની ઘટતી સંખ્યા અને માનવજીવનને તપાસવાનો હતો. એનો અહેવાલ 1988માં પ્રસિદ્ધ થયો જેનું નામ હતું અવર કૉમન ફ્યુચર (Our Comman future). ત્યાર પછી 1992માં બ્રાઝિલમાં રીઓ.ડી. જોનેરોમાં બીજી 'પૃથ્વી પરિષદ'નું આયોજન થયું જેનું નામ 'પર્યાવરણ અને વિકાસ પરિષદ' એવું રાખવામાં આવ્યું. પર્યાવરણની સમતુલા અને માનવ-સુખાકારી પર તેમાં ભાર મુકાયો. સમાજમાં આ અંગેની જાગૃતિ ધીમે ધીમે વધતાં પર્યાવરણને બચાવવા અનેક આંદોલનો થયાં, જેને આપણે પર્યાવરણીય આંદોલન કહીએ છીએ.

**ભારતમાં થયેલ પર્યાવરણીય આંદોલન**



**ચીપકો આંદોલન**

**(1) ચીપકો આંદોલન :** ભારતના ઉત્તર-પૂર્વના પહાડી વિસ્તારનું આ આંદોલન છે. ચીપકો એક પહાડી શબ્દ છે. તેનો અર્થ ચોટવું એમ થાય છે. આ આંદોલન એક આદિવાસી વિસ્તારમાં સરકારની નીતિને કારણે ભવિષ્યમાં થનાર નુકસાન સામે સ્ત્રીઓએ એકત્ર થઈ કરેલું આંદોલન છે. સરકાર આ વિસ્તારના સ્થાનિક લોકોને પોતાની રોજીરોટી માટે જંગલની પેદાશ વૃક્ષો કાપવા દેતી ન હતી અને અચાનક એક કંપનીને વૃક્ષ કાપવાનો ઠેકો આપ્યો એ ઘટનામાંથી સ્વયંભૂ લોકસહકાર અને સ્થાનિક લોકો - નેતાઓની સૂઝ અને નેતૃત્વથી આ આંદોલનની શરૂઆત થઈ. સ્થાનિક લોકોએ સંગઠિત થઈ કંપનીને વૃક્ષ ન કાપવા દેવાનો નિર્ણય કર્યો. સૌએ એક-એક વૃક્ષને ચીપકી ઊભા રહેવાનો નિર્ણય કર્યો. આ નિર્ણય મુજબ એક વ્યક્તિ એક વૃક્ષને બાથ ભરીને ઊભી રહેતી 'એ વૃક્ષ કાપવું હોય તો અમને પણ કાપવા પડશે' એવા મક્કમ સત્યાગ્રહ કર્યો. આ સ્થાનિક કાર્યક્રમમાં બીજા લોકો પણ જોડાયા અને પ્રતિકાર કર્યો. આ માટે મહિલાઓ પણ એકત્રિત થઈ. સર્વોદયવાદીઓના સહકારથી ગ્રામસ્વરાજની રચના કરી, સહકારી મંડળી ઊભી થઈ અને બધાએ નક્કી કર્યું કે જંગલ ઉપજનો વહીવટ આપણે જ કરવો. આમ, વનસંપત્તિનો નાશ થતો અટકાવ્યો અને ગ્રામસ્વરાજના કાર્યક્રમોના સહકારથી શરૂ કરવામાં આવ્યું હતું તે 'ચીપકો આંદોલન'માં મહિલાઓની આગેવાની વધતી ગઈ. વન અધિકારીઓ અને ઠેકેદારોનો વિરોધ કરવા એ કટિબદ્ધ બન્યા. જેમાં ગૌરીદેવી નામની સ્ત્રીનું નેતૃત્વ અસરકારક રહ્યું. સૌએ સંગઠિત થઈ આ અંગે કાર્યક્ષમતા દાખવી અને સરકારે એવો નિર્ણય કર્યો કે 1050 ચો.કિ.મી.ના પ્રદેશમાં દસ વર્ષ સુધી એકપણ વૃક્ષ ન કાપવું.

**(2) નર્મદા બચાવો આંદોલન :** નર્મદા ડેમના વિરોધમાં આ આંદોલન શરૂ કરવામાં આવ્યું. જે 'નર્મદા બચાવો આંદોલન' નામે ઓળખાય છે.

**કુદરતનો અવાજ (Sound of Nature)**

મોરારજી દેસાઈ જ્યારે વડાપ્રધાન હતા ત્યારે કેરાલા સરકાર અને પર્યાવરણવાદીઓએ 1978માં ત્યાંના હાઇડ્રો ઈલેક્ટ્રિક પ્રોજેક્ટના સંદર્ભમાં The Silent Valley movement ચળવળ કરી હતી.

આ ઉપરાંત રાજસ્થાનમાં બીસ્નોઈ ચળવળ, કન્નડની અપીકો ચળવળ, ઉપરાંત ગુજરાતમાં સિમેન્ટ ઉદ્યોગના સંદર્ભમાં મહુવાના ખેડૂતોએ કરેલું આંદોલન વગેરે જાણીતા છે.

**પ્રદૂષણનો અર્થ અને તેની સામાજિક અસરો**

**પ્રદૂષણનો અર્થ :** શુદ્ધતાને નષ્ટ કરે તે પ્રદૂષણ. વર્તમાન સમયમાં પર્યાવરણ પ્રદૂષણ એક ગંભીર સમસ્યા બની છે. માનવ સાથે કુદરત પણ થોડા પ્રમાણમાં પ્રદૂષણ ફેલાવે છે. દા.ત., જ્વાળામુખી, દાવાનળ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ભેજવાળી હવા, મરક્યુરી જેવી ભારે ધાતુઓથી પ્રદૂષણ થાય છે. બીજી તરફ માનવીય પ્રવૃત્તિઓ અને ઔદ્યોગિક વિકાસે પણ પ્રદૂષણ સર્જવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે. સજીવ સૃષ્ટિના અસ્તિત્વ માટે અને સંચાર માટે જ્યારે પર્યાવરણ અયોગ્ય બને છે ત્યારે પ્રદૂષણની બાબત ચિંતાજનક બને છે.

વિશાળ નગરો, કારખાનાં, સંહારક શસ્ત્રો તેમજ આકાશના અન્ય ગ્રહોની શોધખોળ જેવી માનવીય પ્રવૃત્તિઓને લીધે હવા, પાણી, ભૂમિ જેવા પર્યાવરણ ઘટકો અસંતુલિત બને છે, જેનાથી સજીવોનું અસ્તિત્વ જોખમાય છે.

કુદરત દ્વારા કે માનવીની પર્યાવરણ વિરોધી પ્રવૃત્તિને પરિણામે સજીવોનાં જીવન માટે જરૂરી ઘટકોની દૂષિત થવાની ક્રિયાને પ્રદૂષણ કહે છે.

બીજી રીતે કહીએ તો, પ્રાકૃતિક અથવા માનવસર્જિત પર્યાવરણમાં અનિચ્છનીય પદાર્થનો પ્રવેશ અથવા વિકૃતિ ઉત્પન્ન કરે તેવી અસર થાય તેને પ્રદૂષણ કહેવાય. પર્યાવરણ-પ્રદૂષણમાં વિવિધ કારણોને મુખ્યત્વે બે વિભાગમાં વહેંચી શકાય : (1) પ્રાકૃતિક કારણ (2) માનવરચિત કારણ.

**પ્રદૂષણની સામાજિક અસર**

પ્રદૂષણની સમાજ પર અસર થાય છે. હવા, જળ, જમીન, ઘોંઘાટના પ્રદૂષણની સામાજિક અસર જોઈએ.

**(1) હવા-પ્રદૂષણ (Air Pollution) :** સમાજજીવનને ટકાવવા માટે હવામાં રહેલાં તત્ત્વોની સમતુલા જળવાઈ રહે તે જરૂરી છે. વૃક્ષોના છેદનને લીધે કાર્બન ડાયૉક્સાઇડનું પ્રમાણ વધતા પૃથ્વી પર તાપમાન વધી જાય છે. અસહ્ય ગરમી માનવી તેમજ સજીવસૃષ્ટિને નુકસાન કરે છે, ક્યારેક મોતના મુખમાં ધકેલે છે. વાહનો, ઉદ્યોગો, વિમાનની વાયુ સેરો વગેરે દ્વારા નીકળતા ધુમાડા, ઝેરી પદાર્થો વગેરે હવામાં ભળતા શ્વાસોશ્વાસની ક્રિયામાં અડચણ ઊભી થતા આરોગ્યને નુકસાન થાય છે.


હવા-પ્રદૂષણ

લાંબા સમયની ધુમ્રપાનની ટેવ તેમજ વાયુ-પ્રદૂષકો સાથેના દીર્ઘકાલીન સંપર્ક પ્રાકૃતિક પ્રતિરોધક વ્યવસ્થા પર દબાણ કરે છે. બાળકો, ગર્ભવતી મહિલાઓ, વૃદ્ધો શ્વસનતંત્રના જ નહિ પણ દમ, હૃદયરોગનો ભોગ બને છે. ધુમ્રપાનની ટેવવાળી તેમજ તેના સંપર્કવાળી વ્યક્તિઓને લોહીમાં હિમોગ્લોબીન સાથે કાર્બન મોનોક્સાઇડનું પ્રમાણ વધી જાય તો ઑક્સિજનનું વહન થઈ શકતું નથી. જેથી શ્વસનતંત્રના ગંભીર રોગ ઉપરાંત અનેક શારીરિક બીમારીઓ થાય છે. જેની અસર વ્યક્તિગત તેમજ કૌટુંબિક જીવન પર થાય છે.

વાયુ-પ્રદૂષણથી સમાજમાં ઐતિહાસિક ઇમારતો–સ્મારકો તેમજ પ્રાકૃતિક સૌંદર્યનાં મૂળ સ્વરૂપ પર અસર થાય છે.

પૃથ્વીના ઓઝોન પડને નુકસાન થતાં ચામડી બળવી, મોતિયો આવવો, ચામડીનું કૅન્સર જેવી સમસ્યાઓ સર્જાય છે. રોગપ્રતિકારક શક્તિ નબળી પડતા શરીરમાં અનેક રોગ ફેલાય છે. હવામાં ઊડતા રજકણો, સલ્ફર ડાયૉક્સાઇડ, કાર્બન મોનોક્સાઇડ અને નાઇટ્રોજન ઑક્સાઇડ જેવા પ્રદૂષકોનું પ્રમાણ વધતાં, વરસાદના પાણીમાં ઍસિડનું પ્રમાણ વધે છે. આ તેજાબી વરસાદ (ઍસિડવર્ષા) સમગ્ર જીવસૃષ્ટિ પર વિઘાતક અસર કરે છે.

**(2) જળ-પ્રદૂષણ (Water Pollution) :** પાણી જીવસૃષ્ટિની જીવાદોરી છે. શુદ્ધ જળ જીવસૃષ્ટિ માટે જરૂરી છે. ઝેરી રસાયણોયુક્ત દૂષિત પાણી જ્યારે નદી, તળાવ, કૂવા, સમુદ્રમાં છોડવામાં આવે છે ત્યારે શુદ્ધ પાણી દૂષિત બને છે જે રોજિંદા વપરાશમાં ઉપયોગી બનતું નથી ત્યાં પીવાના શુદ્ધ પાણીની વાત જ ક્યાં ? વળી, તે જળસૃષ્ટિનો પણ નાશ કરે છે. દૂષિત પાણીમાંથી તૈયાર કરેલાં શાકભાજી અને અનાજ બીમારીને આમંત્રે છે. તદુપરાંત વહાણો, સ્ટીમરો, પુલો અને બંધો પાણીમાં રહેતી જીવસૃષ્ટિને નુકસાન કરે છે.

**(3) જમીન-પ્રદૂષણ (Soil Pollution) :** ભૂમિ-સપાટીની સ્તર-રચનામાં કે જમીનમાંથી પ્રાપ્ત થતાં પોષક તત્ત્વોમાં થતા ફેરફારથી ભૂમિ-પ્રદૂષણ થાય છે.

જમીન-પ્રદૂષણ માટે અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, પૂર, ધરતીકંપ જેવી કુદરતી ઘટનાઓ જવાબદાર છે. આવી ઘટનાઓ સમગ્ર જીવસૃષ્ટિના ભૂમિયુક્ત જીવન માટે વિનાશકારી બને છે. જમીનોનાં ધોવાણ તેની ફળદ્રુપતામાં ઘટાડો કરે છે. ખેતીલાયક કે ગૌચરની જમીનમાં ઘટાડો થતા ખોરાકની સમસ્યા સર્જાય છે. વળી, જમીન આધારિત અર્થોપાર્જન ન થતાં માનવીનું જીવન તણાવગ્રસ્ત બને છે એટલું જ નહિ આરોગ્ય પણ કથળે છે.

વૃક્ષોના છેદનને લીધે વૃક્ષોનાં મૂળિયાં દ્વારા સચવાતી જમીનની ફળદ્રુપતાને ભારે નુકસાન થાય છે. ઉદ્યોગો દ્વારા જમીન પર ઠલવાતાં ઝેરી રસાયણો કે પ્રદૂષિત પાણીને લીધે ઉપજાઉ જમીન ઓછી થતી જાય છે. બિનજરૂરી રાસાયણિક ખાતરો તેમજ જંતુનાશક દવાઓનો ઉપયોગ બંજર જમીનમાં વધારો કરીને, સમાજની વિકાસયાત્રાને રૂંધે છે.

**(4) ઘોંઘાટ-અવાજ-ધ્વનિ-પ્રદૂષણ (Noise Pollution) :** અવાજને જે એકમ વડે માપવામાં આવે છે તેને ડેસિબલ કહેવામાં આવે છે. પર્યાવરણ સંશોધન અનુસાર અવાજનું સ્વીકાર્ય સ્તર 125 ડેસિબલ છે. બધા જ અવાજ, ઘોંઘાટ હોતા નથી. ઘોંઘાટ એટલે અનિચ્છનીય ધ્વનિ. ઘોંઘાટ એ પર્યાવરણનો પદાર્થ નથી પણ પ્રદૂષણની સમસ્યા છે, જે જીવસૃષ્ટિના આરોગ્યને નુકસાન પહોંચાડે છે. કારખાનાંનાં મશીનો, વાહનોના બિનજરૂરી અવાજો, વાર-તહેવારે વગાડાતા લાઉડ સ્પીકરો, મોટા અવાજથી વપરાતા રેડિયો, ટી.વી. જેવાં ઇલેક્ટ્રૉનિક ઉપકરણોથી જે ઘોંઘાટ-પ્રદૂષણ ઉત્પન્ન થાય છે તેનાથી શ્રવણશક્તિ નબળી પડે છે, કાનના પડદાને નુકસાન થાય છે, બહેરાપણાની સ્થિતિ સર્જાય છે. તદુપરાંત અસહ્ય અવાજ લોહીનું દબાણ વધારીને અને નાડીની ગતિને બદલીને લોહીના પરિભ્રમણને અવરોધે છે, જેથી સ્વાસ્થ્ય કથળે છે. ઘોંઘાટિયા વાતાવરણથી માનસિક તણાવની સ્થિતિમાં વધારો થતા, મનોરોગીઓની સંખ્યામાં વધારો થાય છે, જેથી વસ્તીના ગુણાત્મક પાસામાં ઘટાડો થાય છે.

**(5) કિરણોત્સર્ગ પ્રદૂષણ (Radioactive Pollution) :** વર્તમાન સમયમાં પરમાણુશક્તિના વિવિધ ઉપયોગથી માનવસર્જિત કિરણોત્સર્ગ વિકિરણનું પ્રમાણ પર્યાવરણમાં વધતા, સમાજજીવનમાં તેની આડ અસરો જોવા મળે છે.

પર્યાવરણના ઘટક તત્ત્વ આકાશમાં ઓઝોન વાયુનું પડ છે, જે સૂર્યનાં પ્રચંડ કિરણોને રોકીને જરૂર પૂરતાં જ પૃથ્વી પર આવવા દે છે, જેથી જીવસૃષ્ટિનું સાતત્ય જળવાય છે. માનવીય પ્રવૃત્તિએ આ પડને નુકસાન પહોંચાડ્યું હોવાથી પૃથ્વી પર દિવસે દિવસે તાપમાન વધે છે. જેનાથી સજીવ સૃષ્ટિનું જીવન દુષ્કર બને છે. વધારે માત્રામાં કિરણોત્સર્ગથી સજીવસૃષ્ટિને હાનિ પહોંચે છે. માનવીના ચેતાતંત્રને નુકસાન થાય છે, ધ્રુજારી ઉત્પન્ન થાય છે, અડધા કલાકમાં માનવ બેભાન થઈ જાય છે, શ્વસન અને ચેતાતંત્રને હાનિ પહોંચતા માણસ મોતને શરણે થાય છે. ઊંચી માત્રાના કિરણોત્સર્ગ વ્યક્તિગત આરોગ્યને જોખમાવે છે. સાથોસાથ રંગસૂત્રોમાં ખામી સર્જાતા પેઢીઓ સુધી તેની દૂરોગામી અસર થતી જોવા મળે છે, જે ગુણવત્તાયુક્ત સમાજના સાતત્યને અવરોધે છે.

આમ, હવા, જળ, જમીન, ઘોંઘાટ તેમજ કિરણોત્સર્ગ પ્રદૂષણથી ઉત્પન્ન થતી અનારોગ્યકારક સ્થિતિ, બીમારી કે રોગિષ્ઠપણું સજીવસૃષ્ટિ પર વિઘાતક અસર કરે છે. માનવી કામ કરવાની શક્તિ-ક્ષમતા ગુમાવે છે, તેની ઉત્પાદકતા નીચી રહેવા પામે છે. પરિણામે સમાજના મહત્ત્વનાં કાર્યો થઈ શકતા નથી. સમાજમાં વ્યક્તિગત તેમજ જાહેર આરોગ્યનું સ્તર નીચું જતું જાય છે, જેનાથી વ્યક્તિ, કુટુંબ અને રાષ્ટ્રના વિકાસમાં અવરોધ ઊભો થાય છે. આથી પ્રદૂષણની આડ અસરોનું નિવારણ થાય તે માટે સઘન પગલાં લેવા આવશ્યક છે.

**(6) અન્ય અસર :** સમાજમાં ઔદ્યોગિકીકરણ, નગરીકરણ અને ભૌતિકવાદી દૃષ્ટિકોણ જેમ જેમ વ્યાપક બનતો જાય છે તેમ તેમ પ્રદૂષણની સમાજ પરની અસરો વધતી જાય છે. પર્યાવરણની અસમતુલા અને વધતા પ્રદૂષણે અનેક સામાજિક

પ્રશ્નો પણ ઊભા કર્યા છે જેમકે, દરિયામાં પ્રદૂષણ વધવાથી દરિયાઈ સૃષ્ટિ નાશ પામવા લાગી. આપણને મળતી ઔષધિઓ અને સમુદ્રી ખોરાક નાશ પામવાથી માછીમારોનાં જીવન પર વિઘાતક અસર થઈ, તેઓ દૂર સુધી માછલીઓ પકડવા જાય છે છતાં જરૂરી જથ્થો પ્રાપ્ત ન થતા પ્રચ્છન્ન બેકારીનો ભોગ બનવું પડે છે. સમય જતાં ગરીબી અને બેકારીની સમસ્યા સર્જાય છે.

કુદરતી આપત્તિ અને ગ્લોબલ વોર્મિંગને કારણે સમાજજીવનનાં અનેક પાસાં પર ગંભીર અસર થઈ. પ્રાદેશિક સ્થળાંતર થવા લાગ્યું, જેને લીધે મોટાં નગરોની માત્રા વધી. પ્રદૂષણ વધી જતાં, આર્થિક અસમાનતા વધતાં ચોરી, ગુનાખોરીની સમસ્યા વધી, જે સમાજના વિઘટન માટે જવાબદાર ગણાવી શકાય. વળી, શહેરોમાં હવા અને અવાજનું પ્રદૂષણ વધતાં જાહેર આરોગ્ય જોખમાય છે. લોકોનો દવા પાછળનો ખર્ચ વધતાં, અર્થતંત્રને ગંભીર અસર થાય છે.

વર્તમાન સમયમાં ભૌતિક સુખાકારી માટે અને ઝડપી ઉત્પાદન માટે માનવીએ અનેક સાધનો વસાવ્યાં જેમાંથી અવાજ/ઘોંઘાટનું પ્રદૂષણ વધતાં મગજ અને તંદુરસ્તીને નુકસાન પહોંચે છે. લોહીનું દબાણ વધવું, માથાનો દુઃખાવો ઉપરાંત માનસિક તાણને લીધે વ્યક્તિ હતાશા અનુભવે છે, જેથી વ્યક્તિના દાંપત્ય તેમજ કૌટુંબિક જીવન પર અસર થાય છે. શહેરમાં વધતી આત્મહત્યા, છૂટાછેડાની સમસ્યા એનાં કારણરૂપ ગણાવી શકાય.

પ્રદૂષણના કાયદા હોવા છતાં તેની છટકબારી દ્વારા ભ્રષ્ટાચારની સમસ્યાને ગતિ મળે છે. કારણ કે ઉદ્યોગ માટે જમીન મેળવવી, કરચોરી કરવી, ખાદ્ય વસ્તુમાં બનાવટ કરવી જેવી વૃત્તિઓનું પ્રમાણ વધતું જાય છે.


**ગ્લોબલ વોર્મિંગનો અર્થ અને અસર**

**ગ્લોબલ વોર્મિંગ (Global Warming)નો અર્થ :** ગ્લોબલ વોર્મિંગ એટલે વૈશ્વિક ઉષ્ણતા. Global અર્થાત્ વૈશ્વિક અને Warming એટલે ઉષ્ણતા. ઉષ્ણતાને સ્થાને ગરમી/તાપમાન શબ્દ પણ વપરાય છે.

દુનિયાના બધા જ દેશો વૈશ્વિક ઉષ્ણતા માટે ચિંતિત બન્યા છે.

પૃથ્વીના તાપમાનમાં થઈ રહેલા સતત વધારાને વૈશ્વિક ઉષ્ણતા તરીકે ઓળખવામાં આવે છે. ઔદ્યોગિકીકરણને લીધે મોટા પાયા પરના ઉદ્યોગો, પેટ્રોલ-ડીઝલવાળા વાહન-વ્યવહારના વધતા વ્યાપને લીધે હવાનું પ્રદૂષણ વધ્યું. સૂર્યની ગરમીને ઓછી કરતા ઓઝોન વાયુના પડમાં ગાબડાં પડવા લાગતા સૂર્યનાં કિરણો સીધા જમીન પર પડવા લાગ્યાં, જેને લીધે પૃથ્વીના તાપમાનમાં સતત વધારો થતો જાય છે. જેનાથી વૈશ્વિક ઉષ્ણતા વધી. વૈશ્વિક ઉષ્ણતા (Global Warming)ને કારણે હવામાન અને તાપમાનમાં ધરખમ ફેરફાર થવા લાગ્યા છે.

**ગ્લોબલ વોર્મિંગ (Global Warming) અસર :** વૈશ્વિક ઉષ્ણતાની આડ અસરો જોઈએ.



**(1) હિમદ્રવણ અને દરિયાઈ સ્તરમાંથી ઉત્થાન :** તીવ્ર ગતિથી વધતા વાયુ-પ્રદૂષણને લીધે વાયુમંડળના નીચલા સ્તરમાં આવેલ હરિત ગૃહવાળા વાયુઓની માત્રામાં વૃદ્ધિ થવાને લીધે પૃથ્વીનું વાયુમંડળ હરિતગૃહ (Green house)નું સ્વરૂપ ધારણ કરતું જાય છે. જેનાથી વાયુમંડળના તાપમાનમાં વધારો થતો જાય છે. વૈશ્વિક ઉષ્ણતાને લીધે હિમપ્રપાત થવા લાગ્યો છે. જો તેની ગતિ વધશે તો સમુદ્રસપાટીના ભૂ-ભાગ, સમુદ્ર પતન અને અસંખ્ય દ્વીપો જળમય થઈ જશે. વૈજ્ઞાનિક અનુમાન મુજબ 21મી સદીના અંત સુધીમાં વૈશ્વિક ઉષ્ણતામાં 1° સેથી 3° સેલ્સિયસ સુધીની વૃદ્ધિ થઈ શકે છે. જેનાથી ધ્રુવપ્રદેશોનો બરફ પીગળતા દરિયાઈ સપાટીમાં એક મીટર જેટલી ઊથલપાથલ થઈ શકે છે. આંતરરાષ્ટ્રીય સંસ્થા WWF (World Wide Fund)ના અહેવાલ અનુસાર પ્રત્યેક દસ વર્ષમાં 9.6 ટકાના દરથી બરફની ચાદર પીગળી રહી છે અને જો તેની આ જ ગતિ રહેશે તો આ સદીના અંત સુધીમાં ધ્રુવપ્રદેશનો બરફ પીગળી જશે, પરિણામ સ્વરૂપે સમુદ્રની સપાટી પરનાં સ્થળો ડૂબી જશે.



**ગ્રીનહાઉસ ઈફેક્ટ**

**(2) જળ-વાયુ-પરિવર્તન :** વૈશ્વિક ઉષ્ણતાને લીધે વિશ્વવ્યાપી મોસમ અને જળવાયુમાં પરિવર્તન થવાની સંભાવના છે. વૈશ્વિક ઉષ્ણતાથી કોઈ ક્ષેત્રમાં સખત ગરમ હવા તો કોઈ ક્ષેત્રમાં ભયંકર તોફાન આવશે. એ જ રીતે ક્યાંક દુષ્કાળ/અનાવૃષ્ટિની સ્થિતિ સર્જાશે તો ક્યાંક અતિવૃષ્ટિને લીધે પૂર આવશે અને જળપ્રલયની સ્થિતિ ઊભી થઈ શકે છે. જળવાયુ પરિવર્તનના પરિણામસ્વરૂપે ઘણી હરીભરી જમીન રણમાં પરિવર્તિત થઈ શકે અને કેટલાક રણવિસ્તારો વરસાદ આવવાથી હર્યાભર્યા થઈ શકે છે. આનાથી જૈવ જીવનના વિતરણમાં મોટું પરિવર્તન અને ઊથલપાથલ મચી શકે છે.

**(3) ખેત-ઉત્પાદનમાં હ્રાસ :** જલવાયુ પરિવર્તનથી પાકના ઉત્પાદન પર ખરાબ અસર પડશે. તાપમાન વધવાથી માટીમાંથી બાષ્પીભવન ખૂબ થશે, જેથી ભૂજળનું સ્તર વધુ નીચે જતું રહેશે અને માટીની ફળદ્રુપતા ઘટશે તેમજ સિંચાઈ માટે જમીનના ગર્ભમાં રહેલ પાણીની પ્રાપ્તિ ઓછી થઈ જશે. જેનાથી પાકની ઉત્પાદકતા પર માઠી અસર પડશે. એનાથી શુષ્ક ખેતીનું પ્રમાણ વધશે અને તેલીબિયાં અને કઠોળનું ઉત્પાદન ખૂબ માત્રામાં ઘટી જઈ શકે છે.

**(4) જૈવ જીવનમાં સંકટ :** ઑક્સફર્ડ વિશ્વ વિદ્યાલયના વૈજ્ઞાનિક અને WWFનો અહેવાલ તૈયાર કરનાર માર્ક ન્યૂ (Mark New)ના મત મુજબ, જો વર્તમાન દરથી તાપમાન વધ્યા કરશે તો 2026 થી 2060 દરમિયાન પૃથ્વીના તાપમાનમાં 2 સેલ્સિયસની વૃદ્ધિ થઈ જશે. એનાથી ધ્રુવપ્રદેશોનો બરફ ખૂબ ઝડપથી પીગળશે. જાણવામાં આવ્યું છે કે, બરફ અને હિમખંડ (શિખર) ખૂબ માત્રામાં સૌર વિકિરણને પરાવર્તિત કરીને અંતરિક્ષમાં પાછા ધકેલી દે છે. જો ધ્રુવપ્રદેશોનું તાપમાન અન્ય ક્ષેત્રોની તુલનામાં ત્રણગણું વધી જશે તો એના ટુંડ પ્રદેશમાં જલવાયુની સાથે વનસ્પતિ પણ પ્રભાવિત થશે અને તેનાથી અહીંનાં ધ્રુવીય રીંછ તેમજ અન્ય જીવો પર સંકટનાં વાદળો ઘેરાશે, તેઓનું અસ્તિત્વ મટી જશે અને આવનાર પેઢી એમના વિશે ઇતિહાસનાં પુસ્તકો દ્વારા જ જાણકારી મેળવી શકશે.

આમ, વૈશ્વિક ઉષ્ણતાથી સજીવ સૃષ્ટિને પારાવાર નુકસાન થઈ શકે છે.

વિદ્યાર્થીમિત્રો, આ પ્રકરણમાંથી સ્પષ્ટ થાય છે કે, પર્યાવરણ અને સમાજ વચ્ચેનો સંબંધ ગાઢ રીતે સંકળાયેલો છે. પર્યાવરણમાં પરિવર્તન આવે એટલે માનવજીવનમાં પણ પરિવર્તન આવે છે. સમાજના સાતત્ય માટે આપણે સૌએ પર્યાવરણનું જતન કરવું ખૂબ જરૂરી છે. આથી જ આપણે અને સમગ્ર વિશ્વ પર્યાવરણ સંબંધિત વિવિધ દિવસો જેવા કે 5 જૂન વિશ્વ-પર્યાવરણ દિન; 21 માર્ચ - વિશ્વ વન દિન; 22 માર્ચ - વિશ્વ જળ દિન; 23 માર્ચ - વિશ્વ હવામાન દિન, 22 એપ્રિલ - વિશ્વ ધરતી દિન તરીકે ઊજવીએ છીએ. ખરું ને ? પર્યાવરણને જાળવવું એ આપણાં સૌની ફરજ છે એ બાબત આપણે ક્યારેય ભૂલીશું નહિ, બરાબર ને !

વિદ્યાર્થીમિત્રો, અભ્યાસના હવે પછીનાં વર્ષોમાં આપ સમાજશાસ્ત્રની અનેક શાખાઓના અભ્યાસ દ્વારા સમાજનાં વિવિધ પાસાંઓની જાણકારી મેળવશો.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો :**

(1) પર્યાવરણનો અર્થ આપી, તેનાં મુખ્ય તત્ત્વો વર્ણવો.

(2) પર્યાવરણના ઘટકો વિશે સવિસ્તર માહિતી આપો.

(3) પર્યાવરણની માનવજીવન પર અસરો વર્ણવો.

(4) માનવજીવનની પર્યાવરણ પરની અસરો વર્ણવો.

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો :**

(1) નિર્જીવ તત્ત્વો વિશે માહિતી આપો.

(2) પર્યાવરણના પ્રકારો સમજાવો.

(3) પ્રદૂષણના કોઈ પણ બે પ્રકારો સમજાવો.

(4) ગ્લોબલ વોર્મિંગની અસરો ચર્ચો.

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો :**

(1) પર્યાવરણ એટલે શું ?

(2) સજીવ તત્ત્વ કોને કહેવાય ?

(3) મેકાઈવરે પર્યાવરણને કેટલા અને કયા વિભાગમાં વહેંચ્યું છે ?

(4) સ્થાનિક સંબંધમાં મુખ્યત્વે કઈ ત્રણ બાબતોનો સમાવેશ થાય છે ?

(5) પ્રદૂષણના પ્રકારોનાં નામ લખો.

(6) ગ્લોબલ વોર્મિંગ એટલે શું ?

(7) ગ્રીન હાઉસ ઈફેક્ટ કોને કહેવાય ?

**4. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) પર્યાવરણના મુખ્ય ઘટકો જણાવો.

(2) સામાજિક પર્યાવરણ એટલે શું ?

(3) સાંસ્કૃતિક પર્યાવરણ કોને કહેવાય ?

(4) પ્રાકૃતિક પર્યાવરણ કોને કહેવાય ?

(5) રેખાંશથી શું નક્કી થાય છે ?

(6) પર્યાવરણ પરિવર્તન માટે કઈ બે પ્રક્રિયાઓ જવાબદાર છે ?

(7) આકાશમાં કયા વાયુનું પડ હોય છે ?

(8) WWFનું પૂરું નામ જણાવો.

**5. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધો :**

(1) નીચેનામાંથી કયું તત્ત્વ પર્યાવરણનું નિર્જીવ તત્ત્વ નથી ?

(અ) અગ્નિ (બ) સેટેલાઈટ (ક) વાયુ (ડ) પૃથ્વી

(2) સામાજિક રીતરિવાજોનો સમાવેશ કયા પ્રકારના પર્યાવરણમાં થાય છે ?

(અ) પ્રાકૃતિક પર્યાવરણ (બ) ભૌગોલિક પર્યાવરણ

(ક) આર્થિક પર્યાવરણ (ડ) સાંસ્કૃતિક પર્યાવરણ

(3) નીચેનામાંથી કયો ઉદ્યોગ માટી સાથે સંકળાયેલો નથી ?

(અ) શણ (બ) નાળિયેરી (ક) સૂતર (ડ) ડેરી

(4) વિશ્વ પર્યાવરણ દિન ક્યારે ઊજવાય છે ?

(અ) 22 એપ્રિલ (બ) 21 માર્ચ (ક) 22 માર્ચ (ડ) 5 જૂન

(5) વિશ્વ વન દિવસ ક્યારે ઊજવાય છે ?

(અ) 23 માર્ચ (બ) 22 માર્ચ (ક) 21 માર્ચ (ડ) 22 એપ્રિલ

(6) 22 એપ્રિલે આપણે કયો દિવસ ઊજવીએ છીએ ?

(અ) વિશ્વ હવામાન દિન (બ) વિશ્વ જળ દિન (ક) વિશ્વ વન દિન (ડ) વિશ્વ ધરતી દિન


**પ્રવૃત્તિ**

- માનવી અને તેની આસપાસના પર્યાવરણ સંબંધિત તત્ત્વોનો ચાર્ટ તૈયાર કરો.
- પર્યાવરણના સામાજિક જીવન સાથેના સંબંધ વિશે નિબંધસ્પર્ધા યોજો.
- વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીનો અહેવાલ લખો.
- વૃક્ષારોપણ કરી, તેનું જતન કરો.
- પ્રદૂષણ અટકાવવા માટે લોકજાગૃતિ કાર્યક્રમો કરો.
- પર્યાવરણસંબંધી સ્થળની મુલાકાત લો.
- ગ્લોબલ વોર્મિંગ વિશે જૂથચર્ચા કરો.
- પર્યાવરણના જતન માટે શાળામાં Eco club બનાવો.

●

## પરિશિષ્ટ-1

# કુટુંબવૃક્ષ



## પરિશિષ્ટ-2

# ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક આકાંક્ષાઓનો સમાજશાસ્ત્રીય અભ્યાસ

## (પ્રશ્નાવલિ)

**1.** નામ : ..................................................

**2.** વર્ગ : (1) ધોરણ 11 ☐ (2) ધોરણ 12 ☐

**3.** અભ્યાસનો પ્રવાહ : (1) સામાન્ય પ્રવાહ : વિનયન ☐, વાણિજ્ય ☐
(2) વિજ્ઞાનપ્રવાહ ☐
(3) વ્યવસાયલક્ષી પ્રવાહ ☐

**4.** ધર્મ : (1) હિન્દુ ☐
(2) ઈસ્લામ ☐
(3) અન્ય ..........................

**5.** જ્ઞાતિ : (1) જનરલ કૅટેગરી ☐
(2) અનુસૂચિત જાતિ ☐
(3) અનુસૂચિત જનજાતિ ☐
(4) સામાજિક-શૈક્ષણિક પછાત સમૂહો ☐
(5) અન્ય ..................................

**6.** તમે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પૂરું કર્યા પછી શું કરવા માંગો છો ? (અગ્રતાક્રમ આપશો.)
(1) વધુ અભ્યાસ ☐ (2) નોકરી ☐
(3) સ્વતંત્ર વ્યવસાય ☐ (4) અન્ય ..............................

**7.** તમે ઉચ્ચ શિક્ષણ લીધા પછી શું બનવા માંગો છો ?
(1) ડૉક્ટર ☐ (2) એન્જિનિયર ☐
(3) ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટ ☐ (4) શિક્ષક ☐
(5) વકીલ ☐ (6) કંઈ નક્કી નથી. ☐

**8.** તમારી શૈક્ષણિક આકાંક્ષાઓ જણાવો.
..................................................
..................................................
..................................................

**9.** તમે શૈક્ષણિક આકાંક્ષાઓ પૂર્ણ કરવા કોઈનો સહકાર લેશો ? (1) હા ☐ (2) ના ☐
જો 'હા' હોય તો કોનો ?
..................................................

**10.** આપનાં વિશેષ સૂચનો જણાવો.
..................................................
..................................................
..................................................

● ● ●